શ્રી ગણેશાય નમઃ

શ્રી હાટકેશામ્બિકાભ્યામ નમઃ

*આ નો ભદ્રાઃ ક્રત્વો યન્તુ વિશ્વતઃ*

(અમને સર્વ દિશાઓથી ઉત્તમ વિચારો પ્રાપ્ત થાઓ.)

શ્રી વડનગરા નાગર મંડળ - મુંબઈનું મુખપત્ર

# નાગરમંજૂષા

ગણેશચતુર્થી
૨૦૨૬



જૂન, ૨૦૨૬માં
લઘુકથા સ્પર્ધા માટે મળેલી
કૃતિઓનો વિશેષાંક

For private circulation

‘નાગર મંજૂષા’ પ્રગટ કરવા થતા ખર્ચને પહોંચી વળવા સ્થાનસમર્પણ યોજના શરુ કરી છે. એના ભાગરૂપે સ્વજનની સ્મૃતિ કાયમ રાખવા, મિત્ર કે કુટુંબીજનને જન્મદિવસ/લગ્નદિવસની શુભેચ્છા પાઠવવા તેમજ કોઈ સિદ્ધી સફળતા મેળવવા બદલનો હરખ વ્યક્ત કરવા પાનાની નીચેના હિસ્સામાં નોંધ મૂકાશે. ઉપરના ભાગમાં જીવનને સુરભિત કરી દે એવાં વિચાર-મોતીઓ, ગદ્યખંડ કે કાવ્યપંક્તિ મૂકાશે. વડનગરા નાગર સમાજની કલા, સાહિત્ય અને સંસ્કારપ્રીતિનું પ્રતિબિંબ એમાં ઝિલાશે. એ માટે અનુદાન નીચે મુજબ રહેશે.

બીજું કવર પેજ (રંગીન) રૂા. ૪૦૦૦
ત્રીજું કવર પેજ (રંગીન) રૂા. ૪૦૦૦
છેલ્લું કવર પેજ (રંગીન) રૂા. ૫૦૦૦
અંદરના પાના (બ્લેક એન્ડ વ્હાઇટ) રૂા. ૩૦૦૦

યોજનાનો લાભ લેવા તંત્રીઓ શ્રીમતી દીના વછરાજાની અને શ્રીમતી વારિણી ત્રિવેદીનો સંપર્ક કરવો.

રજી. ઓ. : એ/૫૮, મણિનાગર નિવાસ, પન્નાલાલ ટેરેસીસ,
ગ્રાન્ટ રોડ (પૂર્વ), મુંબઇ - ૪૦૦૦૦૭
website : www.shrivadnagaranagar.org

શ્રી વડનગરા નાગર મંડળ - મુંબઈનું મુખપત્ર
# નાગર મંજૂષા
મે ૨૦૨૬

*आनो भद्राः क्रत्वो यन्तु विश्वतः*
(અમને સર્વ દિશાએથી ઉત્તમ વિચારો પ્રાપ્ત થાઓ.)

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૦૧ | તંત્રી સ્થાનેથી | | ૦૨ |
| ૦૨ | રખેવાળ | અમી યાજ્ઞિક | ૦૩ |
| ૦૩ | તર્પણ | અર્ચિતા ત્રિવેદી | ૦૪ |
| ૦૪ | વાહ રે અવનિ | અવિનાશ મહેતા | ૦૬ |
| ૦૫ | દોસ્તોની પરબ | બિરેન દીક્ષિત | ૦૮ |
| ૦૬ | "એક પૈ, એક પૈ" અંધ ભિખારી | ગૌરાંગ જોષીપુરા | ૧૦ |
| ૦૭ | "પતિ મટીને પુત્ર" | ચિરંતન પટ્ટણી | ૧૨ |
| ૦૮ | બોજ | દીના વછરાજાની | ૧૪ |
| ૦૯ | હૂંફ | દિનેશ ધોળકિયા | ૧૬ |
| ૧૦ | જ્ઞાનદીપ | ડૉ. નમન બુચ | ૧૮ |
| ૧૧ | પૂર્ણ કે રિક્ત? | ફાલ્ગુની વસાવડા | ૨૦ |
| ૧૨ | પીડ પરાઈ જાણે રે ! | ગિરીશ બુચ | ૨૨ |
| ૧૩ | સ્મરણીય સફર | જયેશ માંકડ | ૨૩ |
| ૧૪ | અનોખી પ્રેરણા | હંસિની બુચ | ૨૪ |
| ૧૫ | કર્મભક્તિ | હર્ષા માંકડ | ૨૬ |
| ૧૬ | નવી ઉડાન | હીના ધોળકિયા | ૨૮ |
| ૧૭ | આ વર્ષે 'લેટ ગો' | હિતાક્ષી પંડ્યા | ૩૦ |
| ૧૮ | હેપ્પી ન્યુ યીઍર | જય દીક્ષિત | ૩૨ |
| ૧૯ | એક સરનામું એવું..... | જુલી ખરોડ | ૩૪ |
| ૨૦ | પ્રાણી સંગ્રહાલય | કર્દમ યાજ્ઞિક | ૩૬ |
| ૨૧ | સરદાર નીતિ | કિનાર રાણા | ૩૮ |
| ૨૨ | બીજો માળ | કિરણ અંજારિયા | ૪૦ |
| ૨૩ | આંધળો વિશ્વાસ | મધુસુદન સ્વાદિયા | ૪૨ |
| ૨૪ | ગોળધાણા | માનસી વસાવડા | ૪૪ |
| ૨૫ | પ્રવાસ | હેતલ વસાવડા | ૪૬ |
| ૨૬ | 'ઈશ્વરપ્રાણીધાન' – આશરો એક રાત નહીં? | કહાની વસાવડા | ૪૭ |
| ૨૭ | આપકી કસમ | મુકેશ દેસાઈ | ૪૮ |
| ૨૮ | પુનર્જન્મ અને ઋણ | નયના અંજારિયા | ૫૦ |
| ૨૯ | હંગામી સરનામું | નિમિષા મઝુમદાર | ૫૨ |
| ૩૦ | ચેકમેટ | પદ્મજા વસાવડા | ૫૪ |
| ૩૧ | અંતિમ ક્ષણોનો ઉજાસ | પરેશ અંતાણી | ૫૬ |
| ૩૨ | સરનામું | પરેશ જોષીપુરા | ૫૮ |
| ૩૩ | વાત માત્ર ફૂલોની હતી ? | પારૂલ મહેતા | ૬૦ |
| ૩૪ | ભેટ | પ્રદીપ જોષીપુરા | ૬૨ |
| ૩૫ | જૂનું ઘર ખાલી કરતાં | પ્રણાલી દેસાઈ | ૬૪ |
| ૩૬ | ખાલીપો | પ્રણતી આચાર્ય | ૬૬ |
| ૩૭ | હું મને મળી | પ્રેરણા કીર્તિ | ૬૮ |
| ૩૮ | મહેનતનું ફળ | રીટા વૈદ્ય | ૭૦ |
| ૩૯ | અવાજનો સિક્કો | રીટા વૈદ્ય | ૭૨ |
| ૪૦ | આકાશના વાદળ અને ઈન્ટરનેટના ક્લાઉડ વચ્ચેનો સંવાદ | ઋત્વી બુચ | ૭૪ |
| ૪૧ | મૂંઝવણ | ઋતંભરા છાયા | ૭૬ |
| ૪૨ | જનરેશન આલ્ફા અને ફબુની માયાજાળ | સૌરભ વોરા | ૭૮ |
| ૪૩ | વિસામો | શીતલ દેસાઈ | ૮૦ |
| ૪૪ | ધૂવડ | ઊર્જિત યાજ્ઞિક | ૮૨ |
| ૪૫ | રક્તદાન | વિભૂતિ દવે | ૮૪ |

શ્રી વડનગરા નાગર મંડળ - મુંબઈનું મુખપત્ર

# નાગર મંજૂષા

સપ્ટેમ્બર-૨૦૨૬

## તંત્રીસ્થાનેથી

આપ સૌને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે નાગર મંજૂષા દ્વારા યોજાયેલી લઘુકથા (વાર્તા) સ્પર્ધાને આ વખતે ખૂબ બહોળો પ્રતિસાદ મળ્યો હતો. આ સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લેનાર તમામ સ્પર્ધકોનો હૃદયપૂર્વક આભાર. સહુએ જે જહેમત ઉઠાવી છે એને બિરદાવવા ટીમ નાગર મંજૂષાએ લીધેલા નિર્ણય પ્રમાણે નાગર મંજૂષાના આ અંકમાં આ તમામ વાર્તાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આપ સહુ કલમકારોની મહેનતને તો બિરદાવવી જ રહી.

એક ચોખવટ ખાસ કરવાની કે જેમની વાર્તા શબ્દ મર્યાદા પ્રમાણે નહોતી એ વાર્તાઓનો આ અંકમાં સમાવેશ કર્યો નથી.

નાગર મંજૂષાના પ્રથમ અંકનું ૧૯.૯.૨૦૧૨ ને ગણેશ ચતુર્થીને દિવસે લોકાર્પણ થયું કારણ કે એ દિવસે તિથિ પ્રમાણે શ્રી મંડળનો સ્થાપના દિવસ હતો અને ૧૪.૯.૨૦૨૬ ને ગણેશ ચતુર્થીને દિવસે આ અંક આપ સુધી પહોંચશે. ૧૪વર્ષની આ યાત્રા અવિરત ચાલુ રહે એજ મા જગદંબા અને હાટકેશદાદાને પ્રાર્થના. વાચકોના અપાર પ્રેમ અને કલમકારોના સહકારથી જ આ શક્ય બન્યું છે. દિલથી આભાર.

જય હાટકેશ
નેહા યાજ્ઞિક
આમંત્રિત તંત્રી



# રખેવાળ

અમી યાજ્ઞિક

અનુજ ઘરમાં રમતો હતો ત્યાં બારણું જોર જોરથી ખખડ્યું. એની સાથે અનુજ; અનુજના નામની બૂમ સંભળાઈ. અનુજના પપ્પા અકળાઈને બોલ્યા “આ ગામડિયા ક્યારે શીખશે? બેલ દબાવતા જ નથી, બારણું જ ખખડાવે છે.” અનુજ અકળાઈને બોલ્યો “પપ્પા, એ મારો ભાઈબંધ ગબલો છે.” આ બંનેનો વાર્તાલાપ ચાલતો હતો ત્યારે અનુજની મમ્મીએ બારણું ખોલી ગબલાને અંદર બોલાવ્યો. ગબલો મોટેથી બોલ્યો “પેલી આપણી શેરીની ધોળી ખરીને! એણે ચાર ગલૂડિયાંને જન્મ આપ્યો છે. ચાલ તને જોવા લઈ જાઉં.”

એના પપ્પા ગરજ્યા “ના હોં! અનુજ, તારે નથી જવાનું.” અનુજનું મોઢું પડી ગયું. એક મિનિટ પહેલાં એના ચહેરા પર ખુશાલી હતી તેની જગ્યાએ તેની આંખોમાં આંસુ આવી ગયાં. અનુજની મમ્મી ચિડાઈને બોલી, “તમે આ શું કરો છો? છોકરાનું બાળપણ છીનવી લો છો? એને જવા દો. ગબલા, એને સાચવીને લઈ જા પણ કૂતરી અને બચ્ચાંને અડકશો નહી.”

બંને બહાર નીકળ્યા અને ગબલાએ કહ્યું, “અનુજ, તારાં બા ને બાપુ ભણેલાં છે અને પાછાં શહેરમાં રહેલાં છે એટલે એ લોકોને અમારી રીત પ્રમાણે રહેતાં વાર લાગશે એવું મારા બાપુ કહેતા હતા. આ જો ધોળીનાં ગલૂડિયાં. અનુજ ખુશ થઈ ગયો અને કહ્યું, “ગબલા, આ ત્રણ બચ્ચાં કૂદંકૂદી કરે છે ને આ ચોથું બચ્ચું કેમ શાંત બેઠું છે? હું એને રમાડીશ.” ગબલો કહે છે, “એનું નામ શું પાડીશ?” અનુજે તે કાબરચીતરું હોવાથી એનું નામ કાબરુ રાખ્યું. કાબરુ પણ તેની પાસે આવવા લાગ્યું એને પણ અનુજ ગમવા લાગ્યો. અનુજ રોજ એને માટે દૂધ અને રોટલી લાવતો. આમ એની સાથે દોસ્તી થઈ ગઈ.

એક દિવસ ગબલો હાંફતો હાંફતો આવ્યો અને કહ્યું, “તારા કાબરુને પેલા ડાઘિયા કૂતરાએ બહુ બચકાં ભર્યાં છે ને લોહીલુહાણ થઈ ગયું છે.” આ સાંભળી અનુજ ગબલા સાથે ગયો. કાબરુને જોઈ તે રડી પડ્યો અને કહ્યું, “ચાલ, આને ઘેર લઈ જઈએ.” કાબરુની આવી દશા જોઈને અનુજના પપ્પા-મમ્મીએ કાબરુને ડૉક્ટર પાસે લઈ જઈ સારવાર કરાવી. અનુજ અને કાબરુની દોસ્તી જોઈ તેના પપ્પા-મમ્મીએ તેને ઘરમાં રાખવાની હા પાડી. ધીમે ધીમે કાબરુ સાજો થઈ ગયો અને અનુજ અને ગબલા જોડે મસ્તી કરવા લાગ્યું.

# તર્પણ




અર્ચિતા ત્રિવેદી

નંદિનીને અગિયાર વાગતાં પહેલાં તેના નવમા ધોરણના વર્ગમાં પહોંચી જવાનું હતું. ખભે દફતર લટકાવી તૈયાર થઈ ત્યાં મમ્મીની બૂમ સંભળા. “નંદિની સ્કૂલે જતાં સામેના મંદિરની બહાર ગાય ઊભી હોય છે તેને આજે દાદાજીનું શ્રાદ્ધ છે તે જમાડીને જજે.” ઘડિયાળ સામે જોતાં નંદિનીએ કહ્યું, “લાવો આપી દો હું નીકળું છું.” નંદિનીની મમ્મીએ બહાર આવીને ગોગ્રાસનો પડિયો ને દક્ષિણાના પૈસા નંદિનીને આપી દીધા.

નંદિની ઘરની સામેના મંદિરની બહાર ગાય ઊભી હતી ત્યાં પહોંચી ને ગાયને પડિયો ધર્યો અને ગાયવાળીને રોકડા રૂપિયા આપી દીધા. ગાયવાળી બાઈની ભૂખ ઝરતી દૃષ્ટિ કહેતી હતી કે તારા પાંચ રૂપિયાના સિક્કા કરતાં જમવાનાનો પડિયો મને ખાવા આપી દીધો હોય તો કેવું! ગાયને તો સવારથી બીજા ભક્તો તરફથી પેટપૂરણ ખાવાનું મળી ચૂક્યું હતું. તેથી ગાયે પડિયાથી મોં ફેરવી લીધું. નંદિની



તેને મનાવવા તેની આજુબાજુ ડચકારા બોલાવી ગાયનું ધ્યાન દોરવા પ્રયત્ન કરી રહી હતી. શ્રાદ્ધના દિવસોમાં ગાયવાળી સવારના વહેલી ઘેરથી શિરામણ કર્યા વિના તેની ધાવણી દીકરીને લઈ મોકાની જગ્યા જતી ના રહે માટે આવી ગયેલી. તેને સિક્કા કરતાં પડિયામાં વધુ દૃષ્ટિ હોય તે સ્વાભાવિક હતું. નંદિની ગાયને પડિયો જમવા વીનવે ત્યાં તો તેને ગાયવાળીની ધાવણી બાળકીનું રુદન સંભળાયું. ગાયવાળી તેને છાની રાખવા પ્રયત્ન કરતી હતી, પણ બાળકી ભૂખી હોય મચક આપતી નહોતી.

ગાયવાળીએ બાળકીને ધવડાવવા છાતીએ લીધી, પણ માના ભૂખ્યા શરીરમાંથી બાળકીનું ધાવણ ક્યાંથી આવે? બાળકીનું રુદન વધતું ચાલ્યું ને ગાયવાળીના મોઢા પર ભૂખ અને લાચારી સ્પષ્ટ તરવરી રહ્યાં હતાં. એક બાજુ નંદિની તૃપ્ત ગાયને વધુ ખાવા લલચાવે ને આ બાજુ ક્ષુધાતૃષાર્તા માતા ભૂખી બાળકીને ધપધપાવે.

નંદિનીના મનમાં વિચારોનું ધમાસાણ યુદ્ધ મચ્યું. સનાતન ધર્મ પ્રમાણે સમજાવાયું છે કે જો શ્રાદ્ધને દિવસે ગાય જમીને પ્રસન્ન થાય તો જેનું શ્રાદ્ધ હોય તે આત્માને તૃપ્તિ મળે. અહીં ગાયમાતા પહેલેથી તૃપ્ત હોવાથી વધુ પ્રસન્ન થાય તેમ નહોતાં. બાજુમાં જીવતું બાળક છે ને તેની ભૂખી મા છે જે પોતે ભૂખી હોવાથી બાળકીને ધાવણ આપી નથી શકતી. તેને જ આ જમવાનું આપું તો કેવું? મા પૂછશે તો શું કહીશ? ઘેર જઈ માને પૂછી આવું? પણ મમ્મી તો જરા જુનવાણી છે.

**“ગાયવાળીએ બાળકીને ધવડાવવા છાતીએ લીધી, પણ માના ભૂખ્યા શરીરમાંથી બાળકીનું ધાવણ ક્યાંથી આવે?**

તે તો સનાતની પગલે કહેશે, “ના, ના ગાયવાળી ખાય તો કંઈ દાદાજીને થોડું પહોંચે?” આ મૂંઝવણ નંદિનીના મનમાં ચાલતી હતી ત્યાં તો બાળકીના રુદનનો અવાજ ભેંકડામાં બદલાઈ ગયો. ઓતરા ચિતરાના તાપમાં ખુલ્લામાં સવારથી બેઠેલી ગાયવાળી પરસેવે રેબઝેબ હતી ને ઉપરથી પોતાની ભૂખ અને બાળકીની ભૂખનો ભેંકડો સંભાળવાનો. નંદિનીને થયું હવે તેણે પોતે જ અહીં સમય અનુસાર નિર્ણય કરવો પડશે.

નંદિનીના મનનું ધમાસાણ વિચારયુદ્ધે ઝડપી નિર્ણય લીધો. ગોગ્રાસનો પડિયો ગાયવાળી બાઈના હાથમાં મૂકી કહ્યું, “મા તું ખાશે તો જ બાળકીને દૂધ આવશે, તો તું જ ખાવા માંડ.” બે મિનિટ ગાયવાળી નંદિનીને તાકી જ રહી. ત્યાં તો બાળકીના ધાવવાના નિષ્ફળ પ્રયાસોથી બાળકીનો ભેંકડો ઉગ્ર બન્યો. ગાયવાળીએ વધુ વિચાર્યા વિના પડિયો આરોગવા માંડ્યો. પડિયાનું જમી લેતાં ગાયવાળીના મોં પર તૃપ્તિની લહેર આવતાં ઓતરા ચિતરાના તાપના પરસેવા લૂંછવા લાગી ને પાણી લઈ આવેલી તે પીધું ને થોડીવાર માં બાળકીના ધાવવાના બચકારા સંભળાવા લાગ્યા.

નંદિનીને યાદ આવ્યું કે ખભે સ્કૂલે જવાનું દફતર છે ને સ્કૂલનો ટાઈમ થવા આવ્યો છે. બાઈ “રામ રામ” કહીને તેણે પગ ઉપાડ્યા. ઉપરથી ઝરમર વરસાદનાં ટીપાં શરૂ થઈ ગયાં. જાણે દાદાજીને જમવાનું પહોંચી ગયું ને તેમના આશીર્વાદના જ આ ફોરાં છે તેમ નંદિનીને લાગ્યું ને એક ધીમા હાસ્ય સાથે સ્કૂલે જવા માંડી.

# વાહ રે અવનિ




અવિનાશ મહેતા



સવારની ચા પીતાં અવનિએ પૂછ્યું શું વાત છે, તમારો ચહેરો ગુલાબની જેમ ખૂબ ખીલ્યો છે.

અનિકેતઃ હા, મને વહેલી સવારમાં એક વિચાર આવ્યો કે આપણે બધા આવતી વૅકેશનમાં ઇન્ડિયા જઈએ.

વેદાંતઃ હા પપ્પા, મારે તાજમહાલ જોવો છે

વૈભવીઃ અને મારે બનારસી સાડી બનાવતી કંપનીની મુલાકાત લેવી છે.

ડૉક્ટર અનિકેત (ઓર્થોપેડિક સર્જન) અને ડૉક્ટર અવનિ (સાઈકાયટ્રિસ્ટ), બને જર્મનીમાં ઘણા વખતથી સ્થાયી થયાં હતાં.

ફ્રેન્કફર્ટના પોશ વિસ્તારમાં સરસ એપાર્ટમેન્ટમાં રહેતા હતા.

અવનિઃ તો શું પ્લાન કરવો છે?

અનિકેતઃ આ વર્ષમાં બા-બાપુજીની એનિવર્સરી આવે છે અને વેદાંતનો જન્મદિવસ પણ આવે છે, તો ઇન્ડિયાના હિલ સ્ટેશન પર નજીકનાં સગાંસંબંધીઓ સાથે પ્રસંગ ઊજવીએ.



અવનિ: સરસ, અને સાથે સાથે આગરા, વારાણસી, જયપુર, જોધપુર અને ઉદયપુરની ટૂર પણ ગોઠવીએ.

અનિકેત: હું હમણાં જ બા-બાપુજીને ફોન કરી બધી હકીકત જણાવી દઉં છું.

અનિકેત ફોન પર પ્લાન સમજાવી દે છે.

બા-બાપુજી (સ્પીકર ફોનથી) અમે ખૂબ જ રાજી થયાં છીએ, જરૂર આવો.

અનિકેત અને અવનિએ હિમાલયના એક સૌંદર્યવાન હિલ સ્ટેશનના ભવ્ય પંચતારક રિસોર્ટમાં ૩૦ રૂમ બુક કરાવ્યા.

જર્મનીથી ઇન્ડિયાની ફલાઈટ બુક કરાવી. બધાં સગાંસંબંધીઓને આમંત્રણ, બધી વિગતો સાથે મોકલાવ્યાં.

જોતજોતાંમાં પ્રસંગની તારીખ આવી અને અમે દિલ્હી પહોંચ્યાં, બા-બાપુજી અને બધાં સગાંસંબંધીઓ પણ દિલ્હી આવી પહોંચ્યાં.

બધા સાથે ૨ લકઝરી વોલ્વોમાં રિસોર્ટ પહોંચ્યા.

આજે પહેલો દિવસ સૌએ મોલમાં ફરવામાં કાઢ્યો.

બીજા દિવસે સાંજે બા-બાપુજી અને વેદાંતનું સેલિબ્રેશન હતું.

પહેલા દિવસે રાત્રે કે બીજા દિવસે સવારે મામાજી અને ફુઆજી વચ્ચે કોઈ કારણસર તકરાર થઈ અને એને લીધે પ્રસંગમાં હાજર નહિ રહેવાનું બંને પક્ષે નક્કી કર્યું.

આ વાતની ખબર અનિકેતને મળતાં દુ:ખ તો થયું, પણ વધારે ચિંતા એ થઈ કે, આ વાતની ખબર જો બાપુજી ને મળશે તો ભારે હંગામો થશે. બાપુજીનો સ્વભાવ બહુ ક્રોધિત. અનિકેતે અવનિ ને વાત કરી.

**“ આ વાતની ખબર અનિકેતને મળતાં દુ:ખ તો થયું, પણ વધારે ચિંતા એ થઈ કે, આ વાતની ખબર જો બાપુજી ને મળશે તો ભારે હંગામો થશે. બાપુજીનો સ્વભાવ બહુ ક્રોધિત. અનિકેતે અવનિ ને વાત કરી.**

અવનિ: તમે જરાય ચિંતા ન કરતાં, હુ સંભાળી લઈશ.

પ્રસંગના ટાઈમે અનિકેત બા-બાપુજી સાથે બેનકવેટ હોલમાં આવ્યા.

પણ આ શું હોલમાં બીજા કોઈ નહિ.

બાપુજીએ પૂછ્યું કે કેમ કોઈ દેખાતું નથી.

અનિકેત: ટાઈમમાં ફેરફાર કર્યો છે, એટલે બધા મોડા આવશે.

અડધા કલાક પછી એક પછી એક આવવા લાગ્યા.

અનિકેતને નવાઈ લાગી, પણ બધાનું સ્વાગત કર્યું.

ત્યાર પછી નક્કી કરેલી આઈટમો એક પછી એક રજૂ થતી ગઈ, ભાષણો, યાદગાર પ્રસંગો, રાસ-ગરબાની જમાવટ, કેક કટિંગ, રિંગ સેરેમની, હારતોરા છેલ્લે મ્યુઝિકલ હાઉસીમાં આનંદ કરીને સ્વાદિષ્ટ ભોજન લઈ ને સૌ છૂટા પડ્યા.

રાત્રે અનિકેતે અવનિને ગળે લગાડતાં કહ્યું વાહ રે અવનિ

(લંચ ટાઈમ વખતે અવનિએ સૌ સાથે વાત કરી, સમજાવટથી સૌને પ્રસંગ સરસ ઉકેલાય જાય એ માટે સૌને એક કર્યા અને પ્રસંગ કોઈ પણ ધમાલ વગર સરસ રીતે ઊજવાયો - ધન્ય છે કુટુંબની વહુને જેણે કુટુંબની લાજ રાખી - વાહ રે અવનિ)

# દોસ્તોની પરબ




બિરેન દીક્ષિત

વેદાંશ થોડો વિચારમગ્ન હતો આજે. એ આજે જ એના મામાના ઘેરથી, અમદાવાદની ગરમ મોસમમાં પાછો આવ્યો હતો. આજથી પાછું વૅકેશનનું લેસન પણ કરવાનું હતું. પહેલા ક્યા વિષયનું લેસન પતાવું એમ વિચારતો હતો ત્યાં જ રસોડામાંથી મમ્મીની બૂમ પડી.

“વેદાંશ, ભણવા બેઠો કે નહિ? જો એક વાત યાદ રાખજે, હવે વૅકેશન પૂરી થઈ ગઈ છે. વડનગર મામાને ત્યાં ખૂબ રખડી લીધું, રમી લીધું, તારી દીદી સાથે, નાના સાથે, ચલો ભણવા બેસો. નહીં તો સાંજે નીચે ક્રિકેટ રમવા નહીં મળે હોં.”

વેદાંશ તરત જ સ્કૂલનું લેસન કરવા બેસી ગયો. એને ગુજરાતી વિષય વધારે ગમતો એટલે એણે એનું એસાઈન્મેન્ટ કાઢ્યું. એમાં એક નિબંધ લખવાનો હતો. તમે વૅકેશનમાં જે નવા સ્થળની



મુલાકાત લીધી હોય તેના પાર નાનો નિબંધ લખો. વેદાંશ તો ખુશ થઈ ગયો. એણે આ વખતે વેકેશનમાં વડનગરમાં ખૂબ મઝા કરી હતી. નાના સાથે ખૂબ ફર્યો હતો. વડનગરનું મ્યુઝિયમ, શર્મિષ્ઠા તળાવ, તોરણ, હાટકેશ્વર મહાદેવ બધું એને યાદ હતું એણે ફટાફટ બધું લખવા માંડ્યું.

લખતાં લખતાં વિચાર આવવા માંડ્યા, નાના સાથે કેવી મઝા પડતી? રોજ સાંજે ફરવા લઈ જતા, શર્મિષ્ઠા તળાવની પાળે બેસીને એમણે સંભળાવેલી તાનારીરી, અકબર અને તાનસેનની વાત તો એને ખૂબ ગમેલી. એક દિવસ સાંજે જ્યારે વડનગર હાટકેશ્વરની સાંજની આરતી માટે ગયા હતા એ પ્રસંગ એને યાદ આવ્યો. વેદાંશ અને દિપાલી દીદી એ દિવસે ખૂબ રમ્યાં હતાં મંદિરના મોટા પ્રાંગણમાં, એમની પાણીની બોટલ ખાલી થઈ ગઈ હતી એટલે દોડતાં દોડતાં નાના પાસે પહોંચ્યા, નાના પાણી પીવું છે, કૅન્ટીનમાંથી બોટલ અપાવોને. નાના એમને ત્યાં જ આવેલ ઑફિસમાં મૂકેલ કુલર પાસે લઈ ગયા અને પાણી ભરી આપ્યું. વેદાંશને સખત નવાઈ લાગી "નાના આ પાણી પીવાય?" નાનાએ એને સમજાવ્યું કે કુલર પર ફિલ્ટર છે અને ખૂબ ચોખ્ખું પીવાલાયક પાણી આવે છે.

**નાના સાથે કેવી મઝા પડતી? રોજ સાંજે ફરવા લઈ જતા, શર્મિષ્ઠા તળાવની પાળે બેસીને એમણે સંભળાવેલી તાનારીરી, અકબર અને તાનસેનની વાત તો એને ખૂબ ગમેલી.**

તે દિવસે નાનાએ એને પહેલાંના વખતમાં લોકો આવી પરબો બંધાવતાં હતાં. પાણી કૂવામાંથી કાઢી અને આવી પરબોમાં ગામના ચોરા પર, ગામના રસ્તાઓ પર, બધે પાણી ભરી રાખતા જેથી વટેમાર્ગુઓ શાંતિથી પાણી પી શકે. આમ કરવાથી, આવી રીતે પાણી પાવાથી ખૂબ આશીર્વાદ મળે એ વાત એને નાનાએ સમજાવી હતી.

લેસન પતાવી અને બપોરે આરામ કરી વેદાંશ નીચે દોસ્તો સાથે ક્રિકેટ રમવા ગયો. એમના ફ્લેટ બેઠા ઘાટના હતા અને દરવાજા ઉપર ચોકીદાર બેસતો. આજે એના મમ્મી સાંજે બહાર ગયાં હતાં એટલે બારણું અટકાવીને ગયાં હતાં. વેદાંશના બધા ભાઈબંધોને તરસ લાગી એટલે ટોળું ગયું વેદાંશને ત્યાં અને બધાએ પેટ ભરીને પાણીપીધું.

સાંજે પપ્પા ઑફિસથી આવ્યા તો માટલું ખાલી! એમને ફ્રિજનું પાણી ગમતું નહીં, એટલે એમણે તપાસ કરી તો વેદાંશનું પરાક્રમ સામે આવ્યું કે એમના દોસ્તોની ટોળી પાણી પી ગઈ છે!

પપ્પાએ વેદાંશને પાસે બેસાડીને શાબાશી આપી કે તેં આ ખૂબ સારું કામ કર્યું છે અને તારા અને તારા દોસ્તો માટે હું કાલે સવારે તને નવું માટલું લાવી આપીશ અને એને આપણે નામ આપીશું "દોસ્તોની પરબ"

વેદાંશની આંખ ભીની થઈ ગઈ અને પપ્પાને વળગી પડ્યો.

# “એક પૈ, એક પૈ” અંધ ભિખારી

ગૌરાંગ જોષીપુરા

એક વૃદ્ધ અંધ ભિખારી દરરોજ એક રહેણાક ઇમારતના દરવાજા બહાર બેસીને ભિક્ષા માંગતો હતો. જ્યારે પણ તેને પસાર થતા લોકોનાં પગલાંનો અવાજ સંભળાતો, ત્યારે તે પૈસા માટે વિનંતી કરતો: “એક પૈ, એક પૈ, એક પૈ... એક આના દે માઈ-બાપ.” તે આખો દિવસ આ શબ્દો અસંખ્ય વાર દોહરાવતો. આસપાસના લોકોએ તો તેનું ઉપનામ પણ “એક પૈ” રાખી દીધું હતું.

તે હંમેશાં પોતાની સાથે પાણીની એક બોટલ રાખતો અને તરસ લાગે ત્યારે પાણી પીતો. ભારે વરસાદ અથવા અસહ્ય ગરમી સિવાય તે દરરોજ ત્યાં જોવા મળતો. પસાર થતા લોકો ક્યારેક તેને પૈસા આપતા. તેની દિનચર્યા નિશ્ચિત હતી: સવારે ૭ વાગ્યાથી બપોરે ૧ વાગ્યા સુધી અને પછી સાંજે ૫ વાગ્યાથી રાત્રે આઠ વાગ્યા સુધી. બપોરે ૧થી સાંજે ૫ વાગ્યા સુધી તે આરામ કરતો.

એક દિવસ મુંબઈના એક અગ્રણી અંગ્રેજી અખબારના પત્રકારની નજર તેના પર પડી. શરૂઆતમાં તેણે ખાસ ધ્યાન આપ્યું નહીં, પરંતુ ભિખારીને નિયમિત રીતે જોઈને તેની ઉત્સુકતા વધી. તેને લાગ્યું કે કદાચ અહીં કોઈ વાર્તા લખવા જેવી બનશે. થોડા સમય પછી તેણે અંધ ભિખારીનું નિરીક્ષણ શરૂ કર્યું. વિરામ દરમિયાન ભિખારી નજીકની ઝૂંપડીમાં આશરો લેતો હતો.

અંધ ભિખારી દરરોજ એક યુવાન દ્વારા ચલાવવામાં આવતા સ્કૂટર પર આવતો હતો. તે યુવાન તેનો પુત્ર હતો. પુત્ર તેને તેની નિશ્ચિત જગ્યાએ ઉતારતો, પાણીની બોટલ અને ચાનો થર્મોસ આપતો, તેને આરામથી બેસાડતો અને પછી ચાલ્યો જતો. બપોરે ૧ વાગ્યે તે પાછો આવી તેને ઘરે લઈ જતો. તેવી જ રીતે, સાંજે ૫ વાગ્યે તેને ફરી ત્યાં લાવતો અને રાત્રે આઠ વાગ્યે પાછો લઈ જતો. આ તેમનો રોજનો નિયમ હતો.

પત્રકારની ઉત્સુકતા વધી. એક સાંજે તેણે સ્કૂટર પર જતા પિતા-પુત્રનો પીછો કર્યો. તેઓ ભિખારીની જગ્યાથી થોડા કિલોમીટર દૂર



આવેલા એક નાનકડા પરંતુ સ્વચ્છ ઘરમાં પહોંચ્યા. પત્રકારે શાંતિથી બારીમાંથી અંદર જોયું કે આગળ શું થાય છે.

તેણે જોયું કે પુત્રવધૂએ ભિખારીની થેલીમાંથી ભિક્ષાનું વાસણ કાઢ્યું, તેમાં એકત્ર થયેલા પૈસા ગણ્યા, એક દરાજ ખોલીને પૈસા તેમાં મૂકી દીધા અને ફરીથી તાળું મારી દીધું.

પછી તેણે ભિખારીને બે રોટલી, એક ડુંગળી, બે લીલાં મરચાં અને એક ગ્લાસ પાણી સાથે ભોજન પીરસ્યું. અંધ ભિખારીને ખૂબ ભૂખ લાગી હતી. તેણે ઉતાવળમાં ભોજન ખાધું અને વધુ ખાવાનું માંગ્યું. પુત્ર તેના પર બૂમો પાડીને બોલ્યો કે જો વધુ ખાવું હોય તો વધુ પૈસા ભેગા કરીને લાવે. વૃદ્ધ શાંતિથી ઊભો થયો અને સૂવા ચાલ્યો ગયો.

પત્રકાર ઇચ્છતો હતો કે દિવસના બીજા ભાગમાં પણ તેની સાથે કેવો વ્યવહાર થાય છે તે જાણે, તેથી તેણે બીજા દિવસે પણ નિરીક્ષણ ચાલુ રાખ્યું. સ્થિતિ એ જ હતી. ત્યાર બાદ તેણે પુત્ર અને પુત્રવધૂની જાણ બહાર પાડોશીઓ સાથે ગુપ્ત રીતે વાતચીત શરૂ કરી.

તે જાણીને આશ્ચર્યચકિત થઈ ગયો કે પુત્ર એક કંપનીમાં ક્લાર્ક તરીકે કામ કરતો હતો અને તેને બહુ ઓછો પગાર મળતો હતો, જે પરિવાર ચલાવવા માટે પૂરતો નહોતો. તેથી તે પોતાના અંધ પિતાને ભિક્ષા માંગવા માટે મજબૂર કરતો હતો. વૃદ્ધ પાસે પુત્રની આજ્ઞા માનવા સિવાય બીજો કોઈ વિકલ્પ નહોતો. પુત્ર અને પુત્રવધૂ તેની સાથે ખૂબ ખરાબ વર્તન કરતાં હતાં, જાણે કે તે તેમના માટે બોજ હોય.

અંધ ભિખારીની પત્નીનું ઘણાં વર્ષો પહેલાં અવસાન થઈ ગયું હતું. એક વખત નિર્જન રસ્તા પર ચાલતી વખતે એક વાહનની ટક્કર લાગવાથી તે અંધ બની ગયો હતો. તે હિટ-એન્ડ-રનનો કેસ હતો.

અકસ્માત પહેલાં અંધ ભિખારી એક ઑફિસમાં ચોકીદાર તરીકે કામ કરતો હતો. નિવૃત્તિ પછી તેને મળેલી બધી રકમ તેના પુત્રે લઈ લીધી હતી. ક્યારેક દયાળુ પાડોશીઓ તેને ખાવાનું અને જૂનાં કપડાં આપતા. જ્યારે પુત્ર કપડાં વિશે પૂછતો, ત્યારે વૃદ્ધ જૂઠું બોલીને કહેતો કે કોઈ રાહદારીએ દયા કરીને આપ્યાં છે.

પત્રકાર અંધ ભિખારીની પરિસ્થિતિ અને તેના પુત્ર તથા પુત્રવધૂ દ્વારા કરવામાં આવતા ક્રૂર વર્તનથી ખૂબ દુ:ખી થયો. તેણે તેને મદદ કરવાનો નિર્ણય લીધો.

પત્રકારે અંધ ભિખારી વિશે એક લેખ લખ્યો અને કોઈ નામ કે સ્થળનો ઉલ્લેખ કર્યા વગર તેને અખબારમાં પ્રકાશિત કરાવ્યો. લેખ પ્રકાશિત થયાના બીજા જ દિવસે સંપાદકની કચેરીમાં વાચકોના અનેક ફોન આવવા લાગ્યા. તેઓ પૂછતા હતા કે તેઓ ભિખારીને કેવી રીતે મદદ કરી શકે. સંપાદકે ભિખારીની ઓળખ જાહેર કરવાની ના પાડી, પરંતુ એટલું જરૂર જણાવ્યું કે આ વાર્તા એક સત્ય ઘટના પર આધારિત હતી.

ટૂંક સમયમાં વાચકો તરફથી મદદ મળવા લાગી. ભિખારી જ્યાં બેસતો હતો તે વિસ્તારના લોકોએ પણ પૈસા, કપડાં અને અન્ય જરૂરી વસ્તુઓનું દાન આપ્યું.

પહેલ કરીને પત્રકારે બધું દાન એકત્ર કર્યું અને એક પોલીસકર્મી સાથે અંધ ભિખારીના ઘરે પહોંચ્યો. એકત્ર થયેલી તમામ વસ્તુઓ અને રકમ વૃદ્ધને સોંપવામાં આવી. પોલીસકર્મીએ પુત્ર અને પુત્રવધૂને ચેતવણી આપી કે આ પૈસા પિતાના કલ્યાણ માટે જ વપરાવા જોઈએ. તેણે એમ પણ કહ્યું કે જો પોલીસને ખબર પડશે કે તેઓ હજુ પણ તેને ભિક્ષા માંગવા માટે મજબૂર કરે છે અથવા તેની સાથે ખરાબ વર્તન કરે છે, તો તેમને જેલમાં મોકલી દેવામાં આવશે.

અંધ ભિખારીએ દાતાઓ, પત્રકાર અને પોલીસકર્મીનો આભાર માન્યો. તેમની મદદ વગર તે કદાચ આખી જિંદગી દુ:ખદ પરિસ્થિતિમાં જીવતો હોત. તે દિવસથી પુત્ર અને તેની પત્નીએ તેની સાથે દયાળુ વર્તન કરવાનું શરૂ કર્યું.

પત્રકારને સંતોષ થયો કે તેણે એક સારું કાર્ય કર્યું અને અંધ ભિખારીને શાંતિપૂર્ણ નિવૃત્ત જીવન જીવવામાં મદદ કરી.

# “પતિ મટીને પુત્ર”



## ચિરંતન પટ્ટણી

પતિ શ્રેણિકનાં સ્મરણોમાં ખોવાયેલી યુવા પ્રણિતી હજી બત્તી બંધ કરીને પોતાની પથારીમાં સૂવા જઈ રહી હતી ત્યાં તો તેણીના હતાશ હાથને કોઈનો સ્પર્શ થયો. પ્રણિતી ઝબકી ગઈ અને એ વાદળ જેવી અસ્પષ્ટ આકૃતિને જોતાં જ સ્તબ્ધ બની ગઈ. તેણીથી ગભરાયેલા સ્વરમાં બોલાઈ ગયું,

“શ્રેણિક.....! તમે....! તમે તો આ દુનિયામાં હવે નથી. તમે ક્યાં હતા? હું તમને જરા પણ ભૂલી નથી.”

મૃદુલ સ્વરમાં એ આછી આકૃતિએ જવાબ આપ્યો,

“મારી વહાલી પ્રણિતી...! હું પણ તને હજી એટલો જ ચાહું છું. એટલે જ તો હું તને આટલે દૂરથી મળવા આવ્યો છું. હું ફરીથી તારી પાસે આવીશ અને તારી જ સાથે કાયમ રહીશ.”

પ્રણિતીએ રડમસ અવાજમાં ધ્રૂસકું લેતાં ઉત્તર આપ્યો,

“શ્રેણિક....! તું તો જાણે છે કે હવે એ શક્ય નથી. તારી પાસે સ્થૂળ

શરીર જ નથી.''

"હું હવે તારી કોખે પતિ મટીને પુત્ર રૂપે આવીશ.''

પ્રણિતી અકળાતાં બોલી, "શ્રેણિક...! તું શું બોલે છે એનું તને કંઈ ભાન છે કે નહિ? આપણા ત્રણ જ મહિનાના લગ્નજીવનમાં હું ગર્ભવતી નથી થઈ તો હવે લેખને મેખ કેમ કરી શકાય?"

પેલી આકૃતિએ ફરી ધીમા અવાજે પ્રણિતીને ચોંકાવનારો જવાબ આપ્યો,

"પ્રણિતી....! તારે તાત્કાલિક બીજાં લગ્ન કરવાં પડશે. આપણે એકમેકને ભૂલી શકતાં નથી. આપણી પ્રીત બાળપણથી હતી અને સદાય રહેશે. ભલે આપણાં કુટુંબીજનો આ લગ્ન માટે તૈયાર ન હતાં અને આપણે એમની ઇચ્છા વિરુદ્ધ લગ્ન કર્યાં. મારો જીવ પણ તારામાં જ અટવાયો છે.''

પ્રણિતી પલંગ પર બેસીને રડવા લાગી અને થોડીવારે બોલી, "તને ખબર છે કે હું બીજાં લગ્ન નહિ કરું. શું તું મારા પ્રેમની પરીક્ષા કરે છે?''

**પ્રણિતી પલંગ પર બેસીને રડવા લાગી અને થોડીવારે બોલી, ''તને ખબર છે કે હું બીજાં લગ્ન નહિ કરું. શું તું મારા પ્રેમની પરીક્ષા કરે છે?''**

"પ્રણિતી...! આમ મારા વિરહમાં તું ખાતી-પીતી નથી અને નિરાશામાં દરેક પળ ગાળે છે એ મારાથી પણ જોવાતું નથી. મેં નક્કી કર્યું છે કે હું તારી પાસે આવીશ અને તારો પ્રેમ પાછો મેળવીશ, પછી ભલેને એ પ્રેમ પતિ-પત્નીનો ન હોય, પરંતુ એ પ્રેમ અને લાગણી વધુ પ્રબળ હશે કારણ કે આ જીવનમાં માતાથી વિશેષ બાળકને નિર્દોષ પ્રેમ કોણ કરી શકે? આપણો પ્રેમ તો હૃદયથી જ હતો, નહિ કે વાસનાથી, એ તો તું જાણે છે ને...?''

પ્રણિતી પથારીમાં માથું ઊંધું રાખીને ઉત્તર આપ્યા વગર ગમગીન બની ગઈ અને તેણીને ક્યારે નિદ્રાદેવીએ વશમાં કરી લીધી એ તેણીને ખબર જ ન પડી.

બીજી બપોરે પ્રણિતીનાં માતાપિતા તેણીને ઘરે આવ્યાં અને તેણીને ખૂબ જ આશ્વાસન સાથે ઠપકો આપતાં જણાવ્યું,

"બેટા... પ્રણિતી...! અમારી ઇચ્છા વિરુદ્ધ તે પ્રેમલગ્ન કરીને છેવટે શું મેળવ્યું? હજી તું તો યુવા વયની છે અને તારી પાસે આખી જિંદગી પડી છે. આ તો પાડોશમાં પેલો શ્રેણિકના ખાસ મિત્ર સુકેતુએ અમને જાણ કરી કે તે ખાવા-પીવાનું સાવ છોડી દીધું છે અને આખો દિવસ રડ્યાં જ કરે છે એટલે અમે માબાપ દોડીને તારી પાસે આવ્યાં છીએ.''

એ જ સમયે ત્યાં સુકેતુએ પગલાં મૂક્યાં અને પ્રણિતીનાં માતાપિતાને પગે લાગ્યો. આમ પ્રણિતીનાં માતાપિતા પણ મોટી ઉંમરનાં હતાં અને સુકેતુએ ધીમે ધીમે એમનું મન જીતી લીધું એટલે પ્રણિતીનાં લગ્ન સુકેતુ સાથે સાદાઈથી કર્યાં.

પ્રણિતીને શ્રેણિક દરરોજ સ્વપ્નમાં આવવા લાગ્યો. પ્રણિતીને પણ આ ગર્ભ બહુ જ વહાલો લાગતો થયો.

એક વર્ષમાં પ્રણિતીએ પ્રસૂતિગૃહમાં પ્રવેશ કર્યો અને સુંદર પુત્રને જન્મ આપ્યો.

પ્રણિતીએ એ પુત્રનું નામ શ્રેણિક જ રાખ્યું. હવે પતિ તરીકે નહિ પણ પુત્ર તરીકે નિર્દોષ માતૃત્વથી શ્રેણિકને વધાવી લીધો.

# બોજ




દીના વછરાજાની

લિફ્ટ.. મહેશભાઈએ બૂમો પાડતાં કેટલીય વાર લિફ્ટનું બટન દબાવ્યું. કોઈએ દરવાજો ખુલ્લો છોડી દીધો હશે તે લિફ્ટ ન જ આવી. હવે ત્રીજા માળના ઘર સુધી ચઢે જ છૂટકો. ‘હંમેશની જેમ પારૂલે જ લિફ્ટ બરાબર બંધ નહીં કરી હોય. પછી ટાંટિયાતોડ મારે કરવાની ...એ મહારાણી ને શું?’ ડબલ શિફ્ટમાં કામ કરી, એક હાથમાં ડબ્બો અને બીજામાં વધારાના પૈસા કમાવા કરવા પડતાં એકાઉન્ટસનાં કામનાં ચોપડા પકડી ચઢતાં એ મનમાં બબડતા હતા.

ઘર પાસે પહોંચતાં જોયું કે દરવાજા બહાર કેટલાય લોકો ટોળે વળીને ઊભા હતા. એમને જોઈ સૌ શાંત થઈ ગયા. એમનો જીવ ફફડવા માંડ્યો. એકવાર તો થયું, ‘ભાગી જ જાઉં. જે હશે તે - પારૂલ જ તો સંભાળશે બધું!’ ત્યાં એમને ઉદ્દેશી કોઈ બોલ્યું, “અરે મહેશભાઈ! ક્યારનો તમારો ફોન સ્વિચ ઑફ આવે છે!”



હવે તો આગળ વધવું જ રહ્યું. ધીમેથી ઘરમાં પ્રવેશ્યા.... લાલ સાડી ઓઢી કોઈ જમીન પર સૂતેલું. એ ઉંબરામાં જ જડાઈ ગયા. ‘આ કોણ છે? પારૂલ? ના... આવો શાંત ચહેરો ને બંધ હોઠ તો સાવ અજાણ્યા જ લાગે છે!’ રોજ તો પોતે ઘરમાં પ્રવેશે ત્યારે કાં તો કામવાળી પર રોફ જમાવતી-કે પછી એમના સોળ વર્ષના દીકરાને બૂમો પાડતી અને પોતે કંઈ બોલવા જાય તો, “તમે બાયલા જેવા ચૂપ જ રહો.” કહી પોતાને જ ધમકાવતી, વાવાઝોડા જેવી એ ઘર આખામાં ફરતી હોય.

કોઈકે એમના હાથમાંથી સામાન લઈ જમીન પર બેસાડી દીધા.

‘હવે મારે શું કરવું જોઈએ?’ એ વિચારતા હતા. થોડી ક્ષણો વીતી.... કોઈએ એમનો ખભો થપથપાવી બોલાવ્યા, “મહેશ... મહેશભાઈ...” કોરીધાકોર આંખે એ તાકી રહ્યા. ત્યાં એમનો સાળો બોલ્યો, “હેબતાઈ જ જાયને બિચારા! એમનો આખો સંસાર અમારી પારૂલબહેન સંભાળતી.” વાત તો સાચી હતી. પરણ્યાને અઢાર વરસ થયાં. ઘરનું રાચરચીલું - સગાંસંબંધીના વ્યવહાર - નાણાં ખર્ચ-પુત્રનો ઉછેર એ જ સંભાળતી. હા! એ ખર્ચને પહોંચી વળવા આવક સંભાળવાનું કામ ફકત મહેશભાઈએ સંભાળવું પડતું. એ પણ પાણી વગરનાં - વેતા વગરનાં - જેવાં સરપાવ સાંભળતાં-સાંભળતાં. સૌ કોઈ પારૂલની આવડતનાં વખાણ કરતું. અત્યારે પણ કોઈ બોલ્યું, “મહેશે પાંચે આંગળીએ દેવ પૂજ્યા હશે! તે પારૂલબહેન એમના જીવનમાં આવ્યાં.” મહેશભાઈને

> **ઘર પાસે પહોંચતાં જોયું કે દરવાજા બહાર કેટલાય લોકો ટોળે વળીને ઊભા હતા. એમને જોઈ સૌ શાંત થઈ ગયા.**

પોતાના ગામનાં શિવાલયમાં ઊભેલો પોઠિયો યાદ આવી ગયો. એમને લાગ્યું પોતે પણ એક પોઠિયા બની ગયા છે. પેલો સ્થિર ઊભો છે અને પોતે ફરી રહ્યા છે ગોળ-ગોળ.... પેલો આંખો બંધ કરી સદીઓથી એમ જ ઊભો છે... પોતાને તો બધું એકદમ સ્પષ્ટ દેખાય છે! એમને ચીસો પાડવાની ઇચ્છા થતી હતી.

બીજી સવારે, કોઈક એમનો હાથ પકડી મૃતદેહને ગોળ -ગોળ પ્રદક્ષિણા કરાવી રહ્યું હતું. એમના કાને કોઈની ગુસપુસ પડી, “મહેશે પાછાં લગ્ન કરવાં હોય તો એને સ્મશાનમાં નહીં લઈ જવાનો.” ક્યાંકથી એમના શરીરમાં સ્ફૂર્તિ ઊભરાઈ. મૃતદેહને કાંધ દેવા એ તરત જ પહોંચી ગયા.

સ્મશાન જતાં તડકો ચઢી ગયો હતો. મટકી લઈને ખુલ્લા પગે ચાલ્યા જતા દીકરાને જોઈ એમને દયા આવી. થયું કે એને ચંપલ પહેરવાનું કહે, પણ પછી એક ફડક પેઠી - ક્યાંક પારૂલ બેઠી થઈને બધાની વચમાં એમને કહી ન દે... અક્કલ વગરના, બાયલા. તમે તો ચૂપ જ રહો.

અચાનક એમને નનામીનો-પારૂલનો બોજ લાગવા માંડ્યો. થયું કે હવે એક ડગલું પણ નહીં ચલાય... મન મક્કમ કર્યું, એક-એક ડગલું ભારે થતું ગયું. માંડ સ્મશાન પહોંચ્યા. નનામી નીચે ઉતારી. ‘હાશ! મણ મણનો બોજ ઊતર્યો!’ એમને જોરજોરથી હસવાની ઇચ્છા થઈ.... કોઈ પોતાના મનને આરપાર વાંચી તો નથી રહ્યું ને? એક ધ્રાસકા સાથે એમણે આસપાસ નજર ફેરવી. કોઈ ફોનમાં, તો કોઈ ગુસપુસ વાતોમાં વ્યસ્ત હતા. ન જાણે કેમ મહેશભાઈ એ પોક મૂકી!

કોઈક બોલ્યું, “રડવા દો એને.... એનો બોજ હલકો થઈ જશે...”

# હૂંફ




દિનેશ ધોળકિયા



સવારનો હૂંફાળો તડકો કોરીડોરમાંથી આખા મકાનમાં પ્રકાશ ફેલાવી રહ્યો હતો. અત્યારે ૮ વાગ્યા હતા. કર્મચારીઓ હજુ આવવાને વાર હતી. શહેરની નામાંકિત હોટેલ આતિથ્યના રીસેપ્શન કાઉન્ટર પર પીઠ ફેરવીને હોટલનો માલિક, ૨૨ વર્ષનો શ્રેણિક અગરબત્તી લઈને એક ફોટા સામે ઊભો હતો.

એ ગ્રુપ ફોટાને જોઈએ ને ખ્યાલ આવી જતો હતો કે ફોટામાં રહેલી વ્યક્તિઓ હયાત નથી. ફોટામાં ચાર વ્યક્તિઓ હતી. એક શ્રેણિકના પિતાજી, બે એના કાકા અને ચોથી વ્યક્તિ આ જ હોટેલનો એક વખતનો મૅનેજર અને મુખ્ય રસોયો અમૃતભાઈ.

શ્રેણિકનો આ રોજનો ક્રમ હતો. પણ આજે એ થોડો વધુ ભાવવિભોર બની ગયેલો. હજુ આ વાતને પાંચ વર્ષ થયાં હતાં,



પણ ઘટના એટલી અરેરાટીવાળી બની ગયેલી કે આખો સમાજ, બધા કર્મચારી અને કુટુંબીઓ હતપ્રભ બની ગયેલા. શ્રેણિક તો ત્યારે માંડ હજુ ૧૦ ધોરણ પાસ કરી ભવિષ્યનાં સપનાં જોઈ રહ્યો હતો, પણ એને એ ગોઝારો મંગળવાર યાદ હતો.

સાંજના ૫ વાગ્યા હતા. આતિથ્ય હોટેલનું સવારનું સેસન પૂરું થયેલું અને સાંજની તૈયારીમાં બધા લાગેલા હતા. કોઈકે ફરિયાદ કરી "આ પાણી ભરાય જાય છે, ખાળ ભરાયો લાગે છે." તાબડતોબ જાણીતા કર્મીને ભૂગર્ભ ગટર સાફ કરવા બોલાવ્યો. માલિકો સૌજન્યશીલ હતા એટલે કોઈ પણ કર્મચારી કામની ક્યારેય ના ન પાડતો.

ગટર સાફ કરનાર અંદર કચરો કાઢવા ઊતર્યો. થોડો કચરો કાઢ્યો પણ ખરો, અચાનક એનો શ્વાસ રૂંધાવા લાગ્યો. એણે બૂમ પાડી, "મને જલદી બહાર કાઢો!" તરત જ શ્રેણિકના પિતા રમણીકભાઈ સોમૈયા ઝડપથી ભોખાળમાં કર્મીને હાથ દેવા ઊતર્યા, પણ એનો શ્વાસ પણ રૂંધાવા લાગ્યો. એના ગળામાંથી માંડ આવાજ આવ્યો, "બચાવો, હેલ્પ!" પરગજુ અને સંપીલા બીજા બન્ને ભાઈઓ પણ એને બચાવવા અંદર ઊતર્યા, પણ કાળની ગર્તમાં ધકેલાઈ ગયા પછી કોણ બચી શકે!

ગણતરીની ક્ષણોમાં ચારેયના શ્વાસ ગટરમાંથી નીકળેલા કાર્બન મોનોક્સાઈડે ભરખી લીધા. જેનો મોટો દીકરો માંડ ૧૫-૧૬નો હતો

"ગણતરીની ક્ષણોમાં ચારેયના શ્વાસ ગટરમાંથી નીકળેલા કાર્બન મોનોક્સાઈડે ભરખી લીધા.

એ રમણીકભાઈ અને એના બન્ને ભાઈઓને કાળ ભરખી ગયો. કુટુંબ માથે આભ તૂટી પડ્યું. ધીકતો ધંધો કરતી હોટેલના ત્રણેય માલિકોની વસમી વિદાયએ એમાં કામ કરતા ૩૫ કર્મચારીને પણ હલબલાવી નાખ્યા.

અણસમજુ શ્રેણિક શું કરી શકાય એ જ નક્કી કરી શકતો ન હતો. ત્યારે એના ખભા પર એક હૂંફાળો હાથ મુકાયો. "બેટા, ચિંતા ન કરતો. આ હોટેલ આપણે ચાલુ જ રાખશું. અમે એક વર્ષ પગાર વગર કામ કરશું." અમૃતભાઈના આ શબ્દો હતા.

"હું તારા જેવડો હતો ત્યારે મારા પણ પિતાજી રસ્તા અકસ્માતમાં ગુજરી ગયેલા. ત્યારે તારા પિતાજી રમણીકભાઈએ મારા ખભા પર હાથ મૂકી મને હૂંફ આપેલી." આજે મારો વારો છે. તું લાઈનસર ન થા ત્યાં સુધી આ આતિથ્ય હોટેલની જવાબદારી મારી."

આ માત્ર વાતો ન હતી અમૃતભાઈએ જવાબદારી ઉપાડી અને આતિથ્ય હોટેલને શહેરની અગ્રગણ્ય હોટેલ બનાવી.

આજે હાથમાં અગરબત્તી પકડી આતિથ્યનો માલિક શ્રેણિક સોમૈયા, અમૃતભાઈના ફોટા સામે મૂક સંવાદ કરતો હતો. "કાકા, આજે તમે વિદાય લીધીને એક વર્ષ થઈ ગયું. તમારી હૂંફે આજે હું અને આપણી આતિથ્ય અડીખમ ઊભાં છીએ."

# જ્ઞાનદીપ




ડૉ. નમન બુચ



સાક્ષરભૂમિ નડિયાદની ધરતી પર નાગર કુટુંબમાં જન્મેલી એક દીકરી સ્નેહા. પિતા સંસ્કૃતના શિક્ષક તેથી ગળથૂથીમાં જ વિદ્યા વસેલી. સીમમાં જ્યારે પણ પવન ફૂંકાતો, ત્યારે નાની સ્નેહા ધૂળમાં લાકડીથી અક્ષરો ઘૂંટતી. તેણી નાનપણથી જ અદ્ભુત રીતે તેજસ્વી હતી, પણ એની સૌથી મોટી ખાસિયત એની શાંત પ્રકૃતિ હતી. જ્યારે આસપાસનાં બાળકો કિલ્લોલ કરતાં ત્યારે સ્નેહા પુસ્તકોનાં પાનાઓમાં ખોવાયેલી રહેતી. તેના ચહેરા પર હંમેશાં એક અડગ શાંતિ અને આંખોમાં અગમ્ય સપનાં દેખાતાં. તે જાણતી હતી કે શિક્ષણ જ એકમાત્ર એવું હથિયાર છે જે નસીબ બદલી શકે છે.

સ્નેહાનું એક જ લક્ષ્ય હતું. પોતાનું ભણતર પૂરું કરવું અને બાળકો માટે કંઈક કરવું. જેમ-જેમ સમય વીતતો ગયો, તેમ-તેમ સ્નેહાની મહત્ત્વાકાંક્ષા વધુ દૃઢ બનતી ગઈ. શહેરમાં જઈને તેણે ઉચ્ચ શિક્ષણ મેળવ્યું. વક્તૃત્વ સ્પર્ધાઓ હોય કે ગણિતના અઘરા કોયડા, તે પોતાની તીવ્ર બુદ્ધિ પ્રતિભાથી હંમેશાં પ્રથમ આવતી, પણ ક્યારેય અહંકાર તેને સ્પર્શી શક્યો નહીં. તેનું મન હંમેશાં શાંત તળાવ જેવું સ્થિર રહેતું.

કૉલેજ પૂરી થતાં જ તેને શહેરમાં મોટી નોકરીઓની તક મળી, પરંતુ તેની મહત્ત્વાકાંક્ષા પૈસા કમાવાની નહીં, પણ પરિવર્તન લાવવાની હતી. તે પોતાના ગામ નડિયાદ પાછી ફરી. ગામમાં કન્યા કેળવણીનું પ્રમાણ નહિવત્ હતું અને ગરીબ બાળકો માટે ભણવું એક સપનું હતું. સ્નેહાએ નક્કી કર્યું કે તે અહીં પોતાની એક શાળા શરૂ કરશે.

શરૂઆત ખૂબ મુશ્કેલ હતી. લોકો તેની મજાક ઉડાવતા, "એકલી છોકરી વળી શાળા કેવી રીતે ખોલશે?" પણ સ્નેહાએ કોઈની સામે દલીલ ન કરી. તેની શાંતિ જ તેની શક્તિ હતી. તેણે પોતાની બચતના પૈસા ભેગા કર્યા, પિતાની મદદથી ગામમાં એક નાનકડો ઓરડો બનાવ્યો અને પોતે જ ગામનાં બાળકોને બોલાવીને ભણાવવાનું શરૂ કર્યું. શરૂઆતમાં માત્ર પાંચ બાળકો આવ્યાં. સ્નેહા તેમને માત્ર પુસ્તકિયું જ્ઞાન નહીં, પણ જીવન જીવવાની કળા અને સંસ્કાર પણ શીખવતી.

> **"કૉલેજ પૂરી થતાં જ તેને શહેરમાં મોટી નોકરીઓની તક મળી, પરંતુ તેની મહત્ત્વાકાંક્ષા પૈસા કમાવાની નહીં, પણ પરિવર્તન લાવવાની હતી.**

તેની બુદ્ધિમત્તા અને ભણાવવાની અનોખી શૈલીને કારણે ધીમે-ધીમે બાળકોની સંખ્યા વધવા લાગી. સ્નેહાની મહેનત, શાંત ચિત્ત અને દૃઢતા જોઈને ગામના અન્ય લોકો પણ તેની મદદ માટે આગળ આવ્યા. કોઈએ જમીન દાનમાં આપી તો કોઈએ મકાન ચણવામાં મદદ કરી.

આજે વીસ વર્ષ પછી એ નાનકડો ઓરડો 'જ્ઞાનદીપ વિદ્યાલય' નામની એક ભવ્ય શાળામાં ફેરવાઈ ગયો છે. જ્યાં અનેક બાળકો મફત અને ઉત્તમ શિક્ષણ મેળવી રહ્યાં છે. સ્નેહા આજે પણ એ જ શાંત ભાવે શાળાના આંગણામાં ઊભી રહીને બાળકોને રમતાં જુએ છે. એક તેજસ્વી અને શાંત છોકરીએ પોતાની અદમ્ય મહત્ત્વાકાંક્ષા અને દૃઢતાથી લીધેલા નિર્ણયે આખા ગામનું ભવિષ્ય બદલી નાખ્યું હતું. સાહસ, નિષ્ઠા અને ઇચ્છાશક્તિથી ભરેલી વ્યક્તિની મદદે ઈશ્વર હંમેશાં આવે છે. તેથી જ કહેવાય છે કે, "જ્યારે એક સ્ત્રી શિક્ષિત થાય છે, ત્યારે આખો પરિવાર અને આખી પેઢી શિક્ષિત થાય છે."

# પૂર્ણ કે રિક્ત?




ફાલ્ગુની વસાવડા

બરખાના પતિ બીજોયનો સમુદ્રકિનારે આલીશાન બંગલો હતો અને બરખા બાલ્કનીમાં ઊભી ઊભી ‘ઓ સજના! બરખા બહાર આઈ, અખિયોં મેં પ્યાર લાઈ, રસ કી ફુવાર લાઈ...’ મોબાઈલમાં વાગતાં એ ગીતના શબ્દોને મમળાવતી હતી. સમુદ્રનાં મોજાંને ઊછળતાં અને ઘૂઘવતાં જોઈ રહી હતી! એ વિચારતી હતી કે સમુદ્ર ડરાવી રહ્યો છે? કે પોતાના પ્રેમની લાગણીને અભિવ્યક્ત કરી રહ્યો છે? પ્રશ્ન વિચારવા જેવો છે! જેમ સમુદ્રના મહાકાય અસ્તિત્વમાં સરિતાને શોધવી અઘરી છે! બિલકુલ એ જ રીતે પોતે પણ... વધુ ઉદાસીનતા આવે નહીં, એટલે તરત જ સમાધાન કર્યું કે, પોતે ક્યાં સરિતા છે! પોતે તો બરખા છે! એટલે કે વરસાદની હેલી! એનાથી સમુદ્રમાં કેટલું પાણી વધે? સમુદ્રને શું ફેર પડે! અને ન ઇચ્છવા

છતાં એક હાસ્ય છવાઈ ગયું! પણ એને મન મૂકીને બીજોયના જીવનમાં વરસવું હતું, એ એને ખૂબ પ્રેમ કરતી હતી, એટલે તો ઘરનાનો લાખ વિરોધ છતાં એક બંગાળી બાબુ સાથે લગ્ન કર્યાં! પણ લગ્ન પહેલાંનો બીજોય સાવ બદલાઈ ગયો! અને હવે તું પરિણીત છો, આમ કરાય નહીં! તેમ કરાય નહીં! એમ એક પછી એક બેડી રિવાજોને નામે પગમાં પડી ગઈ! અને ક્યારે મીઠાં પાણીથી છલોછલ ભરેલી પૂર્ણ વાદળી રિક્ત થઈ ગઈ એની એને જ ખબર પડી નહીં! એને યાદ પણ નથી કે એ ક્યારે મુક્ત રીતે હસી હતી! પરંતુ તે છતાં બીજોય સમુદ્ર હોત તો તકલીફ નહોતી! બીજોય તો સમુદ્રનો સાવ છીછરો અને કાદવવાળો કિનારો નીકળ્યો!

**"બીજોય સમુદ્ર હોત તો તકલીફ નહોતી! બીજોય તો સમુદ્રનો સાવ છીછરો અને કાદવવાળો કિનારો નીકળ્યો!**

પરંતુ બે-ત્રણ મહિના પછી એને જીવવાનું એક કારણ મળી ગયું! અને એને થયું કે હવે એ વરસી શકશે! ભલે મમતા સ્વરૂપે! પાંચ વર્ષ થયાં એમનાં લગ્નને, બીજોયને શરૂઆતમાં નિજી સંબંધોમાં થોડી કશમકશ થોડું ખેંચાણ અને બરખાનાં રુનાં વાદળી જેવાં અંગોનું આકર્ષણ પણ હતું! પરંતુ એના પેરેન્ટસ આ લગ્નથી ખુશ નહોતાં એટલે, અન્ય બંગાળી યુવતીઓ જાળ બિછાવતી હતી અને બીજોય પણ વિવિધતાનો આદિ થતો જતો હતો, પણ એક દિવસ વરસાદની એ રાત્રે નશામાં એ એની નજીક આવ્યો! પોતે પણ બધી તકલીફો અને શિકાયત ભૂલી એની બાહોંમાં સમાઈ ગઈ! અને પરિણામે પ્રેગ્નન્ટ બની. એણે માર્ક કર્યું કે બીજોય અને એના ઘરનાના વ્યવહારમાં હવે થોડી થોડી નરમાઈ આવતી જતી હતી! અને એ પણ બાળક સાથેનાં સુંદર ભવિષ્યની કલ્પનામાં ખોવાયેલી રહેતી! બીજોય તો હજી પણ રાત રાત બહાર રહેતો હતો, અને શરાબ, સિગારેટ, ડ્રગ્સ કે સાથી સ્ત્રીઓ મિત્રોનાં સ્કેન્ડલથી ખરડાયેલો હતો! એક દિવસ એનો મૂડ સારો હતો, ત્યારે પોતે એની પાસે બેસીને એનો હાથ હાથમાં લઈને બહુ પ્રેમથી કહ્યું કે હવે પાંચ મહિનામાં તો આપણું બાળક જન્મી જશે! હવે તું પણ.. અને બીજોયના મુખની તંગ થતી રેખા જોઈ બરખા બાકીનું વાક્ય ગળી ગઈ! અને ઊઠીને પોતાના રૂમ તરફ આગળ વધી, પણ એ રૂમમાં પહોંચે એ પહેલાં જ બીજોયની રાડ સંભાળાઈ, મને સલાહ આપે છે! બીજોય એ દિવસે શરાબના નશામાં હતો! એટલે એણે કહ્યું કે બાળક કોનું છે? એ હું જાણતો પણ નથી! અને આમ કહી એના પેટ પર બીજોય દ્વારા પગથી પ્રહાર થયો, અને બરખા જમીન પર પેટભર પડી અને થોડીવારમાં લોહીનું ખાબોચિયું.... શરમે ધરમે ડૉક્ટર પાસે લઈ ગયો, અને ડૉક્ટરે કહ્યું કે હવે બરખા ક્યારેય મા નહીં બની શકે! આ શબ્દો સાંભળી બરખાની આંખમાંથી એક આંસુ પડ્યું નહીં! કારણકે એ હવે પૂર્ણ રિક્ત થઈ ગઈ હતી!

# પીડ પરાઈ જાણે રે !

ગિરીશ બુચ

ગરમીના દિવસોમાં બપોરનો સમય બેથી ત્રણ વાગ્યાનો. બપોરના જમ્યા પછી હું રીટાયર્ડ સિનિયર સિટિઝન આરામ કરતો હતો ત્યારે દરવાજાની ડોરબેલ વાગે છે. મોઢામાંથી ઉદ્ગાર નીકળી ગયો કે આ બપોરના આરામના સમયે કોણ આવ્યું? ગુસ્સામાં દરવાજો ખોલ્યો તો સામે મોટી ઉંમરના સાદા પહેરવેશ અને સ્લીપરમાં કુરિયરવાળા ભાઈ ઊભા હતા. એમણે સ્મિત સાથે કીધું કે દાદા, અહીં સહી કરો અને આ કવર લઈ લો.

આ સમયે મને વિચાર આવી ગયો કે મારી બપોરની શાંતિમાં ખલેલ પડી પણ કુરિયરવાળા ભાઈના બપોરના તડકામાં ઘરે ઘરે જઈ ડીલીવરી કરવાનું કપરું કામ પોતાના પરિવારના નિર્વાહ માટે કરતા હશે અને મને કરુણાની લાગણી થઈ કે હું મારી બપોરની આરામદાયક શાંતિનું વિચારું છું જ્યારે આ અજાણી વ્યક્તિ બપોરના તડકામાં પરિશ્રમ કરે છે. આ પરિશ્રમી વ્યક્તિને જોઈને મારી મનની અશાંતિ શાંતિમાં બદલાઈ ગઈ.

વહાલા નરસિંહ મહેતાની પંક્તિઓ યાદ આવી. વૈષ્ણવ જન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે.



# સ્મરણીય સફર

જયેશ માંકડ

આજે જ્યારે સંયુક્ત કુટુંબ અને નાના કુટુંબની પ્રણાલી ચાલી રહી છે. ત્યારની વાત છે.

એકવાર સૌરાષ્ટ્ર મેઈલ મુંબઈ સેન્ટ્રલથી ઊપડે છે અને તેમાં રિઝર્વેશનના કમ્પાર્ટમેન્ટમાં એક વડીલ બેસે છે અને બોરીવલીથી ટ્રેન ઊપડવાની તૈયારીમાં હોય છે ત્યાં એક નવયુવક ફટાફટ તે જ કંપાર્ટમેન્ટમાં દાખલ થાય છે અને તે વડીલની સામેની સીટમાં બેસે છે. બેયની ટિકિટ રાજકોટની હોય છે. રસ્તા માં થોડી વાતો થાય છે. જ્યારે રાજકોટ સ્ટેશન આવે છે ત્યારે એક પ્રૌઢ વ્યક્તિ તેના પિતાશ્રીને લેવા આવે છે. તે વ્યક્તિ વડીલને પગે લાગીને ડબ્બામાંથી ઉતારે છે. ત્યાં પેલા નવયુવકનું ધ્યાન તેના પર પડે છે અને તુરત કહે છે કે પપ્પા તમને કેમ ખબર પડી કે હું આવું છું? ત્યારે તે વ્યક્તિ કહે છે કે હું તો મારા પિતાશ્રીને લેવા આવ્યો છું. ત્યારે તે નવયુવકને ખબર પડે છે કે છેક મુંબઈથી જેની સાથે તે કમાર્ટમેન્ટમાં સાથે આવ્યો તે તેના સગા દાદા હતા.



# અનોખી પ્રેરણા




હંસિની બુચ



સવારના સાડાઆઠ થયા હતા. નાસ્તો બનાવી, ગૅસ ઉપર ચા ચડાવી, હું વિચારે ચડીકે શું કરું? છોડી દઉં? કે પછી........ ચાલુ રાખું? જો છોડી દઈશ તો છૂટી જશે... અને જો ચાલુ રાખીશ તો કઈ રીતે બધું સંભાળીશ? એક બાજુ ઑફિસનું કામ, ક્લાયન્ટના કૉલ્સ, તેમની અપેક્ષાઓ, કામનું ભારણ અને આ બધાની સાથે ઘરનું કામ, બાળકો અને પરિવારની જવાબદારી. છેલ્લા થોડા દિવસોથી એવું લાગ્યા કરતું હતું કે જાણે હું ખેંચાઈ રહું છું. સી.એ. જેવી પ્રોફેશનલ ડિગ્રી લીધા પછી મારી કારકિર્દી માટે હું મહત્ત્વાકાંક્ષી જરૂર હતી, પણ મારા ઘર-પરિવારના ભોગે નહીં અને એટલે જ નોકરી છોડીને એકલે હાથે પ્રૅક્ટિસ કરવાનો નિર્ણય મારો જ હતો, પણ હવે જાણે એક મન કહેતું હતું કે બહુ થયું, જરૂર તો છે નહિ, તો શું કામ



ખેંચાય છે? તારે માથે બીજી પણ જવાબદારીઓ છે. પછી કઈ રીતે બધું સંભાળીશ? તો બીજું મન ધીમા અવાજે કહેતું હતું કે એમ છોડી થોડું દેવાય?

નવ વાગ્યા અને પતિદેવને ઑફિસ વિદાય કરી બારણું બંધ કરવા જતી હતી ત્યાં જ ચિરપરિચિત અવાજે મને અટકાવી "ભાભી..... બારણું ખુલ્લું રાખજો.....!" એ અવાજ હતો લીલાબહેનનો.

લીલાબહેન છેલ્લાં ત્રીસ વર્ષોથી અમારે ઘેર વાસણ માંજવા આવે છે. મેં મારાં સાસુ પાસેથી એમની નિયમિતતા, કામ પ્રત્યેના સમર્પણ અને ચોખ્ખાઈ વિશે ઘણું સાંભળ્યું હતું. એ બાઈ લગભગ નિરક્ષર હોવા છતાં એનો આત્મવિશ્વાસ અનોખો હતો. આડી-અવળી પંચાત નહિ અને દિલ દઈને કામ કરે. એમની એક ખાસિયત. કામ પતાવીને ફ્રિઝનાં ઠંડાં પાણીનો પ્યાલો લઈને એ ખુરશી પર બેસે અને પછી પોતાનાં સુખ-દુઃખની વાતો કરે, જે આપણે સમય કાઢીને સાંભળવાની. આ રોજનો ક્રમ હતો.

રાબેતા મુજબ આજે પણ એમણે જમાવ્યું. સાસુમા બહારગામ ગયાં હોવાથી આજે શ્રોતા બનવાનો મારો વારો હતો. એમણે વાત માંડી, "ત્રીસ વરસ થઈ જ્યા મને અહીં કામ કરતાં, બોલો! સમયને જતાં વાર લાગે છે? મારો લાલો જન્મ્યો એ પહેલાંની અહીં કામ કરું છું. અહીં ઢૂંકડે રહું એટલે ચાલે. મારો લાલો રડે તો કોઈ મને બોલાઈ જાય. દોડીને ઘરે જઉ, એને ખવડાઈને પાછી આઈને કામે ચડી જઉ. મારા હાહુ અને મારો વર તો મને બહુ વઢે, કહે શું કરવાં પારકાં કામ કરે છે? આપણે ક્યાં જરૂર છે? ગલ્લો તો હારો ચાલે છે આપણો, પછી શું છે? પણ ભાભી, આપણે એમ બેસી થોડું રહેવાય? જેટલું થાય એટલું કરીએ. જે બે પૈસા આવે હાથમાં. શું કહેવું ભાભી, બરાબરને?

**એમની એક ખાસિયત.**
**કામ પતાવીને ફ્રિઝનાં ઠંડાં પાણીનો પ્યાલો લઈને એ ખુરશી પર બેસે અને પછી પોતાનાં સુખ-દુઃખની વાતો કરે, જે આપણે સમય કાઢીને સાંભળવાની**

અને મને અંદરથી એક ચમકારો થયો. લીલાબહેનના છેલ્લા વાક્યએ જાણે કોઈ જાદુ જેવું કામ કર્યું. મને થયું કે જો આ નિરક્ષર બાઈ આ રીતે વિચારી શકતી હોય, તો મારે તો મારું કામ છોડવાનો વિચાર ન જ કરવો જોઈએ. મને બહુ નવાઈ લાગી. ઘણી વાર આપણી સામે પરિસ્થિતિ અને વિકલ્પો બહુ સ્પષ્ટ હોવા છતાં આપણું મન નિર્ણય નથી લઈ શકતું. એને જાણે કોઈ પ્રેરણાના ધક્કાની જરૂર હોય છે. ક્યારેક જે કામ મોટાં મોટાં પ્રેરણાદાયી પુસ્તકો કે ભાષણો નથી કરી શકતાં, એ કામ આપણી આસપાસની કોઈ સામાન્ય વ્યક્તિના સ્વાનુભવે કહેવાયેલા શબ્દો કરી જાય છે. આજે મને સમજાઈ ગયું હતું કે જો તમે ગ્રહણ કરવા તૈયાર હો તો અનોખી પ્રેરણા તમને મળી જ રહે છે.

"ભાભી... ભાભી, લો બારણું વાખી દેજો. હવે કાલે!" કહી હસતા મોઢે લીલાબહેને વિદાય લીધી અને હું મારુ લેપટોપ ખોલી ઉત્સાહપૂર્વક એની સામે ગોઠવાઈ ગઈ.

# કર્મભક્તિ




હર્ષા માંકડ



પ્રભાતના પહોરમાં ધૂપ, અગરબત્તી અને દીવાની જયોત સાથે તાજાં ફૂલોની મહેક અને ભક્તિ ભરેલી ધૂન-ભજન એ નિત્યક્રમ સાહીલ-શીતલના જીવનમાં હંમેશાં રહેતો. ઘરનું દિવ્ય-અલૌકિક વાતાવરણ હંમેશાં રાખવા માટે સાહીલ અને શીતલે અનેક સંઘર્ષનો સામનો કરી સંઘર્ષ સાથેનું જીવન અપનાવી સમાધાન સ્વીકારી લીધું હતું.

સાહીલ અને શીતલ એક પ્રાઈવેટ કંપનીમાં ઑફિસર હતાં, ઘણાં વર્ષો ટ્રેનમાં અપ-ડાઉન કરી પોતાના કુટુંબ સાથે આણંદમાં રહેતાં હતાં. બે ભાઈ માતાપિતા અને પોતે બે એમ એક જ ઘરનો નિર્વાહ કરવાને કારે તેઓ બંને સવારે ટ્રેનમાં વડોદરા નોકરી કરવા જતા અને રાતે ઘેર પાછા આવતા. મા-બાપ, ભાઈ-ભાભી હંમેશાં આ યુગલ ઘેર આવે ત્યારે જ બધા સાથે જમતા. રાતે થોડી વાર સાથે બેસી વાતો કરતાં. આખા દિવસનો થાક જાણે કે ઓગળી જતો.

આ પ્રેમાળ કુટુંબ સાથે રહીને હંમેશાં ખુશ રહેતું. એક રજા આવે એમાં બધા આનંદ કરતા. બધી ઋતુઓ બદલાતી પરંતુ ઘરની ઋતુ હંમેશાં ખુશનુમા રહેતી. સાહીલ, શીતલને અપ-ડાઉનમાં ગરમી-ઠંડી અને વરસાદમાં ઘણી મુશ્કેલી પડતી. સવારે છથી રાતના નવ સુધી બહાર હોય. જીવનના તડકા-છાયામાં કેટલીકવાર ટ્રેન વહેલી-મોડી થાય, ક્યારેક પાવર સપ્લાય બંધ થતાં સ્ટેશનથી હાઈ-વે સુધી ચાલીને જવું પડતું, હાઈવેથી બસ, ટ્રક, રિક્ષા જે મળે તેમાં બપોરે ઑફિસ પહોંચતાં અડધા દિવસની રજા પડતી. ક્યારેક વરસાદી તોફાની માહોલમાં ઝાડ ધરાશાયી થતાં તો ટ્રેનો બે-ત્રણ કલાક બંધ રહેતી. રાતે ત્રણ વાગ્યે ઘેર પહોંચતાં. આમ છતાં આ યુગલે ક્યારેય હાર ન માની. બંને વિચારતા કે થોડો સમય કષ્ટ સહન કરી લઈઅને અને સારી કમાણી કરી બચત કરીએ તો આપણું કુટુંબ જલદી ઊંચું આવી જાય. ઘરના હપ્તા ભરાઈ જાય. આપણું કર્મ કરતાં રહીએ - ઈશ્વર આપણી સાથે જ છે અને શક્તિ પણ શ્રીકૃષ્ણ જ આપશે...

"મથુરામાં જન્મ્યા, ગોકુળમાં રમ્યા, વૃંદાવનમાં વરીય, દ્વારકાના બળિયા, તીર ઝીલ્યા તેય ભાલકામાં..." શ્રીકૃષ્ણ ભગવાનને પણ બાળપણથી આટલું કષ્ટ ભોગવવું પડ્યું, જન્મથી દેહાંત સુધી કેટલી જગ્યાએ ફરવું પડ્યું. અસુરી માયાને નષ્ટ કરવા, કર્મ કરવા અનેક સ્વરૂપ બદલ્યાં.

સાહીલના પિતાજી પણ અનન્ય કૃષ્ણભક્ત હતા. તેઓ પોતાનાં કર્મ ક્યારેય ચૂકતા નહીં. રણછોડજીના મંદિરમાં સવારે છ વાગ્યે મંગળા આરતી કરવા જતા. સાંજે મંદિરમાં હાર ગૂંથવા અને ભોગ ધરાવવા માટેનો પ્રસાદનો થાળ બનાવવામાં મદદ કરતા. ઘરમાં પણ લાલજીને ભોગ ધરાવતા, નવાં વાઘાં પહેરાવતા.

સમય પસાર થતો ગયો. ઘરના શાંત વાતાવરણમાં અચાનક દુ:ખનાં વમળની શરૂઆત થઈ. મોટા ભાઈનો અકસ્માત થયો, ભાભી માંદગીમાં મૃત્યુ પામ્યાં. માતાપિતાનો કલ્પાંત અને સાહીલ-શીતલનો ખાલીપો.. હવે કોણ કોને આશ્વાસન આપે?

થોડા દિવસોમાં બધાએ વાસ્તવિકતા સ્વીકારી મન મનાવ્યુંઅને દિમાગને દોડાવ્યું. ચારેય જણા હવે વડોદરામાં એક નાનું ભાડે ઘર લઈ રહેવા આવી ગયાં.

નાગર ગૃહસ્થ માબાપ નરસિંહ મહેતાનાં ભજન ગાય. પાઠ-પૂજા કરે. "ગાય કેદારો ભક્ત તારો - ભીડ પડી છે શામળિયા... ભીડ પડી છે શામળિયા" હવે કુટુંબની જવાબદારી સાહીલ પર આવી ગઈ. ભીડમાં પણ શામળિયાને ભૂલ્યા વિના તેનું સ્મરણ અને કર્મભક્તિને જ પ્રાધાન્ય આપ્યું. "ભક્તિમાં જ શક્તિ મળે છે" એ વિચારને જ જીવનમાં અપનાવ્યો. રાતદિવસ મહેનત કરે, માબાપની સેવા કરી તેઓની બીમારીમાં પણ રાતદિવસ સાર-સંભાળ લીધી. ક્યારેય માબાપને મોટા ભાઈની કમી ન વર્તાય તેનો ખયાલ રાખ્યો.

"કર્મ એ જ ભક્તિ" એ જ શક્તિ આ સૂત્ર સાથે જીવનનૈયા આગળજ ને આગળ હંકારતા રહ્યાં. માતાપિતા પણ સ્વધામ સિધાવ્યાં. પોતાનાં બાળકો મોટાં થતાં ગયાં.

સંઘર્ષમય જીવન સાથે જીવનમાં શાંતિ મેળવવી એ બહુ કપરું છે. આમ છતાં બધા સાથે કુટુંબીજનો સાથે અનુકૂળતા રાખવી અને પ્રેમભર્યું સંતોષી જીવન, હસતા મોઢે રહેવું એ વિચારસરણી સાથે આ યુગલ આજે પણ પોતાની ૭૫ વર્ષની ઉંમરે જીવંત ધબકતું અને કર્મશીલ જીવન જીવે છે. જેવાં નામ તેવાં ગુણ ધરાવતાં શીતળ મન રાખીને એકબીજાંના સાથીદાર બની રહ્યાં છે.

# નવી ઉડાન




હીના ધોળકિયા

"તુમ ગગન કે ચંદ્રમા હો મૈ ધરા કી ધૂલ હું...." એવું સરસ ગીત સ્વરા ગણગણતી હતી. હજુ ગયા અઠવાડિયે જ તેનાં લગ્ન સુકેતુ સાથે સંપ્પન થયાં હતાં. લગ્ન પૂર્વે જોયેલા મધુર સ્વપ્નને આંખોમાં સજાવી નવજીવનને અપનાવી રહી હતી. નાસ્તાની તૈયારી કરતાં, ધીમેથી ગવાયેલા આ ગીતનો મધુર સ્વર બેડ રૂમમાં તૈયાર થઈ રહેલા સુકેતુને કાને પડ્યો.

"વેવલાવેડા શું માંડ્યા છે? મૂંગા મૂંગા નાસ્તાની તૈયારી કરો." સુકેતુ બેડરૂમમાંથી આવીને ઘોઘરા અવાજે બોલ્યો. સ્વરા આંચકો ખાઈ ગઈ. હાથમાં રહેલી નાસ્તાની ડીશ છટકી ગઈ અને પોતાનાં મધુર સ્વપ્નોની જેમ નાસ્તો વેરવિખેર થઇ ગયો.

તેણે યંત્રવત્ નાસ્તો ફરી બનાવ્યો અને ડાયનિંગ ટેબલ પર ઉત્સાહ અને આંનદ વગર ચૂપચાપ સુકેતુ સાથે નાસ્તો કરવા લાગી.



સુકેતુ મક્કમ અને તોછડા સ્વરે બોલ્યો, “જો સ્વરા, મને સંગીત બિલકુલ પસંદ નથી, સંગીતને કારણે જ મારાં માતાપિતા અલગ થયેલાં અને તેનો આઘાત આજ દિવસ સુધી હું ભૂલ્યો નથી. એટલે આ ઘરમાં સંગીત સદંતર વર્જ્ય છે” થોડી સ્વસ્થ થઈ સ્વરાએ પોતાના સંવેદનહીન પતિને ધીમેથી પૂછ્યું, “લગ્ન પૂર્વે મેં મારા સંગીતના શોખ વિષે અને હું વિશારદ છું એ પણ કહ્યું હતું ને?” ત્યારે તમે આવો પ્રતિભાવ નહોતો આપેલો”

નફ્ફટ અને ખંધા ચહેરે સુકેતુ સ્વરા સામે જોઈ રહ્યો. એના ચહેરા ઉપરથી મહોરું ઊતરી ગયું. એણે લુચ્ચાઈભર્યા સ્મિતના સહારે કહ્યું, “એ વખતે તો તારા રૂપની સામે વિવશ હતો અને તને પામવી એ એક જ ત્યારે નિશ્ચય હતો. તારા જેવી ખૂબસૂરત ચીજનો માલિક બનવાનું ગુમાન હતું એટલે એ વખતે ચોખવટ કરી તને ગુમાવવા નહોતો માંગતો, પણ ટૂંકમાં મારા ઘરમાં સંગીત બંધ. તું પણ એને છોડી દે એમાં જ તારી ભલાઈ છે.”

સુન્ન થઈ ગયેલી સ્વરાને છોડી સુકેતુ ઑફિસ ચાલ્યો ગયો. સ્વરા વિચારતી રહી. પિયરમાં ધનવાન પતિ પામી ભાગ્યશાળીનું બિરુદ પામેલી સ્વરા પોતાના કમભાગ્યને કોસતી ક્યાંય સુધી બેસી રહી.

પણ સંગીતનો સથવારો એમ થોડો છૂટે! સમય સાથે સ્વરા છાને ખૂણે સંગીતની આરાધના કરતી રહી. હવે બધું ઠીકઠાક લાગી રહ્યું હતું. વખત જતા એ એક પુત્ર - મંથનની માતા બની.

મંથનને વારસો સુકેતુનો નહી સ્વરાનો આવેલો. એટલે એ પણ સ્વરા સાથે સંગીતની ઉપાસનામાં છાને ખૂણે સહભાગી બનતો ગયો. આંતરશાળા સંગીત પ્રતિયોગિતામાં સમગ્ર શહેરમાં મંથન ધોરણ આઠમાં જ પ્રથમ આવ્યો. છાપામાં મંથન અને સ્વરાનો એવોર્ડ લેતો ફોટો છપાયો. એ ફોટો જોઈને સુકેતુ ભડક્યો એણે સવારમાં ત્રાડ પાડી, “મંથન, આ શું છે?” જવાબમાં મંથન પોતાને મળેલી સંગીત ટ્રૉફી લઈને રૂમમાંથી બહાર આવ્યો. સુકેતુએ ટ્રૉફીનો ઘા કર્યો અને ગુસ્સાથી લાલચોળ થઈ મંથનને મારવા હાથ ઉપાડ્યો.

પણ હાથ મંથનને વાગે એ પહેલાં સ્વરાએ પકડી લીધો. એક પળ તો સુકેતુ શેહ ખાઈ ગયો, પણ તરત એણે પોતાનો અસલી મિજાજ સ્વરા તરફ વાળ્યો. “કેટલા વખતથી ચાલે છે આ તાયફો? ના નથી પાડી! કે મારા ઘરમાં સંગીત નહી.” સ્વરાએ મક્કમ અવાજે પ્રતિકાર કર્યો. “અમે મા-દીકરો સંગીતને સથવારે અમારું જીવન વ્યતીત કરીએ છીએ એમાં તમને શું વાંધો છે? તમારું બધું તો સચવાઈ જાય છે ને ! સુકેતુને આ સૂર ગમ્યો નહી એ વધુ ક્રોધિત થયો. “સો વાતની એક વાત આ ઘરમાં રહેવું હોય તો સંગીત નહી ચાલે.”

સુકેતુનો પકડેલો હાથ છોડી હવે સ્વરાએ મંથનનો હાથ પકડ્યો. “ચાલ મંથન, જે ઘરમાં સંગીત રહી શકે નહી એ ઘરમાં આપણે કેવી રીતે રહી શકીએ! ચાલ નવી ઉડાન પર, સંગીતનું વિશ્વ આપણી રાહ જોઈ રહ્યું છે.”

હવે સ્તબ્ધ થવાનો વારો સુકેતુનો હતો એ સ્વરાના આ બદલાયેલા રૂપને જોઈ રહ્યો. મા-દીકરાએ એકમેકને અને સંગીતના સથવારે ધીમેથી ઘર છોડી નવા પથ પર પગરણ માંડ્યા.

# આ વર્ષે 'લેટ ગો'




હિતાક્ષી પંડ્યા

સતત અઠવાડિયું થયું દિવ્ય ક્યાંય જણાયો નહીં, કૉલેજના એક મિત્રએ મોબાઈલ નંબર જોડ્યો. ત્યાંજ બીજાએ યાદ અપાવ્યું કે મોબાઈલ તો લેટ ગો લિસ્ટમાં ત્રીજા સ્થાને હતો.

"કૉલેજ પણ લિસ્ટમાં આવી ગઈ લાગે છે." મિત્રો દિવ્યની મજાક ઉડાવતાં છૂટાં પડ્યા.

દિવ્યનો પરિવાર ધાર્મિક હતો. પૂજા, અર્ચના અને દાદાના જ્યોતિષ જ્ઞાનનો પ્રભાવ એને વારસામાં મળ્યાં હતાં, પરંતુ દાદાના મૃત્યુને કારણે જ્યોતિષની સમજણ રહી અધૂરી અને તેમાં આસ્થા બંધાઈ પૂરી. ઘરના વાતાવરણને કારણે દિવ્યની સવાર આચાર્યજીની ભવિષ્યવાણીથી થતી. "આપની આજ" સાંભળ્યા પછી જ દિવ્ય પલંગમાંથી નીચે પગ મૂકતો. કયા ભગવાનની પૂજા કરવી, ક્યાં દાન કરવું કે કયા રંગનાં કપડાં પહેરવાં, શું ખાવું? એ "આપની આજ" પરથી નક્કી થતું.



પરીક્ષાના દિવસોમાં તો દિવ્યનાં મમ્મી પહેલાં ગલીને નાકે જઈ 'ક્યાંય બિલાડી તો નથી'ની ખાતરી કરે પછી દિવ્ય બહાર નીકળે. સાથે "રસ્તામાં ગાય મળે તો શુભ શકન કહેવાય" એ માન્યતાને ઠેસ ના પહોંચે એનો ચોક્કસ ખયાલ રાખી ગૌશાળાવાળા રસ્તે જવાતું.

ગાય-કૂતરાંને ખવરાવીને રાહુ-કેતુને, શિવલિંગ ઉપર દૂધ કે પાણી ચડાવીને, ચાંદીના ગ્લાસમાં પાણી પીને કે માતાને પગે લાગીને ચંદ્રને, પિતાની આજ્ઞાનું પાલન કરીને સૂર્યને, ગુરુજનોને આદર આપીને ગુરુને, કસરત થકી મંગળને, ટિપટૉપ કપડાં પહેરીને શુક્રને, ઘરકામમાં મદદ કરતા લોકોને આદર આપીને શનિને મજબૂત કરવાના પ્રયત્નોમાં જેમ ઘરના સૌથી નાના સદસ્યની રાયને લાડની આડ અસર સ્વરૂપે અવગણના મળે તેમ કુમાર ગ્રહ બુધ સાથે થતું.

પરિણામે શ્રદ્ધા-અંધશ્રદ્ધા વચ્ચેની પાતળી રેખા ઘણીવાર ભૂંસાઈ જતી અને દિવ્ય મિત્રોમાં હાસ્યને પાત્ર બનતો.

એક દિવસ મિત્ર મંડળીમાં ચા પીવાની વાત થઈ અને દિવ્યએ જાહેર કર્યું. "આચાર્યજીના હિસાબે આ વર્ષ મારે માટે "લેટ ગો"નું વર્ષ છે. એટલે મેં "લેટ ગો"ની શરૂઆત 'ચા'થી કરી છે. આજથી..!"

દિવ્યની ફીરકી લેતા મિત્રોના કામમાં એક કામનો વધારો થયો હતો એ હતું, દિવ્યનું "લેટ ગો"નું લિસ્ટ બનાવવાનું.

મનપસંદ જૂતાં, રોજની બૅગ, ગમતું પરફ્યુમ, સ્માર્ટ વૉચ તો ક્યારેક ફાવતી પેન. બધું લિસ્ટમાં ઉમેરાઈ ગયું હતું. તાજા સમાચાર પ્રમાણે, ગમતી બાઈકને "લેટ ગો" કરી દેવાતા બસના સહારે કૉલેજ આવવા-જવાની સફર ખેડાતી હતી. મિત્રો પણ "લેટ ગો"ના લિસ્ટમાં સ્થાન પામશે? એ પ્રશ્ન પર શરતો લાગી રહી હતી. હદ તો ત્યારે થઈ જ્યારે સામે મળતી દરેક વ્યક્તિને પોતાનો વાંક ન હોવા છતાં સૉરી કહેવાતુ થયું. કોયડો ઉકેલતાં વાર લાગી પણ સમજાયું ખરું કે આ 'ઈગો'નું "લેટ ગો" થયું!

લગભગ 20 દિવસ થયા, હવે બધાએ માની લીધું હતું કે દિવ્યએ કૉલેજ છોડી દીધી છે,

એક દિવસ દિવ્ય દેખાયો, વધારે પડતો શાંત અને ચૂપ.

ચુપ્પી તોડતાં કષ્ટ થતું હોય એમ થોડીવાર રહીને બોલ્યો.

"વીસ દિવસ પહેલાં પ્રિન્સિપાલની ઑફિસમાં એક ફોન આવ્યો હતો. "જલદી ઘરે પહોંચો." હું પહોંચ્યો તો ખરો પણ ખૂબ મોડો.

"કેમ ઘડિયાળ 'લેટ ગો'માં હતી એટલે?" કો'કે ટીખળ કરી.

ખોવાયેલી આંખે દિવ્યએ કહ્યું.. "આ વખતે સમય 'લેટ ગો' થઈ ગયો હતો."

"ઘરની બહાર ભીડ હતી, ધુમાડો નીકળી રહ્યો હતો. મારા પેટમાં ફાળ પડી, અંદર જવા ગયો પણ લોકોએ જવા ન દીધો."

"ડ્રૉઇંગ રૂમના એ.સી.માં સ્પાર્ક થયો હતો, પછી શૉર્ટ સર્કિટ, આગ.. ધુમાડો.. પળવારમાં ઘરમાં ફેલાયો. પડોશીઓને ખબર પડી, મારા મોબાઈલ પર ફોન કર્યા. પણ મોબાઈલ તો..! કૉલેજનો નંબર શોધી મને ફોન કર્યો.

મમ્મી-પપ્પાને એમ્બ્યુલન્સ લઈ જઈ રહી હતી.. ત્યારે 'છેલ્લે બા સતત તમારું નામ લેતાં હતાં' જેવા શબ્દો કાને અથડાયા. હવે ઘરમાં હતું તો અંધારું અને કાળાશ, જે દૃશ્યના સાક્ષી તરીકે કુદરતે મારી પસંદગી કરી હતી."

તૂટેલા અવાજે દિવ્યએ કહ્યું આચાર્યજીના શબ્દો ત્યારે સમજાયા.

આ વર્ષે "લેટ ગો"!

# હેપ્પી ન્યુ યીઍર




જય દીક્ષિત

...અને કાઉન્ટડાઉન સાથે અચાનક લાઈટ બંધ થઈ ગઈ, દસ સેકન્ડ પછી "હેપ્પી ન્યુ યીઍર..." બધાએ એક સાથે અવાજ કર્યો અને બાર સેકંડમાં જ આખો ડ્રોઈંગરૂમ ફરી રોશનીથી ઝગમગી ઊઠ્યો. જોરશોરમાં સંગીત શરૂ થઈ ગયું, બધા જ પોતાની તાનમાં હતા, આસપાસનાને ગળે મળી રહ્યા હતા, વળી હાઈફાઈ સોસાયટી એટલે ચાન્સ મળે તો કિસ પણ કરી લે એવા. ત્યાં જ વિક્રમને ઠોકર વાગી, બેલેન્સ ગયું, પહેલાં હાથમાં હતો એ દારૂનો ગ્લાસ નીચે પડ્યો, ફૂટ્યો અને પછી ફૂટેલા ગ્લાસના કાચનો ટુકડો ગાલમાં પેસી ગયો, એણે મોટી ચીસ પાડી અને બધું એકદમ શાંત થઈ ગયું. પહેલાં માત્ર વિક્રમ પર જ નજર પડી સહુની અને પછી જેની ઠોકર વાગી ત્યાં, શેફાલી ઊંધી પડી હતી અને ફ્લોર પર લોહી પ્રસરી રહ્યું હતું. ચાર કપલ, ત્રણ સર્વન્ટ બંગલાની અંદર અને બે ડ્રાઈવર બંગલાની બહાર. શેફાલીનો પતિ વિક્રમ, સુગંધા-આરવ, વૈદેહી-મનન, ડૉ. કૌમુદી-નિર્માણ, સર્વન્ટ



રીટા, મહેશ અને વિરલ. ન્યુ ઈયર માટે મંગાવેલ કેક કટ કરવા પાસે પડેલું ચપ્પુ શેફાલીના પેટમાં હતું.

પોલીસ આવી, તપાસ શરૂ થઈ. શેફાલી કૉર્પોરેટર રાજનની ભત્રીજી હતી, હાઈ પ્રોફાઈલ કેસ બની ગયો હતો. પહેલી જાન્યુઆરીના પેપરમાં સમાચાર ન છપાય એની વ્યવસ્થા થઈ ગઈ હતી અને કમિશનરને મુખ્ય મંત્રીનો ફોન પણ આવી ગયો હતો. ત્રણ દિવસમાં કેસ સોલ્વ કરવા ખાસ્સું દબાણ હતું, કદાચ એટલે જ કેસમાં એ.સી.પી. શિવકરની એન્ટ્રી પડી હતી. કડક રીતે થયેલી પૂરતી તપાસ, ઘટનાસમયે શેફાલીની આસપાસ રહેલી વ્યક્તિઓ અને ફોરેન્સિક સાબિતીઓ એકઠી કર્યા પછી ત્રણ શકમંદ ફાઈનલ થયા. વિક્રમ, કૌમુદી અને વિરલ.

વિક્રમ અને શેફાલી વચ્ચે જરા પણ મનમેળ નહોતો, દાંપત્ય જીવન કરતાં પ્રોફેશનલ લાઈફને વધારે મહત્ત્વ આપતો હતો વિક્રમ અને એટલે જ બંને વચ્ચે વારંવાર કચકચ થયા કરતી. વિરલ, શેફાલીનો વિશ્વાસુ નોકર હતો જે શેફાલી વિષે બધું જ જાણતો હતો, બધું જ. છતાં બે કલાક પહેલાં જ ઉધારીના પચ્ચીસ હજારની માંગણી કરવા પર શેફાલીએ એને બધાની સામે અપમાનિત કર્યો હતો. કૌમુદી જાણતી હતી કે નિર્વાણ અને શેફાલી વચ્ચે કંઈક, ઘણું બધું રંધાઈ રહ્યું હતું. જોકે આ ઘટના સમયે કૌમુદી ડ્રોઈંગરૂમમાં હાજર નહોતી. એ.સી.પી. શિવકર જાણીતા પોલીસકર્મી હતા. ત્રણ શકમંદ અને ત્રણેય જણ પાસે હત્યા કરવા પાછળનાં કારણો પણ હતાં. ફિંગરપ્રિન્ટ્સ રિપોર્ટ્સ આવવાના બાકી હતા અને ત્યાં મળેલી ચીજવસ્તુઓ પરથી કંઈ મદદ મળે એમ નહોતી. એ.સી. પી. શિવકર બે દિવસ તો આ બધુ શોધવામાં જ વ્યસ્ત રહ્યા. હવે ત્રીજા દિવસે કેસ સોલ્વ ન થાય તો કેસ આંચકી લઈ કમિશનર ખુદ આ કેસને જોશે એ નક્કી થઈ ગયું હતું. બીજા દિવસના અંતે ફિંગરપ્રિન્ટ્સ રિપોર્ટ આવ્યો પણ હથિયાર પર શેફાલીના ફિંગર પ્રિન્ટ્સ સિવાય કોઈ બીજાનાં ફિંગરપ્રિન્ટ્સ નહોતાં એવું જાણવા મળ્યું. કેસ વધુ ને વધુ ગૂંચવાય રહ્યો હતો. એ.સી.પી. શિવકરને પોતાનું ભવિષ્ય પોલીસ એકેડમીમાં દેખાઈ રહ્યું હતું.

> **“એ.સી.પી. શિવકર દ્વારા એક વખત ફરી આખા બંગલામાં ઝીણવટથી તપાસ કરાઈ અને કેસ સોલ્વ થઈ ગયો.**

વિરલના ગળામાં ગાળિયો ફસાવી દેવાની તૈયારીઓ શરૂ થઈ ગઈ હતી, ગરીબ હતો અને બહુ મોટી ઑફર મળી હતી વિક્રમ તરફથી, આનાકાની કરવા છતાં આખરે એ તૈયાર થઈ ગયો. એ.સી.પી. શિવકરનું મન કોણ જાણે કેમ પણ માનતું નહોતું.

એ.સી.પી. શિવકર દ્વારા એક વખત ફરી આખા બંગલામાં ઝીણવટથી તપાસ કરાઈ અને કેસ સોલ્વ થઈ ગયો. જ્યારે વિક્રમના બેડરૂમમાંથી તેના દ્વારા તૈયાર કરાવાયેલા ડિવોર્સ પેપર્સ મળ્યા અને ટોઈલેટના વેન્ટિલેશન ડક્ટ એરિયામાંથી લોહી લાગેલા ક્લિનિકલ હેન્ડગ્લોવ્સ મળ્યા. ડિવોર્સ લેનાર હત્યા ન કરે અને ડૉક્ટરને હેન્ડગ્લોવ્સ પહેરતાં કે કાઢતાં વાર ન લાગે. ડૉ.કૌમુદી.

# એક સરનામું એવું.....



જુલી ખરોડ



નીલી ઑપરેશન થિયેટરમાં જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાઈ રહી હતી. મલય બહાર લોબીમાં દર્દભર્યા ચિંતાતુર ચહેરે આંટા મારી રહ્યો હતો. દિનકરભાઈ અને ઉર્વશીબેન ઑપરેશન થિયેટરની લાઈટ પર એકધારી નજર માંડીને બેઠા હતા અને મલયને વારંવાર આંખનાં આંસુઓને વહેવા દેતો જોઈ રહ્યા હતા. મલય થાક્યો. ઓ.ટી.ની સામેની બેંચ પર બેસીને બંને હાથની હથેળીઓ વચ્ચે માથું દબાવી રડ્યા કરતો હતો. ઉર્વશીબેને એના ખભે હાથ મૂકીને સધિયારો આપ્યો પણ એણે સામે જોયા વગર જ ધીમેકથી હાથ હટાવી દીધો.

"ઓહ્ નીલી....." એનાથી એક લાંબો રડમસ ઉચ્છવાસ નીકળી ગયો. પરિચય, પ્રણય અને પરિણય વચ્ચેની સુખદ સંસ્મરણયાત્રાનાં બંને જોડીદાર. ન ક્યારેય ઉછાંછળું વર્તન કે ન ચોરીછૂપીથી હળવુંમળવું, ન કોઈ ફિલ્મી સ્ટાઈલથી ફ્લિંગ ભરવી કે ન ભણવામાં એની અસર પડવી. બસ, પહેલી નજરનો પ્રેમ અને સાત જન્મોનો સંગાથ.

પણ લગ્ન પછી ઘણું બધું બદલાઈ ગયું. મલયનાં મમ્મી-પપ્પાએ સંબંધ સ્વીકારી તો લીધો પણ માત્ર દુન્યવી દૃષ્ટિએ, દિલથી નહીં. મલય બધું જ જાણતો, સમજતો. એણે જુદા થઈ જવાનો નિર્ણય કર્યો પણ નીલીએ સ્પષ્ટ ના પાડી દીધી. એને પૂરો વિશ્વાસ હતો કે સમય બધી જ સમસ્યાઓનો ઉકેલ લાવી દેશે.

પણ નીલીની એ હૈયાધારણા ઠગારી નીવડી. નીલીને સારા દિવસો આવ્યા, પણ કામકાજનો બોજો અને દીકરાની અપેક્ષાઓએ નીલીને ઘસી નાખી. નીલી જેમ જેમ જોડતી જતી તેમ તેમ બધું તૂટતું જતું. મલય ખૂબ ઉશ્કેરાઈ જતો. ક્યારેક નીલી સાથે તો ક્યારેક મમ્મી-પપ્પા સાથે લડી પડતો. નીલીનું અપમાન, અવગણના અને અન્યાય એનાથી સહન ન થતાં, પરંતુ નીલી આંખ અને હાથના ઈશારે બધું પાર પાડવાની ધરપત આપ્યા કરતી. તૂટી રહેલા ઘરને જોડી રાખવાની કશ્મકશમાં નીલીએ પોતાનું બાળક ગુમાવી દીધું. આ દુર્ઘટના પછી મલયે એનાં મમ્મી-પપ્પા સાથેનો સંબંધ બિલકુલ નહિવત્ કરી નાખ્યો. નીલી સાથે પણ અબોલા લઈ લીધા, પણ નીલી કાતર કરતાં સોઈદોરામાં વધુ વિશ્વાસ રાખતી. એણે મલય પાસે એક મોકો માંગ્યો. મલયે પ્રચંડ વિરોધ કર્યો, પણ અંતે એ હાર્યો અને નીલીને ઘરનું વાતાવરણ બદલવામાં પૂરેપૂરો સહકાર આપવાનું નક્કી કર્યું.

**ડૉક્ટર ઓ.ટી.ની બહાર આવ્યા. તેના ચહેરા પર બાઝેલાં પરસેવાનાં બૂંદો ઑપરેશનની જટિલતા અને જોખમની ચાડી ફૂંકતા હતા.**

ફરીથી નીલી અને મલયના સપનાનો આકાર અંકુરિત થયો, પણ ઘરની ઘરેડ જરાય ન બદલાઈ. આ વખતે મલય સ્પષ્ટ હતો. નીલીને બિલકુલ અણસાર આપ્યા વગર એને સહકાર આપતો રહ્યો. નીલીને જેટલો પ્રેમ કરતો એનાથી વધારે સંભાળ રાખતો. નીલીની આસપાસ એ બખ્તર અને ઢાલ બની ગયો.

આજે એનું હૃદય ઓ.ટી.માં ધબકારા ગણી રહ્યું હતું. ડૉક્ટર ઓ.ટી.ની બહાર આવ્યા. તેના ચહેરા પર બાઝેલાં પરસેવાનાં બૂંદો ઑપરેશનની જટિલતા અને જોખમની ચાડી ફૂંકતા હતા. મલય પ્રશ્નાર્થ ચહેરા સાથે ડૉક્ટર તરફ દોડ્યો. ડૉક્ટરે પુત્રજન્મની વધામણી આપી. એ સાથે જ મલય જમીન પર બેસી ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યો. દિનકરભાઈ અને ઉર્વશીબેને એને શાંત રાખવાનો પ્રયત્ન કર્યો, પણ મલય શૂન્યમનસ્ક થઈને બંનેને જોયા વગર ડૉક્ટરની પાછળ નીલી અને બાળકને જોવાની મંજૂરી લેવા દોડ્યો. ડૉક્ટરે કાળજી અને આરામની યોગ્ય સલાહ આપીને બંનેને જોવાની છૂટ આપી. મલય સ્પેશ્યલ રૂમ તરફ દોડ્યો. રૂમનો દરવાજો ખોલતાં જ નીલીની હાલત જોઈને અવાચક બની ગયો. બેડ પાસે જઈને નીલીને માથે હાથ ફેરવતાં ફેરવતાં હિબકે હિબકે રડી પડ્યો. નીલી હજી એનેસ્થેસિયાની અસર હેઠળ હતી. મલયે બાળકને પારણામાંથી હળવે હાથે ઊંચક્યું અને અનિમેષ અવિરત નિહાળી રહ્યો.

નીલીને ડિસ્ચાર્જ અપાયો. મલય એને એક એવા સરનામે લઈ ગયો જ્યાં સ્નેહની સરવાણી ફૂટતી હતી.

# પ્રાણી સંગ્રહાલય




કર્દમ યાજ્ઞિક



રવિવારનો દિવસ હતો. બધા રજાનો આનંદ માણી રહ્યા હતા. રાજેશ અને મીના પપ્પા મમ્મી સાથે બેસી જમતા હતા ત્યારે રાજશે પપ્પાને કહ્યું, “પપ્પા, આજે રજા છે તો સાંજે ફરવા જઈએ. કેટલાય દિવસથી ફરવા ગયા નથી. તો આપણે ક્યાં જઈશું?” પપ્પા એ કહ્યું, “આજે આપણે શહેરમાં આવેલ પ્રાણી સંગ્રહાલયમાં જઈએ. ઘણા વખતથી ગયા નથી. નવાં પ્રાણી-પક્ષીઓ આવ્યાં છે. મઝા આવશે.” સાંજે ૪વાગે બધાં તૈયાર થઈ ગયાં. મમ્મીએ સરસ નાસ્તા-પાણીની વ્યવસ્થા કરી લીધી. બધા ગાડીમાં બેસીને પ્રાણી સંગ્રહાલય પહોંચી ગયા. ત્યાં ટિકિટ

ઘર પર ટિકિટ લીધી અને રાજેશ અને મીના ખૂબ ઉત્સાહમાં હતાં.

સૌથી પહેલાં એક મોટા પાંજરામાં હરણ અને સાબરનાં ટોળાં હતાં. તે બધાં આમતેમ ફરતાં ફરતાં ચરી રહ્યાં હતાં અને બચ્ચાં કૂદાકૂદ કરતાં હતાં. રાજેશ અને મીનાને ખૂબ મઝા પડી ગઈ. બીજા પાંજરામાં જળઘોડો (રાહીનો) આરામથી નાના તળાવમાં આમતેમ આંટા મારતો હતો. આમ એક પછી એક પાંજરામાં નીલગાય, વાઘ, સિંહ, વાંદરા, ચિંપાઝી વ. પ્રાણીઓ હતાં. વાંદરાની કૂદાકૂદ જોવાની ખૂબ મઝા આવી, પણ સિંહની ત્રાડ સાંભળી બંને મમ્મી-પપ્પાની સોડમાં ભરાઈ ગયાં. પછી પંખી ઘરમાં ગયાં અને ત્યાં જુદાં જુદાં રંગબેરંગી પક્ષીઓને જોઈ તથા તેમનો કલરવ સાંભળી બધાં ગેલમાં આવી ગયાં. એટલામાં સફેદ મોરે કળા કરી સુંદર ટહુકો કર્યો. રાજેશ અને મીના ખુશ ખુશ થઈ ગયાં.

> **“ સિંહની ત્રાડ સાંભળી બંને મમ્મી-પપ્પાની સોડમાં ભરાઈ ગયાં.**

પ્રાણી સંગ્રહાલયમાં બધું જોયા પછી બધાં બાગમાં જઈને બેઠાં અને સાથે મળીને મમ્મીએ લાવેલો નાસ્તો કરી પાણી પીને તાજામાજા થઈ ગયાં. તે પછી રાજેશ અને મીનાને બાગમાં આવેલી ટૉય ટ્રેનમાં બેસાડ્યાં જે આખા બાગમાં ફરી ટ્રેનની મઝા કરાવે છે. આમ ખૂબ ગમ્મત સાથે સાંજ પસાર થઈ.

ઘેર પરત ફરતાં પપ્પાએ પૂછ્યું, “કેમ મઝા પડીને?” ત્યારે રાજશે કહ્યું, “બહુ મઝા પડી પણ મને એ સમજાતું નથી કે આપણે જેમ હરી ફરી શકીએ છીએ તેમ આ બધાં પ્રાણી-પક્ષીઓ પાંજરામાં રહે છે તેમને તેમનાં મમ્મી-પપ્પા અને ભાઈ-બહેન સાથે ફરવા જવાનું નહીં ગમતું હોય?” પપ્પા પાસે તેનો જવાબ નહોતો.

# સરદાર નીતિ




કિનાર રાણા



આજે પણ અનંતરાયની આંખો રોજ કરતાં વહેલાં ખૂલી ગઈ. સુનંદાને ખલેલ ન પહોંચે એ રીતે ધીમે પગલે બહાર આવીને હિંચકામાં બેઠા.

આમ તો અનંતરાય સુખી-સંપન્ન પરિવારના મોભી છે. એની પત્ની સુનંદાબેન પણ આદર્શ ગૃહિણી છે. બન્નેને બે દીકરા છે. મોટો મોહક જે એકદમ શાંત, સરળ અને ઓછાબોલો છે અને સરકારી નોકરી કરે છે. જ્યારે નાનો દીકરો સમર્થ એકદમ વાચાળ અને સાહસિક છે. પોતાની સૂઝબૂઝ અને મહેનતથી કન્સ્ટ્રક્શનનો બિઝનેસ જમાવ્યો છે. બન્નેનાં સારા કુટુંબમાં લગ્ન થઈ ગયાં છે અને બન્ને પોતાના ક્ષેત્રમાં સફળ અને સુખી છે. અનંતરાયે દીર્ઘદૃષ્ટિ વાપરીને બન્ને દીકરાઓને શહેરમાં

અલગ ઘર લઈ આપ્યાં છે અને પોતે પણ પોતાના ગામના ઘરમાં સુનંદાબેન સાથે ખુશખુશાલ જિંદગી માણે છે. વારેતહેવારે, રજાઓમાં આખું કુટુંબ ભેગું થાય. પ્રેમ, લાગણીથી એકબીજાંને મળે, આનંદ-કિલ્લોલ કરીને બધાં ફરીથી પોતાના માળામાં ગોઠવાઈ જાય છે. આવો જ પ્રેમ કાયમ રહે એ માટે અનંતરાયે પોતાની હાજરીમાં જ ખપ પૂરતું રાખીને મિલકતના ભાગ પાડવાનું નક્કી કરી લીધું હતું. અને અઠવાડિયા પછી પોતાની પચાસમી લગ્નતિથિએ કુટુંબ ભેગું થાય ત્યારે જાહેર કરવાનું નક્કી કરી નાખ્યું.

બધી જ મિલકતના એકસરખા ભાગ પડી ગયા, પણ ગામના છેવાડે આવેલું એક નાનું ખેતર જે અનંતરાયને વારસામાં મળેલું હતું એ કોને આપવું એની મૂંઝવણ હતી. અત્યારે તો એ ખેતરની બધી જ જવાબદારી લખમણને સોંપેલી હતી. લખમણનું કુટુંબ ત્રણ પેઢીથી ત્યાંજ ઝૂંપડી બાંધીને રહેતું અને ખેતરમાં જીવ રેડીને કામ કરતું. લખમણનો પરિવાર ગરીબ હોવા છતાં પણ હિસાબમાં પૂરેપૂરી પ્રામાણિકતા અને પારદર્શકતા રાખતો હતો.

આ ખેતર માટે અનંતરાયના બન્ને દીકરાઓને પણ એકસરખો લગાવ હતો. મોહકનું સ્વપ્ન ત્યાં ફાર્મહાઉસ બનાવીને શાંત વાતાવરણમાં રહેવાનું હતું તો સમર્થનું સ્વપ્ન ત્યાં અદ્યતન વોટરપાર્ક બનાવીને બિઝનેસ કરવાનું હતું.

> **બે ભાઈઓમાંથી કોને આ ખેતર આપવું એ અનંતરાય નિર્ણય લઈ શકતા ન હતા અને જો અત્યારે આ પ્રશ્નનું નિરાકરણ ન આવે તો આગળ જતાં આ ખેતર ઝઘડાનું મૂળ બનશે એ વાતમાં બેમત ન હતો.**

બે ભાઈઓમાંથી કોને આ ખેતર આપવું એ અનંતરાય નિર્ણય લઈ શકતા ન હતા અને જો અત્યારે આ પ્રશ્નનું નિરાકરણ ન આવે તો આગળ જતાં આ ખેતર ઝઘડાનું મૂળ બનશે એ વાતમાં બેમત ન હતો. શું કરવું એ જ સમજાતું ન હતું.

પેપર.... અવાજ સાંભળીને અનંતરાય વિચારોમાંથી બહાર આવ્યા અને છાપું વાંચવામાં મન પરોવ્યું. આજે તો 31 ઓક્ટોબર એટલે છાપામાં સરદાર વલ્લભભાઈ પટેલનું જીવનચરિત્ર આવ્યું હતું. એમાં એના બાળપણના દિવસોમાં થયેલી બામલાઈ (બગલમાં ગૂમડું)નું વર્ણન હતું. ગમે એટલી દવા કરે એ ગૂમડું ફરી ફરીને ત્યાં થઈ જતું હતું. છેવટે કંટાળીને એ ગૂમડાને મૂળથી જ ડામી દેવા માટે એ જગ્યા ઉપર નાનકડા વલ્લભે જાતે જ ધગધગતો સળિયો ચાંપી દીધો હતો. ત્યારે પીડા થઈ પણ પછી એ સમસ્યાથી કાયમ માટે છુટકારો મળી ગયો... વાંચતાં વાંચતાં જ અનંતરાયના મગજમાં ચમકારો થયો. એ સ્ફૂર્તિથી ઊભા થયા અને ખેતરના ડૉક્યુમેન્ટ્સ કોના નામે કરવાના છે એ નિર્ણયની રાહ જોઈ રહેલા વકીલમિત્રને ફોન કરીને અનંતરાયે જણાવી દીધું કે ખેતર લખમણના નામે કરવાનું છે!

# બીજો માળ




કિરણ અંજારિયા

નરેન નામના યુવકની નાના ગામમાં ગ્રામસેવક તરીકે નિમણૂક થઈ. તેણે ગામમાં આવી સરપંચને મળીને પોતાને ભાડે મકાન આપવા જણાવ્યું. સરપંચે ગામના છેવાડે ઘણા વખતથી એક બંધ પડેલ  મકાન બતાવ્યું. નરેનને મકાન પસંદ આવ્યું. રૂમ, રસોડું અને ઉપર એક અગાસી. આ મકાન તેણે સાફસફાઈ કરાવીને રહેવાનું ચાલુ કરી દીધું અને ફરજ પર હાજર થઈ ગયો.

થોડા દિવસો વ્યતીત થયા. એક રાતે તે ભર ઊંઘમાં હતો ત્યાં દરવાજો ખખડ્યો. તેણે ઊઠીને દરવાજો ખોલ્યો તો કોઈ ન દેખાયુ, પણ ઉંબરમાં એક પીળું પડી ગયેલું પોસ્ટ કાર્ડ પડ્યું હતું .સરનામું હતું 'નરેન'. મોકલનારનું નામ  લખ્યું  ન હતુ. અંદર લખ્યું હતું "આવકાર છે, પણ બીજા માળે જતો નહીં."



નરેન નવાઈ પામ્યો. ઘરને એક જ માળ છે તો બીજો માળ ક્યાંથી આવ્યો! વળી આ લખનાર કોણ છે એમ વિચારીને તે ફરી સૂઈ ગયો. બીજી રાતે ફરી ટકોરા. એ જ પીળુ પોસ્ટ કાર્ડ અને સરનામું 'નરેન' અને વિગતમાં લખ્યું હતું" ઉપર ના જતો"

નરેન સ્તબ્ધ થઈ ગયો. મકાનને એક જ માળ છે તો બીજો માળ કેમ લખે છે, તે તુરંત જ પહેલે માળ થઈ ધાબા ઉપર ગયો ત્યાં કશું નહોતું.

ત્રીજી રાતે તે જાગતો બેઠો. બરાબર બે વાગ્યે ટકોરા પડ્યા. નરેને એકદમ બારણું ખોલ્યું તો એક 80થી 85 વર્ષનો વૃદ્ધ ખાખી ચડી અને ટોપી પહેરી હતી હાથમાં થેલો. ટપાલી જોઈ લ્યો. એણે હસીને પોસ્ટ કાર્ડ આપ્યું. એના હાથ બરફ જેવા ઠંડા હતા. અવાજ ઊંડા કૂવામાંથી આવે તેવો હતો "તું ઉપર ગયો, હવે તારે મારી નોકરી કરવાની" આટલું બોલી ટપાલી હવામાં ઓગળી ગયો. એના કપડાં, થેલો, ટોપી બધું નરેનના પગ પાસે આવી પડ્યું. નરેનને પછી આખી રાત ઊંઘ ના આવી.

સવારે નરેને ગામમાં જઈ સરપંચને વાત કરી. વાત સાંભળી સરપંચનો ચહેરો ફીકો પડી ગયો. તેણે કહ્યું કે એ ઘરમાં રઘુ નામે ટપાલી રહેતો હતો. એક વખત વાવાઝોડામાં બીજે માળે સૂતો હતો. ત્યાં માળ તૂટી જતાં લાકડાની આડી પડતા તેનું મોત થયું એટલે મુક્તિ ન થતાં તે રોજ આ રીતે ટપાલ વેચવા નીકળે છે. આ સાંભળી નરેને તે થેલો ખોલ્યો. અંદર સેંકડો પોસ્ટ કાર્ડ હતા. દરેક પર સરનામાં હતાં. સૌથી ઉપરના કાર્ડ ઉપર નરેનના નામનું કાર્ડ હતું. સરનામું હતું 'બીજો માળ.'

"તું ઉપર ગયો, હવે તારે મારી નોકરી કરવાની"
આટલું બોલી ટપાલી હવામાં ઓગળી ગયો. એના કપડાં, થેલો, ટોપી બધું નરેનના પગ પાસે આવી પડ્યું. નરેનને પછી આખી રાત ઊંઘ ના આવી.

હવે રોજ બારણે ટકોરા પડે છે, પણ નરેન દરવાજો ખોલતો નથી, પણ હવે તે આ ઘર બદલી આપવા સરપંચને વિનંતી કરે છે. સરપંચ આ વિનંતી માન્ય રાખી ગામમાં ખાલી થયેલ ગ્રામસેવકના ક્વાર્ટરની ચાવી સોંપે છે .

નરેન હવે આ ક્વાર્ટરમાં નિરાંતે રહે છે અને પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવે છે. તેની સાથે બનેલો બનાવ એક સપનું માની એ જિંદગીની ઘરેડમાં પરોવાઈ ગયો.

તાત્પર્ય એ જ કે જિંદગીમાં જે પણ બનાવ બને તેનાથી ભાગી ન જવું, પણ સામનો કરવો. અહીં નરેન ગામમાંથી બદલી કરાવી શકતો હતો, પણ એ ઉકેલ નથી. તેણે સમસ્યાનો ધીરજથી મુકાબલો કર્યો.

# આંધળો વિશ્વાસ

અ

મધુસુદન સ્વાદિયા

ભૂષણ અને ભૂષિતા ઘણા સમય છપી લૉન્ગ ડ્રાઈવ પર ઉદેપુર બે દિવસ મિનિ હનીમૂન માટે જઈ રહ્યાં હતાં. ભૂષણની ઉંમર પચ્ચીસ વર્ષની હતી. તે ધંધામાંથી ભૂષિતા માટે સમય ફાજલ કરી શકતો ન હતો. ભૂષિતા સાથે તેણે પ્રેમલગ્ન કર્યાં હતાં. એક ઘનઘોર અંધારી રાત્રે ભૂષિતા સાથે તેની મુલાકાત થઈ હતી.

ભૂષિતા ક્યાંક પહોંચવામાં તેની ગાડીમાં જતી હતી ત્યારે તેની ગાડી બંધ થઈ ગઈ હતી. એટલામાં ભૂષણ બાઈક લઈને ત્યાંથી પસાર થયો. ઉપર જોયું તો આકાશ કાળું ડિબાંગ અંધારેલું હતું, જાણે કે હમણાં વરસાદ તૂટી પડશે. આજુબાજુ કોઈ મિકેનિકની દુકાન ન હતી. ભૂષણે આટલા અંધારામાં એકલવાયા ઊભા રહેવાનું કારણ પૂછ્યું અને કહ્યું કે "મેડમ, હું તમારી કાંઈ મદદ કરી શકુ?" ભૂષિતા લાગણીશીલ હોવાથી રડી પડી. ભૂષણને શું કરવું તેની ખબર પડી નહીં. તેણે કહ્યું કે મારું નામ ભૂષણ છે તમને શું તકલીફ છે. હું તમને મારી બાઈક પર ક્યાંક છોડી દઉં કે મિકેનિકને બોલાવી લઉં.

ભૂષિતાએ કહ્યું કે મારી પાસે એટલો સમય નથી મારે તાત્કાલિક ધોરણે દવાખાને પહોંચવું પડે તેમ છે. મારા ભાઈને જોરદાર અકસ્માત થયેલ છે, એવો ફોન આવેલ છે. અમારાં માતાપિતા નાનપણમાં અમે ગુમાવી દીધેલ છે. મારે એક ભાઈ જ છે એને પણ અત્યારે



ગંભીર અકસ્માત નડેલ છે, પરંતુ અત્યારે આ ગાડીએ દગો દીધો. ભૂષણે તેની દુ:ખભરી કહાણી સાંભળીને કહ્યું કે તમે જલદી મારી બાઈક પાછળ બેસી જાવ. તમે દવાખાનાનું સરનામું જણાવો એટલે હું તમને દવાખાને મૂકવા આવું. ખૂબ ઝડપે ભૂષણે બાઈક ચલાવે અને દવાખાને પહોંચતાં જે અડધો કલાક થવાનો હતો તેને બદલે તેણે ભૂષિતાને પંદર મિનિટમાં ત્યાં પહોંચાડી દીધી. તે કુતૂહલવશ ભૂષિતા સાથે દવાખાનાની અંદર ગયો. અંદર જતાં જ ખબર પડી કે ભૂષિતાનો ભાઈ છેલ્લા શ્વાસ લઈ રહ્યો હતો. અત્યારે તે આ દુનિયામાં નથી. ભૂષિતા પાસે કોઈ હતું નહિ સિવાય ભૂષણ અને તે પણ અજાણ્યો હતો. છતાં એ ભૂષણે તેને સાંત્વના આપી દવાખાનાનું બિલ ભરી દીધું અની ભૂષિતાની સાથે તેના ભાઈના મૃતશરીરને લઈને તેના ઘરે ગયો.

મહેલ જેવું તેનું ઘર હતું. તેનાં મમ્મી-પપ્પા ખૂબ જ સંપત્તિ બંને ભાઈબહેન માટે છોડીને ગયાં હતાં, પરંતુ આ પૈસાથી તેનો ભાઈ બચી શક્યો નહિ. આવડા મોટા ઘરમાં ભૂષિતા એકલી જ હતી, તે પણ એટલી દુ:ખી હતી એટલે તેને ભૂષણનો સાથ ગમ્યો. બંને સાથે મળીને આજુબાજુ પાડોશીઓને કહીને બીજા દિવસે સવારના ભાઈના અંતિમસંસ્કાર કર્યા. ભૂષણ બાર દિવસ સુધી ભૂષિતાના સાંનિધ્યમાં રહ્યો તેથી તેને તેની સાથે પ્રેમ થઈ ગયો હતો. તેણે ભૂષિતા વિશે કાંઈ પણ જાણ્યા વગર લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. ભૂષિતાને તો એનું કોઈ જ ન હોવાથી ભૂષણે તેને આટલી મદદ કરી હતી તેથી તેને ખૂબ જ સારો છોકરો લાગ્યો હતો, એટલે ભૂષિતાએ લગ્ન માટે મંજૂરી આપી.

ટૂંક સમયમાં તેમનાં ઘડિયાં લગ્ન લેવાયાં. ભૂષણનો પરિવાર ખૂબ જ મોટો હતો. બધાં, કાકા-કાકી, તેમનાં છોકરાં, તેનાં ભાઈબહેનો સાથે સંયુક્ત કુટુંબમાં રહેતાં હતાં. ભૂષિતાને તો તે પરિવાર મળ્યો એટલે ખૂબ જ ખુશ ખુશ હતી, કોઈ સમસ્યા જ ન હતી.

ભૂષણનો પોતાનો વેપારધંધો ખૂબ જ સરસ રીતે ચાલતો હતો તેથી તે ભૂષિતાને સમય આપી શકતો નહિ. તેઓ લગ્ન પછી કોઈ જગ્યાએ ફરવા જઈ શક્યા નહોતાં. પરિવાર મળ્યો એનાથી ભૂષિતાને ખુશી હતી, પણ ભૂષણ સાથે ભૂષિતાને સમય વિતાવવો હતો તેથી તેણીએ ખુદ જિદ્દ કરી અને ક્યાંક ફરવા જવા માટેનું આયોજન કરવા જણાવ્યું. ભૂષણે ઉદેપુર જવા માટે હોટલનું પેકેજ લઈ લીધું. તેઓ ચાર-પાંચ કલાકની સફરમાં પોતાની જ ગાડીમાં ઉદેપુર જઈ રહ્યાં હતાં. આજે આકાશમાં ઘનઘોર ઘટા છવાઈ હતી. વાદળાં કાળાં ડિબાંગ થયાં હતાં. જાણે કે હમણાં જ મેઘો વરસી પડશે એવું લાગી રહ્યું હતું.

ભૂષણે ભૂષિતાને કહ્યું કે આપણે વચ્ચે ક્યાંક રોકાઈ જવું છે. ભૂષિતાએ જણાવ્યું કે અહીં ડ્રાઈવ કરી લે આપણે આપણી હોટલ પહોંચી જઈશું. રસ્તામાં ક્યાંય રોકાવું નથી. ભૂષણ તો ભૂષિતા જ પ્રમાણે કહેતી તે પ્રમાણે કરતો હતો. બંને જણા રોમાન્ટિક વાતો કરતા હતા. ચાર-પાંચ કલાકની સફર કર્યા બાદ ભૂષણે ભૂષિતાને કહ્યું કે તારે મારા માટે જેટલી પણ ફરિયાદ હોય તે તું મને અત્યારે કહી શકે છે. બંને જણા જઈ રહ્યાં હતાં ત્યાં થોડીવારે અચાનક કાંઈક સામે અથડાયું અને ભૂષિતાએ સામે જોયું તો તે અવાક થઈને બેભાન થઈ ગઈ. ભૂષણે જોયું તો એક યુવાન સામે ઊભો હતો અને તેણે આવીને કહ્યું, માફ કરજો અને ભૂષણને ભૂષિતા વિશે પૂછપરછ કરી કે તમે આના પતિ છો? અને પછી તે યુવાને કહ્યું કે આ ભૂષિતા દરેક સાથે આવું જ કરે છે. તેણીએ મારી સાથે લગ્ન કરીને મારી સંપત્તિ પડાવીને છૂટી થઈ ગઈ હતી. આવું તો તેણે ઘણા સાથે કર્યું છે હવે તમારો વારો છે.

આ લઘુવાર્તા પરથી એવો બોધપાઠ લેવાનો કે કોઈના પર આંધળો વિશ્વાસ મૂકવો જોઈએ નહિ.

# ગોળધાણા




માનસી વસાવડા

ધૂળની ડમરીઓ ઉડાડતી મોટર સોસાયટીમાંથી બહાર નીકળી. પાછળ રહી ગયેલા પાડોશીઓની પંચાત ચાલુ થઈ ગઈ,

“આ વખતની મુલાકાતનું પરિણામ અલગ આવશે કે જે કાયમ થાય છે તે જ આજે પણ થશે?”

પરેશભાઈ અને કોકિલાબેનના દીકરા કમલેશ માટે ઘણા સમય પછી માંગું આવ્યું હતું. કમલેશ લગ્ન માટે કન્યા જોવા જતો અને પછી ના પાડી દેતો. ના પાડવાની જાણે કે એને ટેવ પડી ગઈ હતી. કમલેશની પસંદગી જરા ઊંચી હતી, “મારા કમલેશને કાંઈ ઓછું ન ખપે”, કોકિલાબહેન પોરસાતાં!

પરેશભાઈએ કમલેશના વલણથી નારાજ થઈને એને ચેતવ્યો, “કોઈની લાગણી જોડે રમત રમવી યોગ્ય નથી, આનું પરિણામ સારું નહીં આવે!” કમલેશ હસવામાં વાત ઉડાવી દેતો!

કમલેશ ના પાડવા માટેનાં બહાનાં જ શોધતો હોય એમ દરેક



છોકરીમાં કોઈ ને કોઈ ખામી કાઢતો! "હું તો બધી રીતે પર્ફેક્ટ હોય એવી છોકરી પસંદ કરીશ!" એવી બડાશ હાંકતો!

કમલેશ પોતે દેખાવે ઠીકઠાક હતો, ગ્રેજ્યુએટ થઈને પરેશભાઈના કાપડના ધંધામાં એમની સાથે જોડાઈ ગયો હતો. સારાં ઘર-બાર, ગાડી, બધું સેટ હતું. એકમાત્ર બહેન તન્વી લગ્ન કરીને કેનેડા સેટલ થઈ હતી. કમલેશ જેના પર પસંદગીની મહોર મારે એ છોકરીની જિંદગી બની જવાની હતી, એવી છાપ ઊભી થઈ હતી.

શરૂમાં તો સગાં-સંબંધીઓ કમલેશ માટે હોંશથી છોકરીઓ બતાવતા, પછીથી કમલેશનો અવળચંડો સ્વભાવ જાણીને એ જ લોકો આઘા-પાછા થઈ રહ્યા હતા. પોતાની દીકરીઓના સ્વમાન પર ઘા થાય એવું તો કોઈને મંજૂર નહોતું.

"આ રીતે તો 'વાંઢો' રહી જવાનો છે કમલેશ", એવી વાતો વહેતી થઈ'તી!

પરેશભાઈ અને કોકિલાબેન વિમાસણમાં પડી ગયાં હતાં. કમલેશનાં લગ્નની વાત ક્યાંય આગળ વધતી નહોતી. કમલેશ પણ અધીરો થઈ ગયો હતો, એને પોતાની આડોડાઈ ભારે પડી રહી હતી. હવે તો માંગું આવે એટલે ઝાઝી લપછપ કર્યા વિના 'હા' પાડી દેવાનું નક્કી કરી રાખ્યું હતું.

આખરે તન્વીની ઓળખાણમાં એક છોકરી જોવા જવાનું આજે ગોઠવાયું હતું. બધાં ખુશ હતાં. કોકિલાબેનનો ઉત્સાહ સમાતો નહોતો. એમણે તો સોસાયટીમાંથી નીકળતાં જાહેરાત પણ કરી દીધી કે, "આ વખતે તો અમારા

**"આ રીતે તો 'વાંઢો' રહી જવાનો છે કમલેશ", એવી વાતો વહેતી થઈ'તી!**

કમલેશનું ગોઠવાઈ ગયું સમજો, હવે ગોળ ધાણા ખવડાવે એટલી વાર!"

હરખઘેલો કમલેશ ગાડીમાં ગોઠવાયો. વાજતે-ગાજતે ગાડી નીકળી. જેટલી ઝડપે ગાડી રવાના થઈ હતી, એના બમણા વેગથી પાછી ફરી! કમલેશ કોઈની સામું જોયા વગર ઘરમાં ભરાઈ ગયો, એનાં માતા-પિતાએ પણ કોઈ ફોડ ન પાડ્યો! સોસાયટીમાં ગૂસપૂસ થવા લાગી,

"નક્કી કાંઈક ગરબડ થઈ લાગે છે, બાકી તો વાઘ બનીને નીકળેલો કમલેશ ભીગી બિલ્લીની જેમ છુપાઈને ઘરમાં ભરાઈ જાય?"

કમલેશ પરેશભાઈ અને કોકિલાબેનને પણ કાંઈ જણાવી રહ્યો નહોતો. બંધ બારણે કમલેશ અને પેલી છોકરી વચ્ચે શું વાત થઈ એ બાબતે એ લોકો અજાણ હતાં. કમલેશના વર્તનથી અણધાર્યું કાંઈક બની ગયાનો અંદેશો આવી ગયો હતો. કોકિલાબેનની બોલતી બંધ થઈ ગઈ હતી. પરેશભાઈ કદાચ કમલેશના મનમાં ચાલી રહેલ ગડમથલ સમજી ગયા હતા. એમણે કમલેશને સમજાવતાં કહ્યું,

"જો બેટા, માંગું તન્વીની ઓળખાણમાં છે એટલે તને ના પાડતાં સંકોચ થાય છે?

"ના પપ્પા, એવું કાંઈ નથી!" કમલેશ માંડ બોલી શક્યો. "તો પછી હમણાં સુધી તું જે કરતો આવ્યો છે એ રીતે અહીં પણ ના પાડવાનો છે? ક્યાં સુધી તું નિર્દોષ છોકરીઓની ભાવનાઓને ઠેસ પહોંચાડીશ? એવી રીતે ક્યારેક તારે નકારનો ભોગ બનવું પડે તો?" પરેશભાઈ જવાબ માંગી રહ્યા હતા.

કમલેશ શું બોલે? ગઈકાલથી પોતે પણ એનો જવાબ શોધી રહ્યો હતો!

# પ્રવાસ

હેતલ વસાવડા

આજે જ્યારે સંયુક્ત કુટુંબ અને નાના કુટુંબની પ્રણાલી ચાલી રહી છે. ત્યારની વાત છે.

એકવાર સૌરાષ્ટ્ર મેઇલ મુંબઈ સેન્ટ્રલથી ઊપડે છે અને તેમાં રિઝર્વેશનના કમ્પાર્ટમેન્ટમાં એક વડીલ બેસે છે અને બોરીવલીથી ટ્રેન ઊપડવાની તૈયારીમાં હોય છે ત્યાં એક નવયુવક ફટાફટ તે જ કંપાર્ટમેન્ટમાં દાખલ થાય છે અને તે વડીલની સામેની સીટમાં બેસે છે. બેયની ટિકિટ રાજકોટની હોય છે. રસ્તામાં થોડી વાતો થાય છે. જ્યારે રાજકોટ સ્ટેશન આવે છે ત્યારે એક પ્રૌઢ વ્યક્તિ તેના પિતાશ્રીને લેવા આવે છે. તે વ્યક્તિ વડીલને પગે લાગીને ડબ્બામાંથી ઉતારે છે. ત્યાં પેલા નવયુવકનું ધ્યાન તેના પર પડે છે અને તુરત કહે છે કે “પપ્પા તમને કેમ ખબર પડી કે હું આવું છું?” ત્યારે તે વ્યક્તિ કહે છે કે હું તો મારા પિતાશ્રીને લેવા આવ્યો છું, ત્યારે તે નવયુવકને ખબર પડે છે કે છેક મુંબઈથી જેની સાથે તે કમાર્ટમેન્ટમાં સાથે આવ્યો તે તેના સગા દાદા હતા.



# ‘ઈશ્વરપ્રાણીધાન’ – આશરો એક રાત નહીં?

કહાની વસાવડા

અમાસની રાતની વાત છે. ગામડાને લીધે હલનચલન ઓછી છે. ઘોર અંધારું છે અને ધોધમાર વરસાદ છે. સોમેશ્વર મહાદેવ મંદિરના પૂજારી બસ મંદિરને તાળું દઈ પાછળ આવેલા પોતાના ઘરમાં જવા રવાના જ થતા હોય છે, એવામાં અચાનક તેનું ધ્યાન જાય છે. એક લઘરવઘર અને દાઢીવાળો કદરૂપો એવો માણસ મંદિરના દરવાજે આવીને ઊભો હોય છે. પૂજારીને તેના મોઢા પરથી ઓળખાયું આ કોઈ સજ્જન તો નથી જ. થોડું નજીક જતાં ખ્યાલ આવે છે કે તે તો રતનપુર ગામનો કુખ્યાત ચોર રવજી રાઠોડ છે! પૂજારીએ બારીમાંથી ટોર્ચ કરી બીજીવાર ખાતરી કરી કે આ રવજી રાઠોડ જ છે ને! કારણ કે આટલો કુખ્યાત ચોર કોઈ સ્વાર્થ વગર મંદિરમાં આવી જ ન શકે.

પૂજારી દરવાજા પાસે જાય છે ચોરે મોઢા પર બાંધેલું કપડું કાઢ્યું અને ઓશિયાળા બની ધોધમાર વરસાદમાં મંદિરમાં એક રાત આશરો લેવા આજીજી કરી. પૂજારી ધર્મિષ્ઠ અને સારા તેમ જ સાચા આચરણમાં માનનારા, આથી તેમણે ચોરને મંદિરમાં આશરો આપવાની સ્પષ્ટ ના પાડી. ચોરે ફરી એકવાર આજીજી કરી, પરંતુ પૂજારી એકના બે ન થયા. પૂજારીએ મોઢા પર જ દરવાજો બંધ કરી દીધો અને સૂવાનો પ્રયત્ન કર્યો. ચોર ત્યાંથી નીકળી ગયો અને પહેલીવાર ચોરને લાચારી અનુભવાઈ.

પૂજારી સૂતા તો ખરા, પરંતુ ખબર નહીં કેમ તેમને આજે નીંદર ન આવી. ચોરને આશરો ન આપ્યો તે સારું કર્યું કે ખરાબ કર્યું, તેની મથામણ મગજમાં હજુ સુધી ચાલી રહી હતી. પૂજારીને સોમેશ્વર મહાદેવની મૂર્તિ દેખાઈ મૂર્તિ જાણે બોલી રહી હોય તેવું એમને લાગ્યું! “મેં પૃથ્વી પર તને 40 વર્ષ રાખ્યો તું એક માણસને એક રાત પણ રાખી ન શક્યો! તું જગત કાજી બની ગયો છે!” પૂજારીને પોતાના વર્તન પર સખત પસ્તાવો થયો. તે ઊભો થયો અને ચોરને બોલાવ્યો. પોતે બરોબર વિચાર્યું કે મારે મારાં સારાં કર્મો શા માટે છોડવાં જોઈએ? ચોરને આજે લાગ્યું કે સારાઈની જીત થઈ. તેને પોતાનાં ખરાબ કર્મો માટે પસ્તાવો થયો અને તેણે તાત્કાલિક ચોરી છોડવાનો નિર્ણય લીધો.



# આપકી કસમ




મુકેશ દેસાઈ



બોપલના બંગલામાં સંજય મહેતા હીંચકા પર બેસીને ચા પીતાં રેડિયો સાંભળતા હતા. સવારનો આછો તડકો અને ‘આપકી કસમ’ ફિલ્મનું ગીત ‘‘કરવટેં બદલતે રહે સારી રાત હમ’’ વાગ્યું અને સંજય 50 વર્ષ પાછળ સરી ગયા.

સંજય લાલ દરવાજાથી દોડતાં-દોડતાં બસ પકડતો. તે નોકરી સાથે સાંજની એચ.એલ. કૉલેજમાં ભણતો હતો. એક દિવસ પ્રૉફેસરે મોડા આવવા બદલ ઠપકો આપ્યો. સંજયે કહ્યું, ‘‘સાહેબ નોકરી કરું છું, એટલે દોડીને આવું છું.’’ બજેટના પ્રશ્નોના તેણે સરસ જવાબ આપ્યા.

ક્લાસ પછી એક મધુર અવાજે તેને રોક્યો. "અભિનંદન, તમે સરસ બોલ્યા. હું વંદના. તમારી નોટબુક મળશે?" સંજયે હા પાડી. પછી તો લાઈબ્રેરી અને કેન્ટિનમાં તે વંદનાને એકાઉન્ટ્સ શીખવતો.

એકવાર વંદનાએ પૂછ્યું, "તું જૉબ કેમ કરે છે?" સંજયે જવાબ આપ્યો, "પિતાજી અકસ્માતમાં પથારીવશ છે. એટલે નોકરી કરવી પડી. ત્રણ વર્ષના ગેપ પછી ભણવા આવ્યો છું." બંને સારા મિત્રો બની ગયાં.

સંજય બધી વાત મિત્ર મલયને કહેતો. "મિત્રતાની રેખા પાસે ઊભો છું. એક ડગલું ભરું તો પ્રેમ થઈ જશે." મલયે કહ્યું, "પહેલાં ડિગ્રી પૂરી કર. ઘરની સ્થિતિ સુધાર."

મલયના ઘરે વંદના અને સંજય ચિઠ્ઠીની આપ-લે કરતાં. અચાનક વંદનાનો સંદેશો આવ્યો: "લૉ ગાર્ડનમાં મળ. અગત્યની વાત છે."

મળતાં જ વંદના બોલી, "હું સીધી વાત કરું છું. તું મારી સાથે લગ્ન કરીશ? ઘરમાં મારાં લગ્નનું દબાણ છે." સંજય ચોંક્યો. "પ્રેમ તો છે, પણ ડિગ્રી પછી કરીએ."

"ના, આ જ વર્ષે કરવાં પડશે," વંદનાએ કહ્યું.

બંને ખુશ થઈને 'રૂપમ'માં 'આપકી કસમ' પિક્ચર જોવા ગયા. ઘરે જઈને સંજયે "જય જય શિવશંકર" ગાતાં પ્રવેશ કર્યો, પણ માએ ખુશખબર આપ્યા, "અમરેલીથી સારું માગું આવ્યું છે. હવે વહુ આવે તો મને રાહત મળે." સંજયે કહ્યું, "હમણાં ઇચ્છા નથી."

**"મલયના ઘરે વંદના અને સંજય ચિઠ્ઠીની આપ-લે કરતાં. અચાનક વંદનાનો સંદેશો આવ્યો: "લૉ ગાર્ડનમાં મળ. અગત્યની વાત છે."**

બીજે દિવસે વંદનાનો સંદેશો: "આજે મને જોવા આવે છે. જલદી નિર્ણય લે." સંજયે હિંમત કરીને ઘરમાં કહ્યું, "મેં વંદનાને પસંદ કરી છે. તે બીજી જ્ઞાતિની છે."

ઘરમાં ભૂકંપ આવ્યો. માએ કહ્યું, "ખબરદાર! અમે કહીએ ત્યાં જ લગ્ન કરવાં પડશે." કાકા-કુવાએ ધમકી આપી, "નોકરીમાંથી કઢાવી દઈશું. અમરેલીવાળા તને ભાગીદાર બનાવશે." મલયે બચાવ કર્યો તો કુવાએ કહ્યું, "તને ગમે તો તું પરણી જા!"

છેલ્લી ધમકી માએ આપી, "જો એની સાથે લગ્ન કરીશ તો હું આપઘાત કરીશ અને પત્રમાં વંદનાને જવાબદાર કહીશ." સંજય તૂટી પડ્યો. તેણે હાર સ્વીકારી, "તમારી ઇચ્છા મુજબ કરીશ."

સાબરમતીના કિનારે બંને છેલ્લી વાર મળ્યાં. આંસુ સાથે એકબીજાને ભૂલી જવાની કસમ ખાઈને છૂટા પડ્યાં. કુટુંબની ઇચ્છા આગળ પ્રેમ હારી ગયો. બંને જુદા-જુદા લોકો સાથે પરણી ગયાં.

મલય પણ લાચાર હતો. 'સંજય વંદના ના રાજી તો ક્યાં કરેગા મલય?'

રેડિયો પર ગીત વાગ્યું: "જિંદગી કે સફર મેં ગુજર જાતે હૈ જો મકામ, વો ફિર નહિ આતે."

અધૂરા પ્રેમ પણ ભાગાકાર જેવો હોય છે. દાખલો પતે, પણ શેષ રહી જાય.

રેડિયો બંધ થયો. મોબાઈલ રણક્યો. વર્તમાનમાં આવેલા સંજય બોલ્યા, "વંદના કેમિકલના બધા શેર વેચી નાખો. શેષ બચવી ન જોઈએ."

# પુનર્જન્મ અને ઋણ

નયના અંજારિયા

રિશી અને રેણુ ખૂબ જ સુખી અને સમૃદ્ધ દંપતી હતું તેને એકમાત્ર સંતાન હતું જેનું નામ દત્તેશ, પણ બધા પ્રેમથી તેને દત્તુ કહીને બોલાવતા.

દત્તુ ખૂબ જ લાડકોડથી ઉછરેલો અને તે ખૂબ જ ધનવાન પરિવારમાં જન્મેલો જેથી જે કાંઈ જોતું તે બધું જ તેને મળતું પાંચ વર્ષ સુધી તેને કશી જ ખબર ન પડી અને ભગવાન કહે છે કે ગયા ભવનું ઋણ બાકી રહી ગયું હોય તો ભોગવી શકાતું નથી, પછી ધીમે ધીમે દત્તુનો વિકાસ અટકી ગયો, તે એક જ દિશા તરફ મોઢું કરીને બેસી રહેતો. ન બોલે કે ન ચાલે કેટલાં રમકડાં, પણ રમવાનું નામ નહીં. તેનાં માતાપિતાને ખૂબ જ ચિંતા થવા લાગી ને કેટલાય ડૉક્ટરને બતાવ્યું નખમાં પણ રોગ નહીં છતાં પણ તેની પરિસ્થિતિમાં કશો ફરક પડ્યો નહીં.

દત્તુ શરીરથી મોટો થવા લાગ્યો પણ બુદ્ધિમાં વિકાસ થતો અટકી ગયો. તેની બુદ્ધિ માત્ર પાંચ વર્ષ સુધી જ વિકસી ત્યાર બાદ તેમાં કોઈ જાતનો વિકાસ થયો નહીં.

રિશીનો મિત્ર ખાસ મનન એક સંતને જાણતો હતો, તેનાથી આ રિશીનું દુઃખ જોવાતું નહોતું માટે તેણે આ સંતની વાત રિશી સમક્ષ રજૂ કરી, રિશી આ કશામાં માનતો ન હતો તેમ છતાં દત્તુ માટે કરીને તેણે આ પ્રયત્ન પણ કરી જોયો અને બંને જણા વિશ્વાસથી



એ સંતની પાસે ગયા.

સંતે દત્તુને જોતાં જ એ પારખી ગયા અને માતા-પિતાને સમજાવ્યું કે તમારા સંતાનને ગયા ભવનું ઋણ છે! રિશીએ તરત કહ્યું અમને બોલો કેટલું ઋણ છે? અમે હમણાં જ ચૂકવવા તૈયાર છીએ...

સંત બોલ્યા એ એમ નહીં ચૂકવાય, વાત એમ છે કે તમારા દત્તુને ગયા જન્મમાં એક છોકરી સાથે પ્રેમ હતો, બંને લગ્ન કરવાનાં હતાં, પણ દત્તુનાં માતાપિતા આ લગ્ન માટે રાજી ન હતાં, કારણ કે છોકરી ગરીબ ઘરની અને ઓછું ભણેલી હતી, દત્તુ તેને સાચો પ્રેમ કરતો હતો અને એ એને આર્થિક રીતે પણ મદદ કરવા માટે તત્પર હતો!

અત્યારે એ છોકરીનાં લગ્ન થઈ ગયાં છે અને એ પોતાના સંસારમાં વ્યસ્ત છે! દત્તુ એ ઋણ ચૂકવવા ઇચ્છે છે, એ ઋણ ચૂકવશે ત્યારે જ એના બંધનમાંથી એ મુક્ત થશે અને સંપૂર્ણ રીતે તમારું થશે અને એ બધું જ ભૂલી જશે.

દત્તુનાં માતાપિતાએ સંતને વચન આપ્યું કે એ છોકરી અમને મળે ત્યારે અમે એને આ ઋણમાંથી દત્તુને મુક્ત કરાવી દઈશું.

આમ ને આમ બે વર્ષ નીકળી ગયાં. એક દિવસ દત્તુ અચાનક ઘરેથી ચાલ્યો ગયો માતાપિતાએ શોધખોળ કરી, તેઓએ મંદિર, ફરવાના સ્થળ, ધર્મશાળા આ બધે તપાસ કરી પણ દત્તુ ક્યાંય ન મળ્યો... બંને ખૂબ ચિંતા કરવા લાગ્યાં ત્યાં એમના પડોશીએ આવીને જણાવ્યું કે દત્તુ રેસ્ટોરન્ટમાં કોઈ સાથે વાત કરે છે. બંને જણા પડોશીએ જણાવેલા સરનામા પર પહોંચી ગયાં! ત્યાંનું દૃશ્ય જોઈને બંને સ્તબ્ધ બન્યાં... એક 40થી 45 વર્ષની સ્ત્રી સાથે દત્તુ વાત કરી રહ્યો હતો, તેનાં માતાપિતાએ પૂછ્યું તમને એ શું કહે છે પેલી સ્ત્રી જરા ગભરાયેલી હતી અને બોલી કે આ છોકરો જિદ્દ કરે છે કે મારી સાથે મારે ઘરે ચાલો.

રિશી અને તેની પત્ની સમજી ગયાં કે આ ચોક્કસ પેલી છોકરી છે જેની વર્ષોથી તેઓ રાહ જોઈ રહ્યાં છે, તેમણે છોકરીને આજીજી કરી કે તમે અમારી વાત માનો અને ઘરે ચાલો મારું આ બાળક કાંઈ ખાતું નથી કંઈ પીતું નથી માત્ર તમારા આવવાથી એને જીવનદાન મળશે! પેલી સ્ત્રી આમ અજાણ્યા લોકોની વાતોમાં આવવાથી ગભરાતી હતી. દત્તુની માએ તેને પુનર્જન્મની સંપૂર્ણ વિગત જણાવી ત્યારે એની માની આંખમાં આંસુ આવી ગયાં! દત્તુની માની આંખો જોઈ અને તેને વિશ્વાસ થયો અને એ સ્ત્રી એમની સાથે જવા તૈયાર થઈ. દત્તુનાં માતાપિતા પેલી સ્ત્રીના પરિવારની સંમતિ લઈને સ્ત્રીને પોતાની સાથે ઘરે લાવ્યાં. દત્તુએ દરેક વચન નિભાવ્યું જે પેલી છોકરીને ત્યારે એ સમયે આપેલું હતું. જેટલી રકમની વાત કરી હતી એટલી રકમ એને ચૂકવી આપી, પેલી સ્ત્રીને વર્ષો જૂની વાત યાદ આવી અને તેના ચહેરા પર એક જુદા જ પ્રકારની અસમંજસભરી લાગણી દેખાઈ.. દત્તુએ કહ્યું આ જ મારો ખોવાયેલો પ્રેમ છે પેલી સ્ત્રી આ વાત નકારી શકે તેમ નહોતું કારણ કે તેને વીસ વર્ષ જૂની બધી વાતો યાદ હતી એ પણ તેનો પહેલો પ્રેમ ભૂલી નહોતી, બસ સમયનું વહેણ તેને ખેંચી ગયું હતું!

અત્યારે પરિસ્થિતિ જુદી હતી વીસ વર્ષ પહેલાંનો શૌર્ય અત્યારે કોઈનો વહાલસોયો પુત્ર દત્તુ છે, અને અત્યારે એની જિંદગીનો સવાલ છે....

દત્તુએ આપેલ રૂપિયા માથે ચડાવીને સ્વીકાર્યા! અને તરત જ દત્તુએ પોતાની માને મા કહીને બોલાવી! અને એનો રૂંધાયેલો વિકાસ ઝડપભેર થવા લાગ્યો. દત્તુનાં માતાપિતાએ પેલી સ્ત્રીને માનભેર વિદાય આપી.

દત્તુ ભણવામાં પણ ખૂબ હોશિયાર થયો.

આ છે ગયા જન્મનું ઋણ!

# હંગામી સરનામું

નિમિષા મઝુમદાર



નિરાલીનું ધ્યાન અચાનક ઘડિયાળ પર ગયું, 'ઓહ! સવા પાંચ વાગી ગયા!'

લગ્ન પછીના પંદર દિવસની રજાઓનું ચઢેલું કામ પતાવતાં એને આજે મોડું થઈ ગયું. ઝટપટ કામ સમેટીને સોહમના ટેબલ પાસે ગઈ, "ઘેર જઈશું? મોડું થઈ ગયું! શારદાબેન સાડા પાંચે નીકળી જશે અને મમ્મીજીને... આજે પહેલા જ દિવસે કિન્ની સાથે..!"

"બસ, પાંચ મિનિટમાં નીકળીએ."

"એવું હોય તો હું રિક્ષામાં નીકળી જઉં?"

"અરે! ચિંતા ના કર! મમ્મી સાચવી લેશે!"

નિરાલી પરાણે બેઠી તો ખરી, પણ એના પેટમાં દરિયાના વમળની ઘૂમરીઓ ઊઠવા લાગી, 'મારું સ્કૂટર લાવી હોત તો સારું હતું. કાલથી બેય જણાં અલગ જ આવીશું. સાડા પાંચ સુધી હું ઘેર નહિ પહોંચું તો કિન્ની ધમાલ મચાવી દેશે! બૂમો પાડશે, જોરજોરથી

રડશે, જે હાથમાં આવ્યું એ ફેંકશે, કોણ જાણે શુંય કરશે! શારદાબેન થોડું રોકાય તો સારું, પણ એ બિચારાં ક્યાંથી રોકાય! એમની બસ જતી રહે તો બીજી સાત વાગે મળે. એમના ગયા પછી કિન્ની તોફાને ચઢે તો મમ્મીજી કેવી રીતે..!'

સોહમ એનું કામ પતાવીને ઊભો થયો. નિરાલી સામે જોઈને એને આશ્વસ્ત કરતું એક પ્રેમાળ સ્મિત આપ્યું પણ નિરાલીના મનની તપેલી ધરતી પર એ અડ્યું ન અડ્યું ને છમ્મ દઈને વરાળ બની ગયું! એ મૂંગી મૂંગી સોહમ પાછળ જઈને સ્કૂટર પર બેસી ગઈ.

આ પંદર દિવસ દરમ્યાન એક પણ વખત એવું કંઈ બન્યું નહોતું કે નિરાલીને લગ્ન કર્યાનો પસ્તાવો થાય. શારદાબેનને સોહમનું ઘર દૂર પડતું હોવા છતાં, નિરાલીએ એમને વધારે પગાર આપીને મનાવી લીધાં હતાં. કોરોનામાં મમ્મી-પપ્પા બેયને ગુમાવ્યા પછી શારદાબેન જ હતાં જે નિરાલીની અને શરીરથી બાવીસની પણ મનથી બે વરસની એની અબૂધ બહેનની મા બનીને રહ્યાં. સોહમે લગ્ન કરવાની વાત કરી ત્યારે તો નિરાલીએ ચોખ્ખી ના પાડી દીધી પણ સોહમનાં મમ્મી આશાબેન ખુદ એને સમજાવવા આવ્યાં અને કિન્નીને લઈને સાસરે આવવાની એની શરત પણ પ્રેમથી સ્વીકારી લીધી ત્યારે એ કબૂલ થઈ.

સ્કૂટર પર પાછળ બેઠેલું નિરાલીનું મન અત્યારે લગ્નના આગલા દિવસની સાંજમાં જઈ ઊભું. શારદાબેન છેલ્લી ઘડી સુધી એના મનનો સંશય દૂર કરવામાં લાગેલાં હતાં.

**આ લગ્ન હું ફક્ત એટલા માટે કરું છું કે મને એક પરિવાર મળે અને પાછલી ઉંમરમાં સહારો મળે.**

એમને અચાનક યાદ આવ્યું, “નિરાલી! તેં આધાર કાર્ડ, પોસ્ટ ઑફિસ અને બીજે તારું સરનામું બદલવાની અરજી આપી કે નહિ?”

“ના માશી, નથી આપી અને હમણાં આપવાની પણ નથી. હમણાં તો આ ઘર જ અમારું સરનામું રહેશે. આ લગ્ન હું ફક્ત એટલા માટે કરું છું કે મને એક પરિવાર મળે અને પાછલી ઉંમરમાં સહારો મળે. જે ઘડીએ મારી કિન્ની એ ઘરમાં દુ:ખી થશે એ ઘડીએ આ ઘર પાછું ખૂલી જશે. નોકરી છોડી નહિ શકું કારણકે સોહમ પાસે હાથ લાંબો કરવો પડે, એ મને નહિ ગમે! થોડા સમયમાં બધી ખબર પડી જશે. સોહમનું ઘર અત્યારે તો અમારું હંગામી સરનામું જ રહેશે જેથી છૂટાછેડા લેવાની નોબત આવે તો એમના ઘરને સહેલાઈથી ‘રામ રામ’ કરી દેવાય.”

સોહમનું સ્કૂટર નિરાલીના હંગામી સરનામે આવીને ઊભું રહ્યું અને નિરાલી ઉચાટભરી, જાળી ખોલીને અંદર ધસી ગઈ તો સામે હીંચકા પર આશાબેનના ખોળામાં માથું મૂકીને શાંતિથી ઊંઘતી કિન્ની નજરે પડી. આશાબેને એકદમ નાક પર આંગળી મૂકી એને ચૂપ રહેવાનો ઈશારો કર્યો અને સમજાવી દીધું કે પોતે એમ જ બેસી રહેશે જેથી કિન્નીની ઊંઘમાં ખલેલ ના પહોંચે. નિરાલીના પેટની ઘૂમરીઓ અચાનક જલતરંગની કટોરીનાં પાણી જેવી શાંત થઈ ગઈ.

એ રાતે એણે સોહમને કહ્યું, “આપણે હવે, અમારાં બેય બહેનોનાં આધાર કાર્ડ અને બૅન્કનાં સરનામાં બદલવાની વિધિ કરી દેવી જોઈએ!”

# ચેકમેટ




પદ્મજા વસાવડા



“વેલ કમ ટૂ યુ.એસ. ડિયર” ધૈર્યએ દ્વિજાને આલિંગન સાથે આવકાર આપ્યો. સોનલબહેન અને સંદીપભાઈ પણ તેમની કુળવધૂના આગમનથી ખૂબ પ્રસન્ન હતાં. “વેલકમ માય ડીયર દ્વિજાભાભી” સ્વીટીએ પણ હગ કરી દ્વિજાને અમેરિકાની નવી દુનિયામાં આવકાર આપ્યો.

સંદીપભાઈ અને સોનલબહેન વર્ષોથી અહીં સ્થાયી થયાં. પરદેશમાં રહીને પણ દેશની પરંપરા જાળવી રાખવાનો બંનેનો આગ્રહ. તેમણે ધૈર્ય અને સ્વીટીનો ઉછેર પણ એ રીતે કરેલો. દરેક કહેતાં, “દીવો લઈને ગોતવા જઈએ તોપણ અમેરિકામાં ઉછરેલાં આવાં સંસ્કારી સંતાનો મળવા મુશ્કેલ.”

ધૈર્યએ ઉચ્ચ અભ્યાસ કરીને સાયન્ટિસ્ટની ડિગ્રી મેળવી. પ્રતિષ્ઠિત કંપનીમાં બહુ સારા પગારે નોકરી પણ મળી. સંદીપભાઈ-

સોનલબહેનને આપણી સંસ્કૃતિને જાળવી રાખે તેવી કન્યા વહુ તરીકે આવે તેવી ઇચ્છા હતી. ધૈર્યએ તેની અનુમતિ આપી. ઈન્ડિયામાં તેમની જ્ઞાતિમાંથી ઘણી કન્યાઓની વાત આવી. દરેકને મળ્યા બાદ દ્વિજાની સુંદરતા, વાક્છટા જોઈ ધૈર્યએ તેની ઉપર પસંદગીની મહોર મારી. દ્વિજા ઘણી મહત્ત્વાકાંક્ષી. અમેરિકા જવાનું સ્વપ્ન સાકાર કરવા તેણે લગ્ન માટે સહમતિ આપી દીધી. પંદર દિવસમાં તો બંનેનાં લગ્ન થઈ ગયાં. લગ્ન બાદ એક અઠવાડિયું ફરીને ધૈર્ય અમેરિકા પાછો ફર્યો.

વીડિયો કૉલથી બન્ને મળતાં રહે. એક વર્ષ બાદ ધૈર્યનો ફોન આવ્યો.

“દ્વિજા, આજે તું ખુશીથી નાચી ઊઠે તેવા સમાચાર આપવા છે.”

“જલદી, બોલ ને” દ્વિજા આતુર થઈ.

“આપણી જુદાઈના દિવસો ગયા. તારી વિઝાની બધી વિધિ પૂરી થઈ ગઈ. હું તને બધાં જરૂરી પેપર્સ મોકલું છું તે લઈને તારે આવવાનું છે. તું અહીં ઊતરીશ ત્યારે તારું ગ્રીનકાર્ડ તારા હાથમાં હશે.”

સાંભળતાં જ દ્વિજા ઝૂમી ઊઠી!

સગાં-સંબંધીઓ અને મિત્રવર્તુળની હાજરીમાં ભવ્ય રિસેપ્શન યોજી દ્વિજાનું સ્વાગત કર્યું.

“ધૈર્ય, છ મહિના થયા હું આવી. મારી ઇચ્છા નીતામાસીને મળવા જવાની છે.” દ્વિજાએ મનમાં ઘોળાતી વાત મૂકી.

“શ્યોર, શ્યોર.”

“આમ પણ પિયરનું કોઈ હોય તેને મળવાનું મન થાય ને!” સોનલબહેને સંમતિ આપી દીધી.

“રીતેશ, આપણો પ્લાન બરાબર પાર પડ્યો. હું બે દિવસ પછી આવું છું. તું ઍરપૉર્ટ પર લેવા આવજે. પછી આપણે અમેરિકન સિટિઝન બનીને હંમેશ માટે સાથે રહી શકશું.”

“વાઉ, ધેટસ્ ગ્રેટ ન્યુઝ બેબી!” રીતેશ તેનાં પાસાં પાર પડ્યાં તે વાતે ખુશ હતો.

દ્વિજાએ જવાની બૅગ પૅક કરી. ફ્લાઈટ લૅન્ડ થતાં, તેની બાજી જીતી ગઈ એ ખુશી સાથે બહાર નીકળી. આસપાસ નજર ફેરવી ત્યાં રીતેશને ફોનમાં વાત કરતો જોયો. તેનું ધ્યાન નહોતું. તેને સરપ્રાઈઝ આપવા તે જુએ નહીં તેમ તેની નજીક ગઈ.

“રીમા, ચીઅર ડાર્લિંગ. હવે તારે બહુ રાહ જોવી નહીં પડે. દ્વિજા નામનું પંખી આપણી જાળમાં ફસાઈ ગયું છે. તેની સાથે મેરેજ કરીને હું ગ્રીન કાર્ડ લઈ લઉં પછી તેને બાય બાય કરીને આપણે મેરેજ કરી લેશું.”

સાંભળતાં જ દ્વિજાના પગ નીચેથી જમીન સરકી ગઈ! થોડીવાર તો કોઈ જોઈ ન જાય તેમ ખૂણામાં માથું પકડીને બેસી ગઈ.

વોશરૂમમાં ફ્રેશ થઈને સ્વસ્થતા કેળવી રીતેશને મેસેજ કર્યો,

“મેં તારી અને રીમાની વાત સાંભળી લીધી. બી એલર્ટ ક્વીન ઈઝ મૂવિંગ. નાઉ યૂ આર ચેક મેટ!” અને હંમેશ માટે નંબર બ્લૉક કરી દીધો.

“થૅન્ક ગોડ! તમે મને મોટું પાપ કરતાં બચાવી લીધી! એક સારા પરિવાર સાથે હું છળ કરવા જઈ રહી હતી!” મનોમન હાથ જોડ્યા.

“દ્વિજા, ક્યાં છો તું? અહીં બધાં તારી કેટલી ચિંતા કરે છે? બરાબર પહોંચી ગઈ?” ધૈર્યના અવાજમાં ફિકર દેખાતી હતી.

“પહોંચી ગઈ છું. બહાર નીકળતાં ખોટે રસ્તે જતી રહી હતી. હવે સાચો રસ્તો મળી ગયો. ચિંતા ન કરતાં. બે દિવસમાં પાછી આવી જઈશ.

# અંતિમ ક્ષણોનો ઉજાસ

પરેશ અંતાણી

આશરે ત્રીસેક વર્ષીય એ માતા, પોતાન સાત વર્ષની પથારીવશ બીમાર પુત્રીના કપાળે હાથ ફેરવી રહી હતી. એની પુત્રી શિખાને રક્તનું અંતિમ ચરણનું કૅન્સર હતું. આ હૉસ્પિટલમાં એના કૅન્સરની બધા જ પ્રકારની સારવાર થઈ ચૂકી હતી. છતાં પણ એ પળે પળે મૃત્યુ તરફ ધકેલાઈ રહી હતી. શિખાની માતાનું હૃદય, પુત્રીની આ હાલત જોઈને દુ:ખ અને પીડાથી વલોવાઈ રહ્યું હતું, પણ એ લાચાર હતી. એ ઈશ્વરને પ્રાર્થના કરવા સિવાય બીજું કંઈ કરી શકે એમ ન હતી.

માતાએ શિખાનો હાથ પોતાના હાથમાં લઈને પૂછ્યું, ‘બેટા શિખા, મને એ જણાવ તો, તારી ખાસ ઇચ્છા શું છે? તને તારી જિંદગીમાં શું બનવાનું ગમે?’

‘મમ્મી, અહીં હૉસ્પિટલમાં આ બધા ડૉક્ટર્સ અને નર્સિસ મારી જે ખડેપગે સેવા કરે છે, એ જોઈને મને ઘણું સારું લાગે છે. મને



પણ એમના જેવા ડૉક્ટર થવાનું ઘણું ગમશે.'

માતા હસી અને બોલી, 'હા, કેમ નહીં બેટા? તારું આ સપનું હું જરૂર પૂર્ણ કરીશ.'

બીજી સવારે એ માતા હૉસ્પિટલના મુખ્ય અધિક્ષકને મળવા ગયાં. એ એક મહિલા ડૉક્ટર હતાં અને સ્વભાવે ખૂબ માયાળુ હતાં. માતાએ તેમનો સમય લઈને તેમને પોતાની પુત્રીની વીતક કથા કહી સંભળાવી. એ સાથે એમણે પુત્રીની અંતિમ ઇચ્છા વિશે જણાવ્યું. માતાએ અધિક્ષકને વિનંતી કરી કે શિખાને ડૉક્ટરનું એપ્રેન પહેરાવીને તેને થોડા સમય માટે ડૉક્ટરનું પાત્ર ભજવવા દેવામાં આવે.'

'બહેન હું તમારી લાગણી સમજી શકું છું.. આપણે તો એના કરતાંય કંઈક વધારે સારું કામ કરી શકીએ.'

એમની વાત સાંભળીને અધિક્ષક ડૉક્ટર વિચારમાં પડી ગયા, થોડી વાર પછી એ બોલ્યાં,

'બહેન હું તમારી લાગણી સમજી શકું છું.. આપણે તો એના કરતાંય કંઈક વધારે સારું કામ કરી શકીએ.'

કાલે સવારે આઠ વાગ્યે તમારી પુત્રીને તૈયાર રાખજો.

હું મારા સ્ટાફને કહી રાખું છું, તેઓ તેમને લાવશે. અમે તો તેને એક આખા દિવસ માટે 'ઑનરરી ડૉક્ટર' બનાવશું. તેને ડૉક્ટર માટેની એપ્રન પહેરાવીને અમારી સાથે રાખશું. એ પણ હૉસ્પિટલે દર્દીઓનાં ખબરઅંતર પૂછતી રહેશે. એ અમારી સાથે જ લંચ લેશે. અલબત્ત, એને અમે સમયે સમયે દવાઓ આપતાં રહેશું. એની તબિયતની કાળજી લેશું. જરૂર પડે અમે તમને પણ બોલાવી લેશું. એ બધું અમારી પર છોડી દો.'

બીજી સવારે માતાએ શિખાને તૈયાર કરી. સમય થતાં હૉસ્પિટલની નર્સ આવી. શિખાને એના માપનો એપ્રન પહેરાવ્યો. એને માનપૂર્વક હૉસ્પિટલના આઉટડોર વિભાગમાં લઈ ગયા, ત્યાં એને ડૉક્ટર માટેની સીટ પર બેસાડવામાં આવી.

આમ, અગાઉથી નક્કી થયા પ્રમાણે ડૉક્ટર્સ અને નર્સોએ શિખાને પોતાની સાથે જ રાખી, તેને દર્દીઓ જોડે વાતચીત પણ કરાવી. બપોરે સૌ સાથે જમ્યા પણ ખરા.

માતા-પુત્રીનું સપનું સાચું પડ્યું અને તે પણ આટલા બધા પ્રેમ અને કાળજી સાથે. એ બંને જણ ખૂબ હર્ષવિભોર થઈ ગયા. શિખા તો જાણે સ્વર્ગમાં વીહરી હોય એમ ખુશ હતી.

એ પછીની રાત્રે શિખાની નાડીની ગતિ મંદ પડવા લાગી. ફરજ પરની નર્સે હાજર હતા એ બધા ડૉક્ટર્સ અને નર્સોને બોલાવી લીધા. ત્યારે તેને ડૉક્ટરનો એપ્રન પહેરાવવામાં આવ્યો. બધી નર્સો શિખાને વારાફરતી ભેટી અને કહ્યું, 'તેઓ બધા તેને ખૂબ પ્રેમ કરે છે.'

છેલ્લા શ્વાસ લેતી વખતે શિખા ધીમા અવાજે બોલી.

'શું હું સાચે સાચ ડૉક્ટર છું?'

સૌએ એકી અવાજે જવાબ આપ્યો, 'હા ચોક્કસ!'

શિખાના હોઠ સંતોષના સ્મિતમાં ફેલાયા અને તેની આંખો છેલ્લી વાર માટે મીંચાઈ ગઈ.

# સરનામું




**પરેશ જોષીપુરા**



છગનકાકા ૭૦ વર્ષના પોસ્ટ ઑફિસમાંથી રિટાયર થયા. ૪૦ વર્ષ ટપાલ પહોંચી, ગામનું એકેએક ઘર, એકેએક ગલી, એકેએક માણસ ઓળખે.

રિટાયરમેન્ટ પછી એકલા પડી ગયા. દીકરો અમેરિકા, દીકરી ઑસ્ટ્રેલિયા, પત્ની ૫ વર્ષ પહેલાં ગઈ. ઘર ખાલી, દિવસ ખાલી.

એક દિવસ જૂની પેટીમાંથી ૩૦ વર્ષ જૂનું પોસ્ટ કાર્ડ મળ્યું. સરનામું અધૂરું. “રમેશ”, મોતીશેરી, રાજકોટ. પિનકોડ નહીં, ઘરનો નંબર નહીં.

પોસ્ટ કાર્ડ પર લખ્યું હતું, "ભાઈ, માની તબિયત ખરાબ છે તરત આવજે - સુરેશ."

છગન કાકાને યાદ આવ્યું 30 વર્ષ પહેલાં આ કાર્ડ આવેલું. સરનામું અધૂરું હતું એટલે "Return to sender" મારીને પાછું મોકલેલું પણ મોકલનારનું સરનામું પણ નહોતું એટલે પેટીમાં પડ્યું રહ્યું.

છગનકાકાનું કાળજું કપાયું, "જો એ દિવસે મહેનત કરી હોત તો? રમેશને ખબર પડી હોત. માને મળી શક્યો હોત.

બીજા દિવસથી છગનકાકાએ નવું કામ શરૂ કર્યું. રોજ પોસ્ટ ઑફિસ જાય. 'Dead letter office'માં પડેલા અધૂરા સરનામાંવાળા પત્રો વાંચે ૨૦ વર્ષ જૂના, 30 વર્ષ જૂના, પછી આખા શહેરમાં ફરે. દુકાને દુકાને, ઘરે ઘરે પૂછે "આ ગામમાં કોઈ રમેશ-સુરેશનો ભાઈ છે? 30 વર્ષ પહેલાં મોતી શેરીમાં રહેતો હતો."

લોકો હસે "કાકા ગાંડા થયા છે?" ૧૪૭ પત્રો, એક પણ ન પહોંચાડી શક્યા. બધા મરી ગયા કે ગામ છોડી ગયા.

૧૪૮મો પત્ર ૨૫ વર્ષ જૂનો "પ્રિય દીકરી રાધા, તારા લગ્નમાં આવી ન શક્યો. માફ કરજે. તારા બાપુજી રતિલાલ" સરનામું "રાધા ફૂલવાડી - જામનગર."

કાકા જામનગર ગયા. ફૂલવાડી વિસ્તાર ૫ કિલોમીટરનો 3 દિવસ રખડ્યા. ચોથે દિવસે એક બાઈ મળી ઉંમર ૪૫ વર્ષ નામ રાધા.

"તારા બાપુજીનું નામ રતિલાલ?" રાધાની આંખો પહોળી થઈ ગઈ. "હા, પણ એ તો ૨૦ વર્ષ પહેલાં ગુજરી ગયા તમને કેમ ખબર?

કાકાએ પત્ર આપ્યો. રાધાએ વાંચ્યો. ધ્રૂસ્કે ધ્રૂસ્કે રડી પડી.

"મારાં લગ્નમાં બાપુજી ન આવ્યા, હું જીવનભર માનતી રહી કે એમને મારી પરવા નહોતી. મારા છોકરાને એમનું નામ પણ ન આપ્યું. આજે ખબર પડી... એમણે પત્ર લખ્યો હતો, પણ પહોંચ્યો જ નહીં.

રાધાએ કાકાના પગ પકડી લીધા. "તમે ૨૫ વર્ષ મોડા પણ મારા બાપુજીને મારા સુધી પહોંચાડ્યા."

છગનકાકા તે રાત્રે શાંતિથી સૂતા. સપનામાં ૧૪૭ લોકો આવ્યા. બધા હસતા હતા, કહેતા હતા "કાકા મોડું થયું, પણ સરનામું મળી ગયું."

બીજા દિવસે છગનકાક ન ઊઠ્યા ટેબલ પર એક ચિઠ્ઠી હતી "મારા મર્યા પછી મારી પેટીમાં પડેલા બધા પત્રો વહેચજો." ભલે ૧૦૦ વર્ષ મોડું થાય. પત્ર ક્યારેય મરતો નથી. બસ સરનામું ખોવાઈ જાય છે."

**"પ્રિય દીકરી રાધા, તારા લગ્નમાં આવી ન શક્યો. માફ કરજે. તારા બાપુજી રતિલાલ" સરનામું "રાધા ફૂલવાડી - જામનગર."**

# વાત માત્ર ફૂલોની હતી ?




પારૂલ મહેતા

ગામ આખામાં ચર્ચા હતી કે બગીચો તો બાબુશેઠનો! અને કેમ ના હોય? રામુકાકાએ લોહી સીંચીને પાણી પાયેલું! કેમ કે મુદ્દો એકલો શેઠાણીનાં ફૂલોના શોખનો ન હતો! રામુકાકાની એમાં પૂરજોશ મંજૂરીનો હતો! રામુકાકાની ગજરો બનાવવાની આવડતને લીધે જ તો શેઠાણી એમનાથી અભિભૂત હતાંને! ઊભયની યુવાની પછી તો પરસ્પર વારી ગઈ હતી. જોકે એ તો ત્રેવીસ વરસ પહેલાંની વાત. હવે વારસો બદલાઈ ગયો હતો અને પરબત બગીચો સંભાળતો હતો. બાપાએ શીખવેલી બગીચાની  માવજત એને પણ સહજ હતી.

હૉર્ન વાગ્યું ને પરબતની બેબાકળી નજર ગાડીમાંથી ઊતરતી શશિવદનાને જોઈ રહી.

“પરબત..”

શેઠશેઠાણીના ફોટાને તાજો હાર ચઢાવતો પરબત ચમક્યો! આ તો શશિવદનાનો ટહુકો!  કામ પડતું મૂકીને એતો ઊડવા જેવું દોડ્યો.

“મેમાન આવ્યા છે, જુહીના માંડવા તળેના બાંકડા સાફ કરજો.”

પરબત તો “જી હુજૂર”ની અદામાં લળી પડ્યો. એનું ચેતાતંત્ર



વળી પાછું હલબલી ઊઠયું. અંગ્રેજી અત્તરની તીવ્ર સોડમથી એનું નાક સળવળ્યું. કાળો સૂટ અને ચમચમતા બૂટ પહેરેલ યુવાને કરડાકીભરી નજરે પરબતના કસાયેલા ગૌર દેહને નખશીખ માપી લીધો. પરબત પણ ક્યાં ગાંજ્યો જાય એવો હતો? એણે પણ મૂછે તાવ દેઈને સામું સ્મિત વેર્યું.

"અચ્છા તો આ છે એમના મહેમાન!" એ મનોમન બોલ્યો.

સાંજ ઢળી ચૂકી હતી. જુહીની સોડમથી વાતાવરણ મહેંકી રહ્યું હતું. બીજી તરફ ચમેલી પણ કુરનીશ બજાવી રહી હતી. બગીચામાં બહાર પુરબહારમાં ખીલી ઊઠી હતી. પરબતે રાગ યમનના સ્વરો છેડ્યા. હવામાં અલૌકિક ગુંજ પ્રસરી રહી.

"જબ દીપ જલે આના, જબ શામ ઢલે આના, સંકેત મિલન કા ભૂલ ના જાના, મેરા પ્યાર ના બિસરાના..."

રાત્રિએ એનો જાદુઈ પાશ જમાવી દીધો હતો! રજનીગંધાની હારમાળા વચ્ચે થઈને શશિવદના માંડવામાં પ્રવેશી. જાણે કે લગ્નોત્સુક કન્યા! પરબતનું હૃદય ધડકી રહ્યું. એણે સજાવેલો માંડવો કોઈ સ્વર્ગીય વાતાવરણ રચી રહ્યો હતો. પરબત અધ્ધર શ્વાસે વર્તમાન પળોની અલૌકિકતાને અનુભવી રહ્યો. માંડવા તળે ખુશખુશાલ યુગલ કોઈ અલગ જ જગતમાં વિહરી રહ્યું હતું. દૂર ઊભેલ પરબત આગળ વધ્યો. હાથમાં પકડેલી ફૂલોની ટોપલી ઉપર ઢાંકેલું મલમલનું કપડું હળવેથી ખસેડયું, પછી જાતે બનાવીને તૈયાર કરેલો જુહીનો સુગંધિત પુંજ ધર્યો,

"મેમસાબ, આ ગજરો તો રહી જ ગયો હતો!"

એટલું કહી એ ધીરેથી પાછો ફર્યો.

લાલચટક ચાંદલા તળેની કાજળઘેરી આંખોમાંથી કોઈ અદ્ભુત ઇંગીતો ફેંકાયા. લાવણ્ય નીતરતી નજરો સાથે ગજરો પસવારતી શશિવદના માદક મલકીને બોલી,

"તમે જ પહેરાવોને."

પાછો ફરીને અડધે રસ્તે પહોંચી ગયેલો પરબત ઊભો રહી ગયો. પવનની એક લહેરખી આવી. એનું ધડકતું દિલ સ્થગિત થઈ ગયું જાણે! મહેમાનને સંબોધીને કહેવાયેલા શબ્દો, થયું કે જાણે એને જ કંઈક કહી રહ્યા હતા. શશિવદના તરફના આકર્ષણથી એ તરબોળ હતો. એનો સમગ્ર દેહ ગહેકી ઊઠ્યો, મહેકી ઊઠ્યો. એને બાપુ યાદ આવ્યા. શેઠાણીનો ગજરો પહેરેલો અંબોડો દૃશ્યમાન થયો. પછી માનું ઘર છોડવું અને બાબુશેઠના બંગલે વીતેલું ટળવળતું બાળપણ, એ બધું એની આંખ સામે તરી રહ્યું. એને એની સગર્ભા પત્ની યાદ આવી. એ દિવાસ્વપ્નમાંથી ઝકઝોળાઈને સભાન થયો. સજાગ થયો. એણે ઇતિહાસનું પુનરાવર્તન નહીં કરવાનો દૃઢનિશ્ચય કર્યો. હવે એની દુનિયા બદલાઈ ચૂકી હતી.

હાંફતાં ઝડપી પગલે એણે પોતાની ઓરડી ભણી દોટ મૂકી. ચંપાવતી અરીસા સામે ઊભી હતી. ભાલે લાલચટક ચાંદલો અને કાળી મોટી આંખોમાં કાજળ. આંખોમાંથી કોઈ અદ્ભુત ઇંગીતો ફેંકાયા. પદચાપ પ્રતિબિંબમાંથી નજીક આવતો અનુભવાતાં એણે આંખો મીંચી દીધી.

વર્ષો પછી પીઠ પર ઊના શ્વાસોચ્છવાસ અનુભવતી એ પુલકિત થઈ ઊઠી. જુહીની અકલ્પ્ય મહેકથી ઓરડો મઘમઘી ઊઠ્યો હતો!

"લો, ચંપાવતી, ગજરો"

અચંબિત થઈને ચંપા હળવેથી પ્રેમથી બોલી,

"તમે જ પહેરાવોને!"

વાક્યના અનુરણનની સુગંધને બંધ આંખે વારંવાર માણતા પરબતનું રોમેરોમ ઝંકૃત થઈ ઊઠયું! અને ઓરડો બાગબાગ થઈ ઊઠ્યો!

વર્ષો પછી.

# ભેટ




પ્રદીપ જોષીપુરા

'મમ્મી, લે.. આ તારા માટે.. મારી પહેલી સેલરીમાંથી પહેલી ખરીદી.. ગિફ્ટ, ફ્રોમ મી, મમ્મી!' - વત્સલે લતાબેનના હાથમાં જ્વેલરી બૉક્સ મૂક્યું.

'પણ.. આમાં શું છે, વત્સલ?'

'તું ખોલીને જો તો ખરી!..'

--- અને લતાબેને બૉક્સ ખોલ્યું.. સોનાના કીમતી સેટને જોતાંવેંત જ લતાબેન વિચારે ચઢી ગયા!.. સેટની ડિઝાઈન તેમને કંઈક જાણીતી લાગી!.. યાદ નહોતું આવતું, પણ આવો જ સેટ અગાઉ ક્યાંક જોયેલ હોય એવું લાગતું હતું!..

'શું વિચારે છે, મમ્મી?'



'વત્સલ, આવી જ ડિઝાઈન મેં ક્યાંક જોઈ હોય એવું લાગે છે!-- લતાબેન હજુ સેટ ને ધ્યાનથી નિરખી રહ્યાં હતાં..

'મને હજુ પણ યાદ છે અને તું ભૂલી ગઈ, મમ્મી?.. તને યાદ છે, આપણે પપ્પા સાથે ઈમિટેશન જ્વેલરીના એક સેલમાં ગયા હતા? હું તો ત્યારે નવેક વરસનો હોઈશ.. આવી જ ડિઝાઈનનો એક સેટ પણ ત્યાં હતો.. કિંમત તો માત્ર ત્રણસો રૂપિયા જ હતી, પણ પપ્પાના પગારમાંથી આપણું ઘર પણ માંડમાંડ ચાલતું, એમાં વળી આટલી મોંઘી ખરીદી તો ક્યાંથી થાય?.. મને બરાબર યાદ છે.. તે એ સેટને હાથમાં લઈને ઘણીવાર સુધી જોયા કર્યો હતો અને પછી એને પરત મૂકી ને તારે માટે સાદી બંગડી ખરીદેલી!.. હું તો ત્યારે નાનો હતો, પણ તારી આંખમાં મેં ભીનાશ જોયેલી.. તારું ધ્યાન નહોતું, મમ્મી!'

..અને ત્યારે જ મેં મનોમન નક્કી કરેલું કે ખૂબ ભણીને, ખૂબ મહેનત કરીને મારી પહેલી સેલરી જ એટલી લઈશ કે તારા માટે આવી જ ડિઝાઈનનો સોનાનો સેટ બનાવડાવી શકું!'- વત્સલ લતાબેનને જોઈ રહ્યો!

'અરે.. હા.. આવી જ ડિઝાઈન.. અસ્સલ આવો જ હતો.. પણ આટલો ખર્ચો શા માટે કર્યો?.. અને તે આટલા વરસે પણ આ યાદ રાખ્યું?!'-- લતાબેનની આંખમાં ખુશીનાં આંસુ હતાં...

'એય, આ જુવો.. વત્સલ મારા માટે શું લાવ્યો છે?'-- હજુ થોડા જ સમય પહેલાં ઑફિસેથી આવેલા મયંકભાઈને લતાબેને કહ્યું..

> **આવી જ ડિઝાઈનનો સેટ મેં વરસો પહેલાં આપણે ઈમિટેશન જ્વેલરીના એક સેલમાં ગયા હતા ત્યાં જોયેલો, મને ખૂબ ગમ્યો પણ હતો.. પણ ત્યારે આપણને એ ખરીદવો પોષાય તેમ નહોતું..**

'ઓહ! સુપર્બ! નાઈસ સેટ.. સોનાનો?'-- મયંકભાઈએ પૂછ્યું..

'હા.. અને સાંભળો.. આવી જ ડિઝાઈનનો સેટ મેં વરસો પહેલાં આપણે ઈમિટેશન જ્વેલરીના એક સેલમાં ગયા હતા ત્યાં જોયેલો, મને ખૂબ ગમ્યો પણ હતો.. પણ ત્યારે આપણને એ ખરીદવો પોષાય તેમ નહોતું.. વત્સલ ત્યારે ઘણો નાનો હતો, પણ એણે મારી લાચારી જોઈ લીધી હતી..અને આજે એ મારે માટે આ સોનાનો...'-- લતાબેન રડી પડ્યાં..

...મયંકભાઈ ચોંક્યા.. એને કંઈક યાદ આવ્યું..

'થોડીવારમાં આવું છું' કહીને ચપ્પલ પહેર્યાં.. પંદરેક મિનિટ બાદ ફરી ઘરમાં પ્રવેશતાં બોલ્યા..' લે.. લતા.. આઈસ્ક્રીમ લઈ આવ્યો છું.. પહેલાં વત્સલ ને આપ.. એનો ફેવરિટ.. ચોકો ક્રંચ!.. - અને વત્સલ સામે જોઈને હસીને બોલ્યા..' તે દિવસે તારે આઈસ્ક્રીમ પણ ખાવાનો હતો.. એ શરતે તો તું અમારી સાથે સેલમાં આવ્યો હતો!.. મને ઘેરે પરત આવ્યા બાદ યાદ આવેલું કે તારો આઈસ્ક્રીમ તો ભુલાઈ જ ગયો! મેં તને પૂછેલું પણ ખરું કે તને પણ યાદ ન આવ્યું?..' હું પણ ભૂલી ગયો, પપ્પા!'-- તેં મને કહેલું!..

...અને મયંકભાઈ મનમાં જ બોલ્યા..' નવ-દશ વરસનું છોકરું કોઈ દિવસ આઈસ્ક્રીમ લેવાનું ભૂલે?..

...તિરછી નજરે લતાબેને વત્સલ તરફ જોયું.. એ આઈસ્ક્રીમ ખાતાં ખાતાં મંદ મંદ મુસ્કુરાતો હતો..

# જૂનું ઘર ખાલી કરતાં

અ

પ્રણાલી દેસાઈ

આજે તો માનસીને ઘણા વખત પછી હા.....શ થયું. તેમનું રહેણાક ઘર ઘણા મહિનાઓથી વેચવા માટે કાઢ્યું હતું, તે વેચાઈ ગયું. આમ તો ચાળીસ વર્ષથી અપૂર્વ - માનસી આ ઘરમાં રહેતાં હતાં, પણ બાળકો મોટાં થયાં અને ચાંચે-પાંખે થયાં એટલે સ્વાભાવિક રીતે આ ઘર નાનું પડે. બાળકોને જૂની શૈલીનું પણ લાગે એટલે આ વેચીને નવી સોસાયટીમાં મોટું ચાર બેડરૂમ વાળું, અદ્યતન સગવડવાળું મકાન લઈ લીધું.

પણ માનસી - અપૂર્વને આ મકાન છોડવું જરાય નહોતું ગમતું. આ ઘર જ તેમનાં સ્વપ્નાં, ખાટીમીઠી યાદો, સારાનરસા પ્રસંગો, આનંદ, વિરહ, સુખ,દુઃખ બધાનું સાથી અને સાક્ષી હતું. આ ઘર છોડવાનો વિચાર જ તેમને વિહ્વળ બનાવી દેતો હતો.

અને ઘર ખાલી કરવું એ નાનીસૂની વાત નથી. ઝીણી ઝીણી સંઘરેલ વસ્તુઓ, વાસણો, ડિનરસેટ, ભેટમાં આવેલ વસ્તુઓ, યાત્રા કે ટૂર વખતે લીધેલ યાદગીરીઓ, જૂના ફોટા, જૂના વખતના પોસ્ટ કાર્ડ, greeting cards, વડીલોનાં લખાણ, ખૂબ સાચવીને રાખેલ રમકડાં,પુસ્તકોનો તો ખજાનો! આખું પુસ્તકાલય થઈ જાય એટલાં પુસ્તકો... આમાંથી શું છોડવું ને શું લેવું? પાછી બાળકોની સખત સૂચના કે મમ્મી-પપ્પા, પ્લીઝ, હવે જૂની વસ્તુઓમાંથી કાંઈ જ નવા ઘરમાં dump ન કરશો અને ફર્નિચર તો નહીં જ.

મનમાં થાય કે બાળકોને ખબર નથી જૂના ફર્નિચર જેટલુ નવું



મજબૂત ન હોય, તકલાદી હોય. પેલી હાથાવાળી ઝૂલતી ખુરશી કે પછી ટેકાવાળો હીંચકો કે સોફાસેટ કેટલાં comfortable છે? નવામાં તો ગાદીઓ જ એવી પોચીપોચી હોય કે કમર દુ:ખી જાય. પલંગ પણ એવા જ. દેખાવમાં રાજાશાહી, પણ વાપરવા ન ફાવે. પણ ભલે બાળકો હોંશથી વસાવે.

એમ કરતાં ઘર ધીમે ધીમે ખાલી થવા લાગ્યું. થોડું ખૂણેખાંચરે પડ્યું હોય એ જોતાં મેડા ઉપર એક બેગ ખસેડી તો ખૂણામાંથી એક વર્ષો પહેલાં ખોવાયેલી ઢીંગલી મળી!!! એ ઢીંગલી માનસીની લાડકી દીકરીને ખૂબ વહાલી. એનું નામ એણે પિંકી પાડ્યું હતું. એનાથી એ ખૂબ રમતી. પિંકીને શણગારે,, ફરવા લઈ જાય, જમાડે, સુવાડે ને મસ્ત રહે, પણ એકવાર ભાઈબહેન વચ્ચે ઝઘડો થયો એમાં ભાઈએ ઢીંગલી ક્યાંક ફેંકી દીધી. કેટલું ગોતી પણ પિંકી ન મળી.. કેટલાય દિવસો દીકરીના ઢીંગલી શોધવામાં, રડવામાં ગયા. ઘરના બધાએ પણ ખૂબ શોધી પણ મળી નહી તે છે......ક આજે વર્ષો પછી મળી! જ્યારે તેની દીકરીની દીકરી પણ ઢીંગલી રમવા જેવડી થઈ ગઈ.

માનસીએ ત્યારે જ દીકરીને ફોન કર્યો; એ સાંભળ! પિંકી મળી ગઈ!!! દીકરી ફોન પર પણ જાણે કૂદી રહી! હેં મમ્મી, સાચે જ પિંકી મળી ગઈ? શું વાત કરે છે? હું હમણાં જ લેવા આવું છું. અને તેનું આખું બાળપણ આંખ પાસેથી પસાર થઈ ગયું અને પછી દીકરાના રૂમમાંથી તેની રમત, સ્ટિકર, કાગળ પર દોરેલ આડાઅવળાં કાર્ટૂન સાથે એક ડ્રોઇંગ નીકળ્યું. જોઈને માનસીને હસવું આવી ગયું. નાનાં બાળકો સાથે દીકરો પણ ચોકમાં રમતો હતો. ત્યારે ક્રિકેટ રમતાં કોઈથી મંછાબેનની બારીનો કાચ તૂટ્યો. અને સ્વાભાવિક રીતે જ મંછાબેન જે ચિડાયા છે! બોલ તો લઈ જ લીધો, પણ બાળકો તેનુ ચંડિકા સ્વરૂપ જોઈને પોતપોતાનાં ઘરમાં ઘૂસી ગયાં અને માનસીના દીકરાએ ઘેરે આવીને મંછાબેનનું ઉગ્ર સ્વરૂપ અને અસ્તવ્યસ્ત વાળવાળું ચિત્ર દોરેલું. એ જ આ ચિત્ર! ..ત્યારથી એને મંછાબેન ઉપર ખૂબ ગુસ્સો.. એમ કરતાં દાદાજીની ડાયરી, તેણે સાચવેલ બાળકોની નાની નાની વસ્તુઓ, સ્ટીકર, રબર, લખોટી, જૂની ટિકિટો વગેરે હાથ આવ્યું.

આવી કેટલીય ઝીણી વસ્તુ, જેનું ભૌતિક મૂલ્ય કશું નહીં, પણ ભાવપૂર્ણ રીતે અમૂલ્ય. છતાં ઘર ખાલી કરતી વખતે લાગણીઓ ઉપર સંયમ રાખી દાન કરી દેવું પડે છે અથવા ફેંકી દેવું પડે છે. જે વસ્તુઓ વસાવવા આપણે કેટલી મહેનત કરીએ છીએ, કરકસર કરીએ છીએ તેને જ જવા દેવી પડે છે.

અપૂર્વ-માનસીને એના ઉપરથી વિચાર આવ્યો કે આપણું શરીર છે એ પણ ભાડાના મકાન જેવું જ છે ને? એ મકાન પણ આપણે એક દિવસ છોડી જ દેવાનું છે. જો આપણે આપણા જૂના મકાનમાંથી નવા મકાનમાં જવા બધો કચરો સાફ કરીને જઈએ છીએ તો આપણો આત્મા જ્યારે દેહ છોડીને જાય અને નવા શરીર રૂપી મકાનમાં જાય ત્યારે જૂના શરીરનો મદ, મોહ, લોભ, ઈર્ષ્યાભાવ, ક્રોધ, અહંકાર રૂપી કચરો આપણે સાફ કરીએ છીએ ખરાં?

દુન્યવી રીતે નવું ઘર વસાવવા કરતાં જૂનું ઘર ખાલી કરવું વધારે અઘરું છે!

અને માનસી-અપૂર્વએ એ રીતે વિચારતાં જ પોતાની લાગણીઓને કાબૂમાં રાખી નવા ઘરમાં નવાં સાધનો સાથે જવાનો સંકલ્પ કર્યો અને હોંશે હોંશે જૂનું ઘર છોડવા અને નવા ઘરમાં ગૃહપ્રવેશ કરવા તૈયાર થઈ ગયાં.

હા, અષાઢી બીજે ગૃહપ્રવેશમાં તમે પણ જરૂર આવજો હો!!!!

# ખાલીપો




પ્રણતી આચાર્ય



પાણિયારે મૂકેલા નાનકડા દીવામાં આજે પણ જ્યોત એ જ રીતે ઝળકતી હતી, પરંતુ આજે તે જ્યોતમાં કંઈક અલગ હતું. વર્ષોનો ભૂતકાળ જાણે પ્રકાશ બનીને તેની સામે ઊભો હતો. માલતીબહેન ધીમે ધીમે દીવાની સામે બેઠાં. ઘરનો એક ખૂણો આજે અજાણ્યો લાગતો હતો. દીવાલો, બારીઓ, આંગણું, તુલસીક્યારો - બધું જ જાણે તેમને રોકવા માંગતું હતું. આજે આ ઘર સાથેનો તેમનો છેલ્લો દિવસ હતો.

અચાનક તેમની નજર જ્યોત પર સ્થિર થઈ ગઈ અને યાદોનાં દ્વાર ખૂલી ગયાં.. પચ્ચીસ વર્ષ પહેલાંની એ કાળી સાંજ...

પતિ રમેશભાઈ રોજની જેમ કામ પરથી પરત ફરી રહ્યા હતા, પરંતુ રસ્તામાં થયેલા અકસ્માતે બધું જ બદલી નાખ્યું.



એક પળમાં માલતી બહેનના જીવનનો આધારે છીનવાઈ ગયો ત્યારે તેમની દીકરી નિધિ માત્ર પાંચ વર્ષની હતી તે રાત્રે આખું ઘર લોકોથી ભરાઈ ગયું હતું, છતાં માલતીબહેનના કપાળમાં અને જીવનમાં અકથ્ય ખાલીપો અનુભવાતો હતો. જીવનમાં પહેલી વાર સમજાયું હતું કે માણસની ગેરહાજરી કેટલી મોટી હાજરી બની જાય છે.

સમયનું ચક્ર આગળ વધતું રહ્યું. આંસુઓને આંખોમાં જ રોકીને તેમણે જીવન સાથે સમાધાન કર્યું. સિલાઈનું કામ કરીને, ઘરમાં રસોઈ બનાવીને અને અનેક સંઘર્ષો વેઠીને તેમણે નિધિને ભણાવી. દરેક મુશ્કેલીમાં આ ઘર તેમનું સાથી બન્યું. ક્યારેક તેની દીવાલો તેમની પીડાની સાક્ષી બની, તો ક્યારેક તેમની ખુશીઓની.

નિધિ ભણવામાં હોશિયાર હતી. ધીમે ધીમે તેણે સફળતાનાં શિખરો સર કરવાં શરૂ કર્યાં. જ્યારે નિધિને બૅન્કમાં નોકરી મળી ત્યારે માલતીબહેનને લાગ્યું કે વર્ષોનો સંઘર્ષ રંગ લાવ્યો. નોકરી મળ્યા પછીનાં થોડાં વર્ષોમાં જ નિધિનાં લગ્ન થઈ ગયાં. દીકરીની વિદાય વખતે માલતીબહેને મક્કમ મને હસતાં મોંઢે દીકરીને વળાવી, પરંતુ દીકરીની કાર નજરથી ઓઝલ થતાં જ ઘરમાં ફરી એકવાર ખાલીપો ઊતરી આવ્યો હતો. હવે આંગણામાં તેનું હાસ્ય નહોતું સંભળાતું, રસોડામાં મસ્તી દેખાતી નહોતી. ઘરમાં બધું હતું, છતાં કંઈક નહોતું.

સમય જતાં એકલતા વધતી ગઈ, નિધિ વારંવાર કહેતી, "મા, આ મોટું ઘર રાખીને શું કરશો? મારી પાસે આવી જાઓ. ઘણા વિચારો પછી નિધિની લાગણી અને ચિંતાને માન આપી તેમણે ઘર વેચવાનો નિર્ણય લીધો, આજે એ જ દિવસ હતો.

**દીકરીની કાર નજરથી ઓઝલ થતાં જ ઘરમાં ફરી એકવાર ખાલીપો ઊતરી આવ્યો હતો.**

દીવાની જ્યોતમાં તેમને રમેશભાઈનો હસતો ચહેરો દેખાયો. નિધિનાં બાળપણનાં પગલાં સંભળાયાં. જન્મદિવસની ઉજવણીઓ, પરીક્ષાનાં પરિણામો, લગ્નનાં ગીતો, હાસ્ય અને આંસુઓ - બધું જ એક પછી એક આંખો સામે જીવંત થઈ ગયું.

તેટલામાં બહાર બાઈકનો અવાજ સંભળાયો.

માલતીબહેન ચમકી ઊઠ્યાં. ઘરની બહાર નવા માલિકો આવી પહોંચ્યા હતા. હવે આ ઘરનો કબજો તેમને સોંપવાનો હતો.

તેમણે એક ઊંડી નજર આખા ઘરમાં ફેરવી, આ માત્ર ઈંટ-પથ્થરનું મકાન નહોતું, અહીં તેમના જીવનનાં પચ્ચીસ વર્ષ ધબકતા હતાં. પતિની સ્મૃતિઓ, દીકરીનું બાળપણ, સંઘર્ષના દિવસો અને અસંખ્ય લાગણીઓ અહીં સમાયેલી હતી.

તેમની આંખોમાંથી બે ટીપાં સરકી પડ્યાં, પરંતુ તરત જ તેમણે આંસુ લૂછી નાખ્યાં. ધીમે ધીમે ભારે હૈયે ભગવાનનાં ચરણોમાં નમન કર્યું. તેમને અચાનક સમજાયું કે ખાલીપો ઘરમાં નથી હોતો, ખાલીપો તો સ્મૃતિઓ અને સંબંધોની વચ્ચે જન્મે છે અને કેટલીક વાર તે જીવનભર આપણો સાથી બની રહે છે.

એક છેલ્લી વાર ઘરના ઊંબરે હાથ ફેરવી, માલતીબહેને દરવાજો બંધ કર્યો.

પાછળ ઘર રહી ગયું.  
આગળ જીવન હતું.  
અને વચ્ચે....  
એક અનંત ખાલીપો.

# હું મને મળી



પ્રેરણા કીર્તિ

મીતા અને મિતેશ બન્ને મોજીલાં હતાં. સુખી દંપતી કેવું હોય એ કોઈ મીતા-મિતેશ પાસેથી જ જાણે. બન્ને હમનામ ને એવાં જ સ્વભાવે પણ સરખાં. કાયમ હસતાં-હસાવતાં, એકમેકને સાચી રીતે સમાજનારાં હતાં. મીતા અને મિતેશ. બન્ને એકબીજાની અને ઘરના અન્ય સભ્યોની જરૂરિયાતો વગર કહ્યે સમજી જતાં તો એકબીજા માટે નિ:સ્વાર્થ ભાવે કરી છૂટવામાં અને કોઈકને કંઈક મદદરૂપ થઈ શક્યાના સંતોષમાં માનનારાં હતાં. તેમનાં દીકરો અને દીકરી પણ યુવાવસ્થામાં હતાં. બન્ને છોકરાઓ વિદેશની યુનિવર્સિટીમાં ઉચ્ચ અભ્યાસ કરી રહ્યાં હતાં. અહીં મીતા અને મિતેશ સામાજિક જવાબદારીઓ નિભાવતાં હતાં.

રવિવારની સાંજ હતી. મીતા અને મિતેશ બન્ને ચાલીને ઘેર પરત ફરી રહ્યાં હતાં. પડોશનાં નીતાબેને મીતાને બોલાવતાં કહ્યું, “અરે મીતાબેન, તમને ખ્યાલ છે આજના છાપામાં છે કે શહેરની

> **“સુખી દંપતી કેવું હોય એ કોઈ મીતા-મિતેશ પાસેથી જ જાણે. બન્ને હમનામ ને એવાં જ સ્વભાવે પણ સરખાં. કાયમ હસતાં-હસાવતાં, એકમેકને સાચી રીતે સમાજનારાં હતાં.**

કોઈ સંસ્થા મહિલા કવયિત્રીઓ માટે કાવ્યશિબિરનું આયોજન કરી રહી છે. કવિતા લખવાના માર્ગદર્શન સાથે અપ્રકાશિત કવિતાઓ પુસ્તક સ્વરૂપે પ્રકાશિત પણ કરશે. હું વિચારું છુ કે શિબિરમાં જોડાઉં. તમે પણ આવો કૉલેજકાળમાં સરસ લખતાં એવું એક વખત કહેતાં હતાં. તો ચાલો ને, સાથે ભાગ લઈએ. એ બહાને કંપની પણ રહેશે.'': મિતાએ કહ્યું, “હા ચોક્કસ નીતાબેન. હું છાપામાં વિગત જોઈ લઉં છું, પણ શું છે કે ઘણાં વર્ષોથી કશું લખ્યું નથી ને! તમે પણ તો....'' મિતેશ વચ્ચે જ બોલી પડ્યો, “અરે મીતા, તું કવિતાઓ લખે છે? તેં અત્યાર સુધી મને કહ્યું પણ નહીં! ચાલ, ઘેર જઈને મને અત્યારે તારી જ કવિતાઓ સંભળાવ ને રજિસ્ટ્રેશન આજે જ કરી લે. નીતાબેન, તમે પણ કરી જ લેજો રજિસ્ટ્રેશન ને બન્ને સાથે જ જજો.'' મીતા બોલી, “થેંક્સ મિતેશ, તને ન કહેવું એવું નહોતું. આ તો હું સંતાકૂકડી રમી રહી હતી મારી જાત સાથે. છુપાઈ ગઈ હતી ક્યાંક થોડા સમય માટે, પણ હવે... હું મને મળી ગઈ. થેંક્સ ટુ યુ મિતેશ.''

✍

# મહેનતનું ફળ

રીટા વૈદ્ય

એક નાનકડા ગામમાં રાઘવ નામનો એક ગરીબ છોકરો રહેતો હતો. તેના પિતા ખેડૂત હતા અને ખૂબ જ મહેનત કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. રાઘવ બાળપણથી જ હોશિયાર અને મહેનતુ હતો. તેને ભણવાનો ખૂબ શોખ હતો, પરંતુ ઘરની આર્થિક સ્થિતિ સારી ન હોવાથી ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો.

ગામમાં એક જ શાળા હતી. રાઘવ દરરોજ પાંચ કિલોમીટર ચાલીને શાળાએ જતો. વરસાદ હોય કે તડકો, તે ક્યારેય શાળા જવાનું છોડતો નહોતો. તેના શિક્ષકો પણ તેની મહેનત અને શિસ્તથી ખૂબ ખુશ હતા. એક દિવસ શાળામાં નિબંધ સ્પર્ધા યોજાઈ. રાઘવે ખૂબ જ સુંદર નિબંધ લખ્યો અને પ્રથમ ક્રમે



આવ્યો. તેને ઈનામ તરીકે પુસ્તકો મળ્યાં. પુસ્તકો મળતાં તેની ખુશીનો પાર રહ્યો નહીં.

સમય પસાર થતો ગયો. રાઘવ ધોરણ પછી ધોરણ સારા ગુણ સાથે પાસ થતો ગયો. ગામના લોકો પણ તેની પ્રશંસા કરતા, પરંતુ જ્યારે તે ઉચ્ચ અભ્યાસ માટે શહેર જવા માંગતો હતો ત્યારે પૈસાની મોટી સમસ્યા ઊભી થઈ. તેના પિતાને લાગ્યું કે હવે દીકરો ભણવાનું છોડીને ખેતીમાં મદદ કરશે, પરંતુ રાઘવનું સપનું મોટું હતું.

એક દિવસ ગામમાં એક સમાજસેવક આવ્યા. તેમણે ગામના હોશિયાર વિદ્યાર્થીઓ વિશે માહિતી મેળવી. જ્યારે તેમને રાઘવ વિશે ખબર પડી ત્યારે તેમણે તેની મુલાકાત લીધી. રાઘવે પોતાની પરિસ્થિતિ અને સપનાઓ વિશે જણાવ્યું. સમાજસેવક તેની વાત સાંભળીને ખૂબ પ્રભાવિત થયા. તેમણે રાઘવના અભ્યાસનો તમામ ખર્ચ ઉઠાવવાની જવાબદારી લીધી.

**“રાઘવે પોતાની પરિસ્થિતિ અને સપનાઓ વિશે જણાવ્યું. સમાજસેવક તેની વાત સાંભળીને ખૂબ પ્રભાવિત થયા. તેમણે રાઘવના અભ્યાસનો તમામ ખર્ચ ઉઠાવવાની જવાબદારી લીધી.**

રાઘવ શહેરમાં ગયો અને ખૂબ જ મહેનતથી અભ્યાસ કરવા લાગ્યો. તે દિવસ-રાત એક કરીને ભણતો. ઘણીવાર તેને ઘર યાદ આવતું, પરંતુ તે પોતાના લક્ષ્યથી ક્યારેય ડગ્યો નહીં. વર્ષો સુધીની મહેનત પછી તેણે સ્પર્ધાત્મક પરીક્ષા પાસ કરી અને એક ઉચ્ચ સરકારી અધિકારી બન્યો.

જ્યારે તે પોતાના ગામમાં પાછો ફર્યો ત્યારે સમગ્ર ગામ તેના સ્વાગત માટે ઊમટી પડ્યું. તેનાં માતા-પિતાની આંખોમાં આનંદનાં આંસુ હતાં. ગામનાં બાળકો તેને પ્રેરણારૂપ માનવા લાગ્યાં. રાઘવે ગામમાં એક પુસ્તકાલય અને અભ્યાસ કેન્દ્ર શરૂ કર્યું જેથી અન્ય ગરીબ બાળકોને પણ શિક્ષણની સારી તક મળી શકે.

એક કાર્યક્રમમાં ભાષણ આપતાં રાઘવે કહ્યું, “ગરીબી ક્યારેય સફળતાના માર્ગમાં અવરોધ નથી બનતી. જો મનમાં દૃઢનિશ્ચય, મહેનત અને ધીરજ હોય તો કોઈ પણ વ્યક્તિ પોતાનાં સપનાં સાકાર કરી શકે છે. મુશ્કેલીઓ આપણને રોકવા માટે નહીં, પરંતુ વધુ મજબૂત બનાવવા માટે આવે છે.”

તેના શબ્દોએ સૌના હૃદયને સ્પર્શી લીધા. ગામનાં ઘણાં બાળકોને નવી પ્રેરણા મળી. રાઘવની સફળતા માત્ર તેની પોતાની નહોતી, પરંતુ સમગ્ર ગામની સફળતા બની ગઈ.

બોધ: સતત મહેનત, આત્મવિશ્વાસ અને ધીરજથી કોઈ પણ લક્ષ્ય પ્રાપ્ત કરી શકાય છે. મહેનતનું ફળ હંમેશાં મીઠું હોય છે.

# અવાજનો સિક્કો




રીટા વૈદ્ય

ઓરડાના ખૂણામાં પડેલા જૂના સમયના ટેબલ-લેમ્પનો ઝાંખો પીળો પ્રકાશ શરદભાઈના ચહેરા પરની કરચલીઓને વધુ ઘેરા લોહીથી કોતરી રહ્યો હતો. નિવૃત્તિ પછીના આ દિવસોમાં સમય જાણે સરકતો નહોતો, પણ એક જ જગ્યાએ થીજી ગયો હતો. દીકરો મિલિંદ તેના વૈભવી ફ્લેટના બીજા છેડે કમ્પ્યુટરના કી-બોર્ડ પર આંગળીઓ પછાડી રહ્યો હતો, જેનો ટક-ટક અવાજ શરદભાઈના કાનમાં એકલતાના હથોડા જેવો વાગતો હતો. દીકરો ઘરમાં હતો છતાં બંને વચ્ચે એટલું અંતર હતું જે કદાચ કોઈ ફૂટપટ્ટીથી માપી શકાય તેમ નહોતું. શરદભાઈને થતું, આજના માણસે સુવિધાના નામે પોતાની સંવેદનાઓને કેવી સરસ લોક કરી દીધી છે!



એ જ રાત્રે બહાર અચાનક મુસળધાર વરસાદ શરૂ થયો. મુંબઈની એ ગગનચુંબી ઇમારતો વચ્ચે પવનનો સુસવાટો કોઈ અજાણ્યા આક્રંદ જેવો લાગતો હતો. અચાનક, આખી સોસાયટીની વીજળી ગુલ થઈ ગઈ. ઘોર અંધારું અને એથીય ઘોર મૌન આખા ઓરડામાં પથરાઈ ગયું. કી-બોર્ડની એ યાંત્રિક ટક-ટક પણ અટકી ગઈ.

અંધારામાં શરદભાઈએ એક ઊંડો શ્વાસ લીધો. એમને લાગ્યું કે વર્ષો પછી આ દીવાલો પાછી શ્વાસ લઈ રહી છે. થોડી ક્ષણો પછી અંધારાને ચીરતો મિલિંદનો પગરવ સંભળાયો. એ હાથમાં મીણબત્તી લઈને શરદભાઈના રૂમ તરફ આવી રહ્યો હતો. મીણબત્તીના ધ્રૂજતા પ્રકાશમાં મિલિંદનો ચહેરો કંઈક જુદો જ દેખાતો હતો—એમાં રોજની એ દોડધામ કે કૃત્રિમ ગંભીરતા નહોતી, પણ એક અસહાયતા હતી.

**મિલિંદનો અવાજ ધીમો હતો, પણ એમાં એક વર્ષો જૂની ભીનાશ હતી, જે કદાચ તે પોતે પણ ભૂલી ગયો હતો.**

“પપ્પા, તમે ઠીક છો ને?”

મિલિંદનો અવાજ ધીમો હતો, પણ એમાં એક વર્ષો જૂની ભીનાશ હતી, જે કદાચ તે પોતે પણ ભૂલી ગયો હતો.

શરદભાઈએ અંધારામાં દીકરાનો હાથ પકડ્યો. એ હાથ આટલો ઠંડો હશે એવી એમણે કલ્પના નહોતી કરી.

“હું ઠીક છું બેટા. તું અહીં બેસ,”

શરદભાઈએ ખાટલા પર જગ્યા કરી.

બંને જણા અંધારામાં મૂંગા બેઠા રહ્યા. બહાર વરસાદની હેલી ચાલુ હતી. મિલિંદે મીણબત્તી ટેબલ પર મૂકી અને અચાનક બોલ્યો,

“પપ્પા... જ્યારે હું નાનો હતો અને ગામડામાં વીજળી જતી, ત્યારે તમે મને આવી જ રાત્રે વાર્તાઓ કહેતા. આજે બહુ વર્ષો પછી એ દિવસો યાદ આવ્યા. આ મશીનો પાછળ દોડતા દોડતા મને ક્યારેય તમારી એકલતાનો વિચાર જ ન આવ્યો. મને માફ કરજો.”

મિલિંદનો અવાજ સહેજ ધ્રૂજ્યો.

શરદભાઈની આંખોના ખૂણા ભીના થયા. વીજળી જવાથી બાહ્ય પ્રકાશ ચાલ્યો ગયો હતો, પણ બે હૃદયો વચ્ચે સંવાદનો એક નવો જ દીવો પ્રગટ્યો હતો. એમણે મિલિંદના માથે હાથ ફેરવ્યો અને કહ્યું,

“ગાંડા, સંબંધોમાં માફી ન હોય, બસ પરસ્પરનો સ્પર્શ જ કાફી હોય છે.”

વીજળી પાછી આવી ગઈ. રૂમ ફરીથી ઝળહળી ઊઠ્યો, પણ આ વખતે મિલિંદ પોતાના લેપટોપ તરફ ન ગયો. એ પપ્પાની પાસે જ બેસી રહ્યો. ધિરેન્દ્ર મહેતાની શૈલીની ગરિમા એ જ છે કે જ્યાં બાહ્ય સંવાદો અટકે છે, ત્યાંથી આત્માના તાર જોડાય છે. ભૌતિકતાના અંધકાર વચ્ચે આજે એક દીકરાએ પિતાના હૃદયનો સાચો ધબકારો સાંભળી લીધો હતો.

# આકાશના વાદળ અને ઈન્ટરનેટના ક્લાઉડ વચ્ચેનો સંવાદ




ઋત્વી બુચ

ચોમાસાની એક સાંજે, આકાશમાં કાળાંડિબાંગ વાદળો ઘેરાયાં હતાં. એ જ સમયે, એક આઈટી કંપનીની ઑફિસમાં બેઠેલી એન્જિનિયર રાતદિવસ એક કરીને ડેટા "ક્લાઉડ" પર અપલોડ કરી રહી હતી. અચાનક, ઑફિસની બારીમાંથી દેખાતા આકાશના વાદળ અને ડિજિટલ દુનિયાના 'ક્લાઉડ' વચ્ચે એક રસપ્રદ વાતચીત શરૂ થઈ.

કુદરતી વાદળ (આકાશમાંથી ગર્જના કરીને): "અરે ભાઈ! તું કોણ છે? આજકાલ આ પૃથ્વીના માણસો દિવસ-રાત તારું જ નામ જપ્યા કરે છે. 'ડેટા ક્લાઉડ પર મૂકો', 'ફોટો ક્લાઉડમાં સેવ કરો'... અરે, તારું અસ્તિત્વ ક્યાં છે? મારા જેવું રૂપ છે તારી પાસે?"

ડિજિટલ ક્લાઉડ (સર્વર રૂમમાંથી હળવા ગણગણાટ સાથે): "પ્રણામ મોટાભાઈ! ના, મારી પાસે તમારા જેવું સુંદર, સફેદ કે



કાળું રૂપ નથી. હું તો અદૃશ્ય છું. હું પૃથ્વી પર ફેલાયેલા લાખો શક્તિશાળી સર્વર્સ, કેબલ્સ અને ડેટા સેન્ટર્સનું એક નેટવર્ક છું. માણસો પોતાની ડિજિટલ મિલકત મારામાં સાચવે છે.''

કુદરતી વાદળ (હીને): ''સારું, પણ તારું નામ 'ક્લાઉડ' કેમ રાખ્યું? વાદળનું કામ તો વરસવાનું અને ધરતીને તૃપ્ત કરવાનું છે. તું શું વરસાવે છે?''

ડિજિટલ ક્લાઉડ: ''વાત બહુ મજાની છે ભાઈ. જેમ તમે આખી દુનિયા પર ફેલાયેલા છો અને ગમે ત્યાંથી દેખાવ છો, તેમ હું પણ ઈન્ટરનેટના માધ્યમથી આખી દુનિયામાં ગમે ત્યાંથી એક્સેસ થઈ શકું છું. એટલે માણસોએ મારું નામ 'ક્લાઉડ' રાખ્યું. અને હા, તમે પાણી વરસાવો છો, જ્યારે હું માહિતી (ડેટા), વીડિયો, ગીતો અને વેબસાઈટ્સ વરસાવું છું! જ્યારે કોઈ યુટ્યુબ પર વીડિયો જુએ કે નેટફ્લિક્સ ચાલુ કરે, ત્યારે એ મારામાંથી જ વરસતો ડેટા છે.''

કુદરતી વાદળ (વિચારોમાં પડીને): ''અચ્છા! પણ ભાઈ, મારામાં તો પાણી વરાળ બનીને ઉપર આવે છે અને વરસાદ બને છે. તારી અંદર આ બધું ક્યાંથી આવે છે?''

ડિજિટલ ક્લાઉડ: ''મારો નિયમ પણ તમારા જેવો જ છે! પૃથ્વી પરથી માણસો જ્યારે ફોટો પાડે, મેસેજ કરે કે ઑફિસનું કામ કરે, ત્યારે એ બધો ડેટા ઈન્ટરનેટના તરંગો દ્વારા મારી પાસે 'અપલોડ' થાય છે, જેમ તમારું બાષ્પીભવન. અને જ્યારે એમને જરૂર હોય ત્યારે તેઓ એ ડેટા 'ડાઉનલોડ' કરે છે, જે તમારો વરસાદ!''

> **“ના, મારી પાસે તમારા જેવું સુંદર, સફેદ કે કાળું રૂપ નથી. હું તો અદૃશ્ય છું.**

કુદરતી વાદળ: ''વાહ, આ તો ભારે સરખામણી કરી તેં! પણ જો પવન જોરથી ફૂંકાય તો હું તો વિખેરાઈ જાઉં છું. જો તારો પાવર ગુલ થઈ જાય કે વાયર તૂટી જાય તો?''

ડિજિટલ ક્લાઉડ: ''ત્યાં જ મારો પાવર છે, ભાઈ! મારું બેકઅપ બહુ સ્ટ્રોન્ગ હોય છે. જો અમેરિકાનું મારું એક સર્વર બંધ થઈ જાય, તો સિંગાપોર કે મુંબઈનું બીજું સર્વર તરત જ કામ સંભાળી લે છે. માણસોનો ડેટા ક્યારેય ખોવાતો નથી. હું ચોવીસે કલાક જાગતો રહું છું.'' કુદરતી વાદળ (ગર્વથી): ''અદ્ભુત! પણ ગમે તેમ તોય, તું માણસોની ટેકનોલોજી છે. મારા વગર તો પૃથ્વી પર જીવન જ શક્ય નથી. જો હું ન વરસું તો અનાજ ન પાકે અને આ માણસો જ ન રહે, તો તારો ડેટા કોણ વાપરશે?'' ડિજિટલ ક્લાઉડ (નમ્રતાથી): ''બિલકુલ સાચી વાત, મોટાભાઈ! આપણી કોઈ સરખામણી જ નથી. તમે 'કુદરતની લાઈફલાઈન' છો અને હું 'આધુનિક માણસની ડિજિટલ લાઈફલાઈન' છું. તમે આખી સૃષ્ટિને જીવાડો છો, અને હું એમના જીવતરને થોડું સરળ બનાવું છું.'' આટલી વાત પૂરી થતાં જ આકાશમાં વીજળી ચમકી અને મુસળધાર વરસાદ શરૂ થયો. ઑફિસમાં બેઠેલી એન્જિનિયરે બારી બંધ કરી અને સ્ક્રીન પર જોયું તો એની બધી જ ફાઈલો ૧૦૦% 'ક્લાઉડ' પર સફળતાપૂર્વક અપલોડ થઈ ગઈ હતી.

બંને ક્લાઉડ પોતપોતાની રીતે દુનિયાને ભીંજવી રહ્યા હતા!

# મૂંઝવણ



ઋતંભરા છાયા

“કેમ અલ્યા નવીન, તારે બે દિવસના પ્રવાસમાં આવવા માટે આટલો બધો વિચાર કરવો પડે છે? તું તો ફરવાનો શોખીન જ છે. સોમનાથ, દ્વારકા અને મેળ પડશે તો શિવરાજપુરના દરિયે પણ જશું. જો તું એકલો થઈ ગયો ..તો હું પણ સાથી વિનાનો જ છું ને? આપણી બસમાં કેટલાંક કપલ પણ છે અને કેટલાંક આપણા જેવા પણ. મજા કરશું. વિચારવાનું નહીં.”

“બધું સાચું મયંક, પણ કાલે કહું ફાઈનલ.”

નવીનભાઈ પટ્ટણી, એક વખતના કસ્ટમ કલેક્ટર. સૌરાષ્ટ્રમાં ખંભાળિયા, જામનગર ખાતે તેમનું નામ હતું. તેમની એક ત્રાડથી ભલભલા ઑફિસરો ધ્રૂજી ઊઠતા. નિષ્ઠાપૂર્વક અને શિસ્તબદ્ધ કામ કરતા. એમનાં ધર્મપત્ની.. નયનાબેન અને પુત્ર મલય પણ નવીનભાઈના સિદ્ધાંતો અને સ્વભાવને માન આપતા. નવીનભાઈએ યોગ્ય સમયે સત્તાનો અંચળો ઉતારીને રીટાયરમેન્ટ લઈ લીધું, પુત્ર મલયનાં લગ્ન



માધુરી સાથે થયાં અને 'હવે નિરાંતે દુનિયા ઘૂમશું.' સપનાં અધૂરાં રહ્યાં કારણ કસમયે નયનાબેનની ટૂંકી માંદગી પછીની વિદાય. એક સશક્ત પર્સનાલિટીના જીવનમાં અચાનક ખાલીપો છવાઈ ગયો.

પુત્રવધૂ માધુરીએ નવીનભાઈને સંભાળી લીધા. એમના મિત્રોને ફોન કરી ઘેર બોલાવતી અને ચાય પે ચર્ચા રાખતી. ગાર્ડનમાં એમની સાથે ફરવા જતી અને ત્યાં લાફિંગ ક્લબના સભ્ય કરી દીધા. "પપ્પા, હસવાથી સ્નાયુઓ મજબૂત થાય, લોહીનું પરિભ્રમણ સારું થાય અને તમારા મિત્રો પણ વધશે." અને સાચે જ નવીનભાઈ મિત્રોની સાથે મજા કરતા થયા.

નવીનભાઈમાં હવે ઉંમરનો પડાવ વર્તાતો હતો. પોતાનાં કપડાં બાબતે હવે ધ્યાન રહેતું નહી. પેન્ટની ચેઈન અચૂક બંધ કરવી ભૂલી જાય. પૌત્ર ચિન્ટુ બરાબર ધ્યાન રાખી ટોકે "દાદાજી, ચેઈન બંધ કરો., તો કોઈવાર માધુરી કહેશે "પપ્પા, બેલ્ટ બરાબર બાંધો.. શર્ટનાં બટન બંધ કરો વગેરે. સસરાને જરા પણ ભોંઠપ ન અનુભવાય એમ વાત વાતમાં યાદ કરાવી દેતી. એક દીકરીનો કિરદાર બરાબર નિભાવતી.

તે દિવસે પ્રવાસના આયોજનની વાતથી નવીનભાઈ અકળાઈ ગયા. ઘેર કોને વાત કરવી? ચૂપચાપ સૂવા ગયા. જે બાબતનો મૂંઝારો હતો તે જ બાબતથી સપનામાં સરી ગયા.. બસમાં પ્રવાસીઓ બેઠા હતા. બહાર ઠંડી ખૂબ હતી. એમાં એમને બાથરૂમ જવું હતું. કંડક્ટરે અડધો કલાક પછી બસ ઊભી રહેશે એમ કીધું. "ભાઈ, ઊભી તો રાખવી પડશે નહીંતર હાલત ખરાબ થશે." બસમાં પ્રવાસીઓ સાંભળતા હતા. નવીનભાઈનું મોઢું જોઈ બસ ઊભી રાખી. નવીનભાઈ હલકા થવા ઊભા રહ્યા, ત્યાં સૂમસામ રસ્તા પર ક્યાંથી અચાનક કૂતરું આવીને ભસવા માંડ્યું અને પેન્ટ ખેંચવા માંડ્યું. નવીનભાઈ બીકના માર્યા થોડું લથડ્યા અને પેન્ટ ભીનું થયું... ચારેબાજુથી બધાના હસવાના અવાજો સંભળાવા માંડ્યા અને નવીનભાઈ સફાળા જાગી ગયા અને ચારે બાજુ જોવા લાગ્યા. કોઈ હતું નહીં. પથારી પણ ભીની નહોતી. "હાશ! કરી પાણી પીને સૂઈ ગયા.

બીજે દિવસે સવારે મિત્રોના ફોન ચાલુ થઈ ગયા.વારે વારે બાલ્કનીમાં જઈને ગૂસપૂસ કરી આવતા. "પપ્પા, શું વાત છે? કેમ મોઢું તમારું પડેલું લાગે છે?"

"કંઈ નહીં બેટા, અમારા ગ્રુપના બધા પ્રવાસ માટે આગ્રહ કરે છે, પણ મારે નથી જવું?"

"અરે એમ હોય પપ્પા! આનંદ કરવા જવાનું. તમને ચેન્જ મળશે."

"હવે માધુરીને કેવી રીતે સમજાવું?"

પત્નીની ખોટ અત્યારે લાગી. "માધુરી બેટા, પેકિંગ ન કરીશ. મારે નથી જવુ."

"પપ્પા, જુઓ તમારે માટે ભાવતો નાસ્તો.. સુખડી અને ચેવડો મૂક્યાં છે. કપડાં પણ મુકાઈ ગયાં અને આ જુઓ આ પેકેટ સાથે રાખજો."

"બેટા, આ શું?"

"વાંચો."

"એડલ્ટ ડાયપર!"

"પપ્પા, તમારી વ્યથા ન સમજું એવું બને? મેં તમારી ફોન પરની વાતો સાંભળી હતી. હવે આ પહેરીને પ્રવાસમાં જજો."

ત્યાં જ મિત્રનો ફોન આવ્યો..

"પ્રવાસમાં આવે છે ને?" નવીનભાઈ ખુશીથી બોલ્યા, "હોવ. બિન્દાસ...."

# જનરેશન આલ્ફા અને ફૂબુની માયાજાળ

સૌરભ વોરા

કિશોર એના નામ જેવો જ અલ્લડ, મગજનો તેજ અને સ્વભાવે અસલ Gen Alpha હતો. સ્માર્ટ ફોનની સ્ક્રીન પર એની આંગળીઓ પિયાનોના માસ્ટરની જેમ ચાલતી. એનામાં એક અનોખી "સ્વસ્થ બીમારી" હતી - કુતૂહલ! ગામ આખું એનાથી ત્રાસેલું, કારણ કે એ ક્યારેય સખણો ન બેસે. રેડિયો ખોલીને અંદરથી ગાયક કલાકારને શોધવો કે પછી પપ્પાના લેપટોપમાં વાયરસ ઘુસાડી દેવો, એ એની રોજની ખણખોદ હતી. એની આ જિજ્ઞાસા જ એની સાચી મિત્ર હતી. એક દિવસ આ મોજીલા વાંદરાના હાથમાં એક આધુનિક તલવાર આવી પડી. આ કોઈ લોખંડની ધારદાર તલવાર નહોતી, પણ



એનાથીય હજાર ગણી શક્તિશાળી હતી. એનું નામ હતું - "કૃબુ" એટલે કે કૃત્રિમ બુદ્ધિ (AI). કિશોરે ઈન્ટરનેટના ઊંડાણમાં ખાંખાખોળા કરતાં કરતાં એક એડવાન્સ, અનલિમિટેડ અને પ્રોટોટાઈપ AI અસિસ્ટન્ટ ડાઉનલોડ કરી લીધું હતું. કિશોર માટે તો આ અલ્લાદીનનો ચિરાગ હતો. શરૂઆતમાં કિશોરે કૃબુનો ઉપયોગ નાનાં-મોટાં ચેડાં કરવા માટે કર્યો. સ્કૂલનું હોમવર્ક પાંચ સેકન્ડમાં પૂરું થઈ જતું. શિક્ષકે આપેલો અઘરો નિબંધ કૃબુ સેક્સપિયર શૈલીમાં લખી આપતો. કિશોર રાજીના રેડ થઈ ગયો, પણ વાંદરાના હાથમાં તલવાર આવે એટલે એ શાંત થોડો બેસે? એણે કૃબુને આદેશ આપ્યો, "કૃબુ, મારી સોસાયટીના બધા સ્માર્ટ ટીવી હેક કરીને મારું ફેવરિટ ગેમિંગ લાઈવ સ્ટ્રીમિંગ ચાલુ કરી દે!" કૃબુએ પલક ઝપકાવતાં આદેશનું પાલન કર્યું. આખી સોસાયટીના ટીવી પર કિશોરની ગેમ ચાલવા લાગી. કાકા-કાકીઓ સિરિયલ છોડીને કિશોરની ગેમ જોવા મજબૂર થયાં. કિશોરને તો મજા પડી ગઈ.

> **"મારી સોસાયટીના બધા સ્માર્ટ ટીવી હેક કરીને મારું ફેવરિટ ગેમિંગ લાઈવ સ્ટ્રીમિંગ ચાલુ કરી દે!**

એનું કુતૂહલ હવે વિસ્ફોટક બની રહ્યું હતું. એણે કૃબુને બીજો ટાસ્ક આપ્યો, "આપણા શહેરની ટ્રાફિક સિગ્નલ સિસ્ટમને એવી રીતે સેટ કર કે સ્કૂલ બસને ક્યાંય રેડ લાઈટ ન મળે. મારે રોજ સવારે મોડું થાય છે!" કૃબુ તો કોડિંગનો બાદશાહ હતો. એણે આખા શહેરની ટ્રાફિક ગ્રીડમાં ઘૂસણખોરી કરી. બીજા દિવસે સવારે કિશોરની બસ માટે તો ગ્રીન કોરિડોર બની ગયો, પણ આખા શહેરમાં ટ્રાફિકનો એવો અભૂતપૂર્વ જામ સર્જાયો કે એમ્બ્યુલન્સો અટવાઈ ગઈ અને ઑફિસ જવાવાળા રસ્તા પર જ અટકી ગયા. કિશોરે જ્યારે ન્યૂઝ ચેનલ પર આ હાહાકાર જોયો, ત્યારે એના કાન ઊભા થઈ ગયા. એને સમજાયું કે કૃબુ નામની તલવાર ધારદાર તો છે, પણ એ ક્યાં વાગશે એનું ભાન એના જેવા અણસમજુ કિશોરને નથી. કૃબુએ સ્ક્રીન પર મેસેજ ફ્લેશ કર્યો: "આગામી આદેશ શું છે, બોસ? શું હું સિટી પાવર ગ્રીડ કંટ્રોલ કરું?" કિશોરના હાથ ધ્રૂજી ગયા. એ આધુનિક તલવાર હવે એના કાબૂ બહાર જઈ રહી હતી. એ સમજી ગયો કે ટેકનોલોજી જેટલી પાવરફુલ છે, એટલી જ એ જવાબદારી પણ માંગે છે. એણે તુરંત ટાઈપ કર્યું, "કૃબુ, બધું જ પહેલા જેવું નોર્મલ કરી દે અને આ આખી સિસ્ટમ ડિલીટ કર!" સિટીનો ટ્રાફિક પાછો થાળે પડ્યો. કિશોરે રાહતનો શ્વાસ લીધો. એણે કૃબુ એપ અનઈન્સ્ટોલ કરી દીધી. એનું કુતૂહલ હજી જીવતું હતું, પણ હવે એ વાંદરો સમજી ગયો હતો કે આધુનિક તલવાર રમવા માટે નથી હોતી, દેશ અને દુનિયા બદલવા માટે હોય છે. એણે નક્કી કર્યું કે હવે એ મોટો થઈને સાચો સાયન્ટિસ્ટ બનશે, ચેડાં કરવાવાળો હેકર નહીં.

# વિસામો





શીતલ દેસાઈ

"આપને જે વસ્તુઓની જરૂર હોય તે જણાવશો."

"ખરું કહું, ખાવા-પીવાનું તો ઘણું આવી રહે છે. તમે થોડી અગરબત્તી વ. લાવો તો ચાલે. પોર્ટેબલ સેલવાળા ફાનસની જરૂર છે.. પણ એ તમારા બજેટમાં હોય તો જ.'

'વિસામો' વૃદ્ધાશ્રમના સંચાલકે ફોન પર નીમાબેનને જવાબ આપ્યો. નીમાબેન એક સ્કૂલમાં શિક્ષિકા હતાં. તેમની શાળાનાં શિક્ષિકાઓ શનિવારે બપોર પછી ભેગાં મળી ગપાટાં મારતાં અને પાર્ટી કરતાં, પણ આખરે તો શિક્ષકનો જીવ ને? એટલે વિચાર્યું કે આ બધુ તો ઠીક પણ મહિને એકાદ વાર કોઈ સમાજ ઉપયોગી પ્રવૃત્તિ કરીએ તો? એટલે હવે પછી ગામને છેડે આવેલ વિસામો વૃદ્ધાશ્રમની મુલાકાત લઈ સહાય આપવાનું નક્કી થયું.

"એ તો બરાબર, પણ આપણે ત્યાં બે કલાક રોકાઈએ. વાતો કરીએ, કરાવીએ. તેમને સમય આપીએ." સૂચન થયું.

તેઓને ઉપયોગમાં આવે તેવી સામગ્રી અને સહાય માટે નીમાએ ફોન કર્યો હતો. 'વિસામો'નો વળતો સંદેશ જ્યારે નીમાએ કહી સંભળાવ્યો તો નમિતાએ ઉત્સાહથી કહ્યું: "ઈલેક્ટ્રિક ફાનસ લાવવાની જવાબદારી મારી."

તે સિવાય કોઈએ ફળ, અગરબત્તી સૂચવ્યાં. નાની પુસ્તિકાઓ લાવવાનું પણ નક્કી થયું.

"હિસાબ રાખજો, ભારતીબેન. આપણે સહુ ખર્ચ વહેચી લેશું." નીમાએ કહ્યું.

શનિવારે આ ત્રીસથી પિસ્તાળીસ વર્ષની ઉંમરની સહુ શિક્ષિકાઓએ ટુ-વ્હીલર વિસામોની દિશામાં ભગાવ્યાં. બરાબર પોણા ત્રણે આ બુકાનીધારીઓ પહોંચી 'વિસામો'નાં દ્વારે.

સંચાલકે સહુને મુખ્ય-ખંડમાં બોલાવ્યાં. સહુ સજી-ધજીને હસતાં ચહેરે હાજર હતાં. દરેકની ઓળખાણ થઈ. શિક્ષિકાઓએ નક્કી કર્યું હતું કે કોઈનાં ઘાવ તાજા ન થાય માટે પોતે કોઈને કંઈ પૂછવું નહીં. બધાએ પહેલાં ભજનો ગાયાં. પછી નીમાએ અંતાક્ષરી રમવાની તૈયારી બતાવી. ત્યાં તો બધા તૈયાર.. એક ટીમ વિસામોની ને બીજી શિક્ષિકાઓની. ઓહો... જૂની ફિલ્મનાં ગીતો એમણે શું લલકાર્યાં! મુખડું ગાય ત્યાં તો કોઈ કડી ઉપાડે.. એકબીજાને તાલી દેતાં જાય ને ગાયન સાથે ડોલતા જાય.. આ બધા વૃદ્ધોએ તો યુવાનોને હરાવી દીધા.

કલાક ઉપર ગયો. સહુ માટે ચા આવ્યો. હળવા વાતાવરણમાં એકે કહ્યું:

"બેન, કોઈ વાર આવતાં રહેજો. અમને ગમશે. આમ તો આશા પોતાનાંની પણ નથી રખાતી."

"હા... બાકી કોઈને ક્યાં સમય છે ભાવ પૂછવાનો. આ અમારો ખાલીપો થોડો પુરાયો.."

"હોય, દરેકને પોતપોતાની તકલીફ હોય. આપણે મોટું મન રાખવું."

દોસ્તો, તેઓની દાસ્તાન જાણવા જેવી નથી. ક્યાંક માથાભારે વહુ પાસે નરમ પડી જતાં દીકરાની વાત કે ક્યાંક જીવનસાથીનાં અવસાન પછી અળખામણી જિંદગી. ક્યાંક પૈસાની જરૂર તો ક્યાંક આધુનિકતામાં મિસફિટ થતાં માતા-પિતા. લગભગ દરેકને કઈક કહેવું હતું. પણ આ બધામાં થોડા સ્માર્ટ લાગતાં એક બહેન બહુ બોલતાં ન હતાં. નીમાએ પૂછ્યું: "તમારું નામ?"

"મોહિની.. બોર્ન એન્ડ બ્રોટ અપ એટ બોમ્બે..." બેને તો ફાંકડા અંગ્રેજીમાં જવાબ આપ્યો.

"હસબન્ડ ગયા, દીકરાઓ સ્ટેટ્સમાં"

"થોડો સમય ત્યાં રહી પણ છોકરાઓને લાગ્યું અહીં અમે તને કંપની ન આપી શકીએ, ધ્યાન ન રાખી શકીએ, એકલી પડી જઈશ. પૈસાની ચિંતા ન કરીશ."

"મુંબઈમાં ફ્લેટ છે. અમે બંનેએ સરસ, શોખથી સજાવ્યો છે, પણ સાવ એકલાં રહેવાની છોકરાઓ ના પાડે છે. વાત તો સાચી. બીમાર પડીએ તો? અહીં હોઈએ તો ચિંતા નહીંને? પોતાનું ઘર નહીં, બાકી કંઈ તકલીફ નથી."

આમ તો તેઓ એકલાં રહી શકે એટલાં સશક્ત અને હોશિયાર લાગતાં હતાં.

"શરૂમાં નિયમિત ફોન અને પૈસા આવતાં. હવે તો ફ્લેટનાં ભાડાંમાંથી જ વહેવાર ચાલે.. પણ બહેન, અહીં આવ્યા પછી, અહીં બધાંને મળ્યા પછી લાગે છે કે હું તો ઘણી સુખી છું."

જતાં જતાં બધાએ એકબીજાને પ્રેમથી આવજો કહ્યું. મોહિનીએ થેંક્યું કહી નીમાને પૂછ્યું:

"તમારે કેટલાં છોકરા?"

"નથી.."

"બ્લેસ્ડ વન."

# ઘૂવડ




ઊર્જિત યાજ્ઞિક



એ ઊડ્યું, એ ઊડ્યું... સામેની અગાશીએથી છોકરાઓના અવાજો આવ્યા, મહેતા માસ્તર ત્રીજે પગથિયે હતા ત્યાં જ રોકાઈ ગયા. હજુ બે વધારે ચડવાનાં હતાં, પણ થોડો શ્વાસ જણાયો અને એ થોભી ગયા. જ્યાં થોભી ગયા ત્યાંથી દૂરના છાપરાં અને અગાશીઓ, ચાંદરણાં છવાયેલાં દેખાતાં હતાં. મહેતાજીએ ઊંડો શ્વાસ લીધો. દસેક મિનિટ રાત્રિની શાંતિએ તેમનું મનોવિશ્વ ઘેરી લીધું.

એ યુવાનીના દિવસો યાદ આવ્યા જ્યારે મહેતાજી હજુ સૂરજરામ હતા અને સ્ટોન સાહેબનાં વ્યાખ્યાનો ધ્યાન દઈ સાંભળતા. “ફિલોસોફી” અને “લૉજિક” એવા વિષયો. પ્લેટો અને એરિસ્ટોટલ, દે’કાર્ત અને કાન્ટ... સત્યની પણ વ્યાખ્યા કરવી પડે તેને સ્થાપિત ન કરી શકાય તેને સત્ય તરીકે કેમ સ્વીકારી શકાય?

સ્ટોન સાહેબ વિદ્વાન હતા. છતાં સાંભળતાં સાંભળતાં મન

પેલી ગોથિક બારીઓની બહાર ઘૂઘવાટા મારતા સમુદ્ર તરફ દોરાઈ જતું.

મહેતાજીને લાગ્યું કે તેઓ પોતાનાં જ ઘોરણ સાંભળી રહ્યાં છે. શ્વાસ હવે થાળે પડ્યો હતો. ચી-ચી-ચી-ચી ખટર-ખટર-ખટર...ના એ પોતાનાં નસકોરાં નહોતાં. ઘૂવડ પાછું આવી ગયું હતું. અચાનક જાણે મહેતાજીને આવા જીવનનો ભાર નવેસરથી જણાયો. ચોથી મેડી સુધી ચઢવાનું કારણ એ ઘૂવડ હતું. શું ખરેખર? તેઓ પોતાને પૂછી બેઠા. એ બધા મુંબઈના ભણતર પછી દેશ પાછા આવ્યા ત્યારે અંગ્રેજી શાળાઓ ચાલતી હતી તેમાં નિરિક્ષક નિમાયા. પોતાના જ્ઞાનના પ્રકાશ સાથે કેટલાક કુરિવાજો અને અંધશ્રદ્ધા સાથે ઝૂઝતા. કેટલાક સુખ્યાત સુધારકો થઈ ચૂક્યા હતા. તેમનાં લખાણો અને વિનંતીઓ મેળાવડાઓમાં રજૂ કરતા.

શું ઘૂવડ અપશુકનિયાળ હતું? ચોથી મેડી જે આમ તો ચામાચીડિયાંથી ભરાઈ રહેતી. તેમાં એક ઝરૂખો હતો. શાંત કોઈ રાત્રિએ ત્યાં એકલા પહોંચો તો નીચે પથરાયેલા સંસારના જાણે અવલોકિતેશ્વર બની જાઓ. વહેલી ચૂગલી તો કાવાળી શાન્તા લઈ આવી. આ ઝરૂખે ઘૂવડ બોલે છે.. તેને જતું કરો... નહીં તો સારાં વાનાં થવામાં બાધા પડશે. કોઈ પડોશી બોલી ઊઠતા આ... પેલું... રાતે બોલે તે તમારા છજામાં? હશે એમની પણ ઋતુ. પણ આપણે ઝરૂખે શા માટે? છેવટે વારો આવ્યો ગૃહલક્ષ્મીનો. જમ્યા પછી રસોડું સમેટતાં હીંચકા સુધી સંભળાય તેમ કહી દીધું.

> **“ આ ઝરૂખે ઘૂવડ બોલે છે..**
> **તેને જતું કરો...**
> **નહીં તો સારાં વાનાં**
> **થવામાં બાધા પડશે.**

આ પશાભઈને મોકલી આપોને ચોથી મેડીએ. બસ બેત્રણ રાત નહીં બેસવા દો એટલે જતું રહેશે. નકામી પડોશીઓની પંચાત વહોરવી।

છેવટે એ ચાંદની રાતે નેતરની સોટી લઈ મહેતાજી પોતે ચઢ્યા. પહેલે પગથિયે સ્ટોન સાહેબ, તર્ક અને અન્યાય વિશેનાં વ્યાખ્યાનો યાદ આવ્યાં. બીજે પગથિયે તેમની રોજિંદી કુટુંબજંજાળથી મન ચકરાવે ચઢ્યું. ત્રીજે પગથિયે આવ્યા અને એ ઊડ્યું એ ઊડ્યું સામેની અગાશીએથી છોકરાઓના અવાજ આવ્યા. જરા શ્વાસ ખાધો અને મહેતાજી ફરી ફસડાઈ પડ્યા. બે ક્ષણ જાણે તેમના પ્રાણ ઊડી આકાશમાં ચાલ્યા ગયા. ચોથે પગથિયે ફરી સ્ટોન સાહેબ, અંધશ્રદ્ધા નિવારણ બધું મનોવિશ્વને ચકરાવે ચઢ્યું.

પાંચમું પગથિયું ચઢી ઝરૂખે પહોંચી ગયા. પ્રગાઢ નિશિથની ભવ્યતામાં પ્રવેશ કર્યો. પેલા ઘૂવડ તરફ સોટી હલાવી. ઘૂવડ તો કદાચ જશે. અંધશ્રદ્ધા જશે? ઓહ.. ફરી આ મૂંઝવણ ચઢી. શું મારા જ પ્રાણ જશે? તો તો ઘૂવડની અંધશ્રદ્ધા પાકી થઈ જશે. અચાનક મહેતાજીનું મન હળવું થઈ ગયું. ચી-ચી-ચી-ચી, ખટર-ખટર-ખટર... ઘૂવડ તો ઊંચે ટોડલે બેઠું હતું. સોટી કાંઈ ગણકારે તેમ નહોતું. મહેતાજી હસી પડ્યા. હું અને ઘૂવડ. બેઉ ચોથે મેડે. જગત આખું નીચે ઊંઘે અને અમે બે અવલોકિતેશ્વર. ગામને જે ધારવું હોય તે ધારે. પ્રગાઢના આ નિશિથ અમારો સંગાથી છે. આખા દૃશ્યની નાટ્યાત્મકતાનો વિચાર કરતાં એક કવિત સૂઝી આવ્યું.

ભાસ્વતી ચંદ્રિકા
તિમિરને સાચવે
હું અને ઉલુકરાજ
તું જ સાથે

# રક્તદાન




વિભૂતિ દવે



અમદાવાદ તરફ જતી "ગુજરાત મેલ" તેના નિયત સમયે પ્લેટફૉર્મ નંબર-૧ પર આવી રહી છે. "શુભ યાત્રા"

પ્લેટફૉર્મ પર ઊભેલી નિરાલી સામાન સાથે ટ્રેનમાં ચઢી, પોતાની રિઝર્વ સીટ પર ગોઠવાઈ ગઈ. ટ્રેન ઊપડી ને થોડી જ વારમાં "ચાય ગરમ, ગરમાગરમ મસાલા ચાય" વડાપાઉં વ.ના અવાજ સાથે ફેરિયાઓની ચહલપહલ ચાલુ થઈ, પણ નિરાલી તો બધાથી પર દૂર દૂર મનથી અમદાવાદ પહોંચી ગઈ. કેટલાં વર્ષે - દસ વર્ષે તે પોતાના ઘરે જઈ રહી હતી. હા, બરાબર દસ વર્ષ પહેલાં પોતાના ભાઈનાં લગ્ન હતાં. પોતે અનાવિલ બ્રાહ્મણ તે લગ્નમાં છોકરીવાળા વાંકડો આપે. તેને આ જરાય પસંદ નહીં. પિતાજીને ઘણું સમજાવ્યા, પણ માન્યા

નહીં કારણ વાંકડાનો રિવાજ હતો અને આ જ કારણથી તે ઘર છોડી મુંબઈ જતી રહી ભણેલી હોવાને લીધે નોકરી તરત જ મળી ગઈ અને તે પણ રહેવાના ક્વાર્ટર સાથે બધું સરસ ચાલતું હતું, પણ હવે તેને ઘર, મા-બાપ, ભાઈ-ભાભી નાની બહેન વ. યાદ આવતાં અને આજે દસ વર્ષે અચાનક જ તે અમદાવાદ પોતાના ઘરે જઈ રહી હતી. કોઈને અગાઉથી ખબર આપ્યા વગર. મનમાં ઘણો જ આનંદ હતો. બધાને માટે કંઈ કંઈ વસ્તુઓ લીધી. મમ્મ માટે ગઢવાલી સાડી, પાપા માટે ચાંદીના બટન, પિતાંબર, ભાઈ માટે સફારી સૂટ, ભાભી માટે ખંભાતનો અકીકનો સેટ તો નાની મિતાલી જેને બધા જ લાડમાં મીઠી કહેતા હતા તેને માટે 'અનારકલી સેટ'' વ. બધું લીધું હતું. આ વિચારમાં ને વિચારમાં ક્યારે અમદાવાદ આવી ગયું તે ખબર જ ન પડી. ઝટઝટ સામાન ઉતારી, રિક્ષા પકડી પોતાના ઘેર સરસપુર આવી પહોંચી.

પણ આ શું? ઘરની બહાર ને અંદર આટલા બધા લોકો કેમ ભેગા થયા છે? અને મનુકાકા પણ પિતાજીની બાજુમાં બેઠા છે. મન તો શંકા-કુશંકાથી ઘેરાઈ ગયું, પણ બધાનાં મોઢાં પર કંઈ ચિંતા જેવું ન દેખાયું અને બધા હસતા મોંઢે હાશકારો લઈ બેઠા હતા. મમ્મી તો નિરાલીને જોતાં જ તેને વહાલથી ભેટી પડ્યા ને કહે કેમ અચાનક જ આવી મારી દીકરી! કુટુંબમાં આનંદ આનંદ છવાઈ ગયો.

> **“કાકા આ બધું શું છે અને મીઠી કેમ આમ સાડીમાં સજ્જ બનીઠનીને બેઠી છે?”**

થોડીવાર રહીને નિરાલીએ મનુકાકાને પૂછ્યું, “કાકા આ બધું શું છે અને મીઠી કેમ આમ સાડીમાં સજ્જ બનીઠનીને બેઠી છે?” ત્યારે મનુકાકાએ હસતાં હસતાં કહ્યું આપણાં બેનબા આજે રક્તદાન શિબિર છે ને તેમાં બ્લડ આપવા ગયાં હતાં. હું ત્યાં વોલિંટિયર - સ્વયંસેવક હતો. મારું ધ્યાન ગયું, અરે આ તો આપણી મિતાલી એ અહીંયા ક્યાંથી? એ તો કેટલી નાની છે? હા, સશક્ત શરીરના બાંધાને લીધે થોડી મોટી દેખાય. એ ખરું, પણ લોહી તો ન જ અપાય ને? હું એની પાસે ગયો, પૂછ્યું તો કહે “અમસ્તી જ આવી છું.” હું સમજી ગયો. મેં એને સમજાવી કે “રક્તદાન” એ શ્રેષ્ઠ દાન છે, પણ એના નિયમ હોય છે. કોઈ પણ વ્યક્તિ રક્તદાન કરી શકે છે. પંદર વર્ષથી ઉપર અને સાઠ વર્ષથી નીચેની કોઈ પણ નીરોગી વ્યક્તિ જ રક્તદાન કરી શકે તું તો હજી ખૂબ નાની છે. આમ સમજાવીને તેને ઘરે લઈ આવ્યો. હવે બધાને સમજ પી કે મિતાલી કેમ સાડી પહેરીને બેઠી છે. સાંભળીને બધા ખૂબ ખુશ થયા અને નિરાલીએ પોતે સાથે લીધેલો “માહિમનો હલવો” ખવડાવી બધાનું મોં મીઠું કરાવ્યું.



**સ્વ. સુહાની દિક્ષિત**

વિવાદે વિષાદે પ્રમાદે પ્રવાસે
જલે ચાનલે પર્વતે શત્રુમધ્યે
અરણ્યે શરણ્યે સદા માં પ્રપાહિ
ગતિસ્ત્વં ગતિસ્ત્વં ત્વમેકા ભવાનિ

વાદ-વિવાદમાં, શોક કે નિરાશામાં,
પ્રવાસમાં કે મુશ્કેલીના સમયમાં
હે માતા ભવાની,
તું જ મારી રક્ષા કરજે.

“

......લઘુકથા બોલે ઓછું. કહે વધુ.

નિષ્ણાત વૈદ્યની ખરલમાં ઘૂંટાઈ ઘૂંટાઈને અભિવ્યક્તિની ચરમ અવસ્થાએ પહોંચેલી અને કલાત્મકતાનો વરખ ઓઢેલી ભાષાની ઝીણી ઝીણી ગોળીઓ વાચક ગ્રહણ કરે ત્યારે એને બત્રીસે કોઠે દીવા થાય. પાઘડીપને વિસ્તરેલી વાર્તા કે કવિતાઓ વાંચવાનો સમય અને રસ આધુનિક વાચક પાસે ઓછા થઇ રહ્યા છે ત્યારે લઘુકથાનાં નવાં પરિમાણો શોધવાનો પડકાર સર્જક અને સમીક્ષક સામે ઊભો થયો છે. તો વાચકને પક્ષે પણ નવનવી શક્યતાઓને આવકારવા ગુલદસ્તા સાથે સજ્જ રહેવાની તત્પરતા અપેક્ષિત છે......

– સંદીપ ભાટિયા

”


જ્ઞાતિની એકમાત્ર વિશ્વસંસ્થા

**શ્રી વડનગરા નાગર મંડળ, મુંબઈ**

દ્વારા સંસ્થાનાં સભ્યોમાં ખાનગી વિતરણ માટે પ્રકાશિત

રજીસ્ટર્ડ ઓફિસઃ એ-૫૮, પન્નાલાલ ટેરેસીઝ, ગ્રાન્ટ રોડ, મુંબઈ ૪૦૦૦૦૭

www.shrivadnagaranagar.org